લવાજમ ફક્ત રૂ. ૨-૦-૦ — ૧૫૦૦ પૃષ્ઠ

ફુરસદનો સાથી.

(સીરીઝ નં. ૧)

મુંબઈમાં ત્રણ તરુણી.

અથવા. સુધારાનું ખરૂં અવલોકન.

પ્રથમ આવૃત્તિ.

લેખક.

મણીલાલ મગનજી દેશાઈ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વૈદ્ય ભગવાનલાલ ત્રિભુવન

સુબોધિની પ્રીન્ટીંગ પ્રેસ.

અન્નરગેટ કોટ મુંબઈ

કિંમત રૂ. ૦-૬-૦

મુંબઈમાં ત્રણ તરૂણી.*

પ્રકરણ ૧ લું.

એકાંતમાં આનંદ.

રાત્રીના નવ વાગવાનો વખત થયો છે, મંદ મંદ શીતળ પવન વાઇ રહયો છે, ચંદ્ર પોતાના રૂપેરી કીરણો પૃથ્વી પર નાંખી રહયો છે, મુંબઇમાં સેન્ડ-હર્સ્ટનો રાજમાર્ગ સીનેમેટોગ્રાફની વીજળીક લાઇટથી ઝગ ઝગી રહયો છે તથા ચોપાટીપર હવા ખાવાને

* આ વાર્તાનો વિષય ખાસ સ્ત્રીઓને યોગ્ય રાખ્યો છે, અને તેથી એના વાંચકો પોતાના કુટુંબના સ્ત્રીમંડળને એ વાર્તા વાંચવાને આગ્રહ કરશે એવી આશા છે અને સ્ત્રીઓ એને આનંદ પુર્વક વાંચશે તો આ લેખકનો આ અલ્પ પ્રયત્ન ફળીભૂત થશે. અસ્તુ લી. લેખક.

જતા આવતા લોકો અને બેન્ડના અવાજથી ગાજી રહ્યો છે. લોકોની ભારે આવ જા થઇ રહી છે, ટ્રામ, ગાડી, મોટર, અને સાઇકલો આગળ પગે ચાલતા રાહદારીઓને સીધે માર્ગે જવાનું ઘણું વિકટ જણાય છે, એ સેન્ડહર્સ્ટ રોડ ઉપર આવેલા નવી ફેશનના બીલ્ડીંગોમાં વીજળી કે ગેસની લાઇટનો પ્રકાશ ખુલ્લી બારી વાટેથી દેખાય છે, એ રસ્તા પર આવેલા એક મકાનના આગલા ભાગ—(બ્લોકમાં) માં ગેસનો ઝાંખો દીવો બળતો હતો, એક બારી સિવાય બાકી બંધ હતી. આ ખુલ્લી બારીમાંથી એક તરૂણ સ્ત્રી પોતાનું માથું ઉઘાડું રાખી બહાર ડોકીઉં કરતી હતી, તેનું ઝીણું વસ્ત્ર પવનથી આમ તેમ ઉડતું હતું, તેને યથાસ્થિત કરવાને કદી કદી પ્રયત્ન કરતી હતી અને તે ઘડીક આમ તો ઘડીક તેમ, વળી અંદર તો વળી બહાર, જોયા કરતી હતી, જે ઉપરથી એમ અટકળ કરી શકાય કે તે કોઇની રાહ જોતી હોવી જોઇએ ખરેખર એમજ. થોડીજ વારમાં કોટ પેન્ટલુન અને નેકટાઇ વિગેરેથી સજ્જ

થયેલોએક તરૂણ પુરૂષ સાઇકલપર બેસીને આવતો હતો તેના તરફ તેણે એકીટસે જોયા કર્યું. આ તરૂણ આ મકાન આગળ આવી થોભ્યો, સાઇકલપરથી ઉતરી અંદર ગયો એટલે તે તરૂણી પણ બારી બંધ કરી અંદર ગઇ.

હવે આપણને પણ અદૃષ્ય બની અંદર શું બને છે તે જોવાની જીજ્ઞાસા થાય છે.

તેઓ એક બીજાને આનંદ મૂખડે ભેટયાં. હસ્યાં અને ટેબલ આગળ પાસે પાસેની ખુરસીપર બેઠાં.

" કેમ નટવરલાલ, આજે મોડું થયું ? "

" વ્હાલી ચોપાટીપર ફરવા ગયો હતો ત્યાં એક ફ્રેન્ડ મલવાથી જરા રોકાણ થયું. વારૂ, કાન્તા તું દેશમાં કયારે જવા ધારે છે. ? "

" આવ્યા તેવાજ દેશમાં જવાની શું વાત કાઢી બેઠા ? મને દેશમાં જવાની વાત યાદ આવે છે ને બહુ ખેદ થાય છે, એ વાત જવાદો, જયારે જવાશે ત્યારે, કંઇ બીજી વાત કરો. "

"પણ ડીયર કાન્તા, તું તો જઇશ તો પછી તારી સાથે વધારે વાતચીત શું કામની; ખરૂં કહ્યું છે કે "પરદેશીની પ્રીત થોડા દિવસની"

"દેશમાં જઇએ એટલે પરદેશી થઈ જવાય, કેમ ? વાહરે વ્હાલા નટવર ! મને તો તમને છોડી જવા ગમતું નથી અને તેથી તો હું એ જવાની વાત છેડતી નથી. બાપાએ બોલાવી એટલે જવું તો જોઇએ, પણ જ્યારે મળ્યાં ત્યારેએ વિખુટા પડવાની વાત શું કામ કરવી ?—હાં-નટવરલાલ કાલે તમે રોમીઓનો પાઠ ઘણો મઝાનો ભજવ્યો હતો હો." કાન્તાએ વાત ફેરવી.

"પણ તે જુલીયટનો પાઠ ભજવવામાં ક્યાં ખામી રાખી હતીજ ? મને તારો ડેન્સ તો હજુ ચિત્તમાં રમ્યા કરે છે;"

"અરે, ડેન્સ તો શું પણ પેલી–ચુંબનની વાત ચિત્તમાંથી ખસ્તી ન હોય–" કાન્તાએ હસતાં હસતાં પ્રત્યુત્તર આપ્યો

"હા, હા, વ્હાલી, ખરૂં કહ્યું મને તેજ યાદ આવે છે. Thus from my lips by thine my sin is purged" આ શેક્સપીયરનું વાક્ય બોલી નટવરલાલે કાન્તને જોરથી ચુંબન દીધું.

"હવે તો ધરાયા ને?" કાન્તા હસી.

"તે હજુ કહી શકાય નહીં. પણ, વ્હાલી, તારી એક્ટીંગ માટે બધા પ્રોફેસરો સારી પ્રસંશા કરતા હતા અને તારા ડેન્સે અને મધુર અવાજે ખરેખર આખા ઓડીયન્સને તલ્લીન બનાવ્યા હતા."

"પણ તમે બન્યા હતા કે નહિ?"

"હું—? જ્યારે તું.

Good pilgrim, you do wrong, your hand too much which mannerly devotion shows in this,

That saints have hands that pilgrim hand do touch.

And palm to palm is holy palmers'

kiss. એ વર્સ (verse) બોલી તે વખતે "હું પોતે નાટકની સ્ટેજ પર છું" એ તો તદ્દન ભુલીજ ગયો હતો અને તારા ગુલાબી અધરના ચુંબન માટે તલપાપડ થઇ રહયો હતો."

"પણ રોમીઓનો પાઠ કોઇ બીજા છોકરાને આપ્યો હોત તો તમે શું કરત વારૂ."

"મારો જીવ બળી જાત! પણ વ્હાલી! ત્યારે તું તારો પાઠ લેત ખરીકે?"

"વારૂ, પણ ત્યારે જુલીએટનો પાઠ કોઇ બીજી છોડીએ લીધો હત તો?"

"ત્યારે હું પણ પાઠમાં ઉતરત નહીં; તારે ખાતર તો મેં એ બધી મહેનત કરી નહીં તો હું જાહેરમાં તારૂં ચુંબન લેવાને કયે દીવસે ભાગ્યશાળી થાત?"

"કેમ"

"વ્હાલી, તને જે અપ્રિય છે તે મને વળી વાહ આવે છે?"

"શું?" "તારી દેશ જવાની વાત"

"અરે! ગે! પણ તેમાં શું! હું જઈશ ને પછી આવીશ."

"તું જશે ને આવશે, પણ પછી મારી નહિ. તારાં લગ્ન થશે અને તું—"

"પણ એ વખત આવવાને બહુ વાર છે, તેનું અત્યારથી શું! મન જાણે ગ્રેજ્યુએટ થયા પણ હુશીયારી ને હીંમત તો આટલીજ કે."

"પણ ત્યારે આ બધો આનંદ તો હવામાંજ હતી"

"હવામાં કેમ! તમને શું મારો અવિશ્વાસ છે? આપણે કદી છુટાં પડીશું નહિ એની ખાત્રી રાખજો.

"કાન્તા તારી એ આશા વ્યર્થ છે. તું બ્રાહ્મણ હું વણિક; પછી એમ કેમ બને!—પણ કાંતા, ડીયર કાંતા, Deny thy Caste and we shall marry."

"વહાલા, નટવર, આમ ઘેલા થાવ માં! તમે કહો છો તેમ કરવાથી જે સુખ કે આનંદની

આશા રાખતા હો તેના કરતાં આપણે છીએ એવીજ સ્થિતિમાં રહેવાથી વધારે સુખ કે આનંદ મળી શકે એમ છે ! આજ સુધીનો આપણો સંબંધ કોઇ જાણતું નથી તો હવે પછી પણ કોઇ જાણે એમ નથી. કદાચ જાહેરમાં બીજાની થઇશ પણ ખાનગી તો આપનીજ રહીશ.” કાંતા બોલતી બોલતી નટવરલાલને ગળે વળગી પડી અને તેના ખોળાપર તેના સામુ જોઇ હસ્તી ઢળી પડી. નટવરે આનો લાભ લઇ ‘પારકા માલને પચાવી પડીને—’ ચુંબનનો ઓર આનંદ લીધો.

“કાન્તા તું આવીજ કાંતા રહીશ કે?” નટવરલાલે તેના ગાલપર ટપલી મારતાં કહ્યું.

“વ્હાલા, જેવા નટવર, તેવી નટી, તમારો લવ હશે તો મારો લવ-(Love) એક્ષચેન્જ (બદલા) માં મળશે.” કાંતાએ ઉઠતાં ઉઠતાં જવાબ આપ્યો.

“વ્હાલી તારે માટે તો જરૂર કોઇ પુણ્ય કરતો હશે?”

“પુણ્ય કરતો હશે કે પાપ કરતો હશે તે તો

ઇશ્વર જાણે પણ તમારા કરતાં તે ઓછોજ ભાગ્યશાળી હશે."

"ઓછો તો શું પણ નહીંજ જેવો.! આ કમળનો જેવો સ્વાદ આ ભોગી ભ્રમરે લીધો છે તેવો તેના નસીબમાં નથી." નટવરે મોં મલકાવતાં કહ્યું.

"હશે, એ ભવિષ્યની વાત છે એ વાતનું અત્યારે શું કામ છે? વરૂ તમે બી. એ. પાસ થયા પછી શું કરશો.?"

"તારે શું કરવું છે?"

"મારે તો પરણ્યા પછી વાત.?"

"ત્યારે મારૂં પણ તેમજ.?"

"તમે કોની જોડે પરણુશો.?"

"તું કોની જોડે પરણુશ.?" ઉભય એક બીજાના પ્રશ્નનો ઉત્તર આપી શક્યાં નહીં એઉ ઉંડા વિચારમાં પડયાં અને વળી એક બીજાના સામું ટગર ટગર જોઇ હસવા લાગ્યાં.

"એનો જવાબ અત્યારે મળી શકે એમ નથી.

વારૂ તારા મુળ પ્રશ્નનો ઉત્તર એ છે કે મારે એલ. એલ બી. નો અભ્યાસ કરી વકીલાત કરવી છે અને તારે શું કરવું પડશે તે કહું કે ?"

"કહો" "તારે તો રસોઈ કરવી પડશે." નટવર હસ્યો.

"હવે મશ્કરી કરવી બસ કરો. આ રજામાં તમારે મુંબઈની બહાર જવું છે કે કેમ?"

"પિતાજીએ માથેરાન જવાને ફરમાવ્યું છે અને બનતાં સુધી કાલજ જવાનું થશે."

"ત્યારે હું પણ કાલજ જઈશ બાપા બહુ ઉતાવળ કરાવે છે."

"વ્હાલી, ત્યારે તો આપણો વિયોગ કાલે થશે આ સંયોગ કયારે થશે તે કહી શકાય એમ નથી."

"વ્હાલા. નટવર, પત્રદ્વારા આપણો સ્નેહ સંયોગ કાયમ રાખશો." કાંતાએ પત્રવ્યવહાર ચાલુ રાખવાનો સુચના કરી.

"વારૂ, તું પણ લખતી રહીશ. અરે, અગીઆર

વાગવા આવ્યા છે. ઠીક, ત્યારે હું જઉં છું. વ્હાલી ત્યારે ગુડબાય, નટવરલાલ ઘડીઆળમાં જોતાં જોતાં ઉઠયો; કાંતા પણ ઉભી થઇ અને નટવરલાલના પ્રશ્નના ઉત્તરમાં પ્રેમ કટાક્ષ કરતાં પોતાનો હાથ લંબાવ્યો અને અરસપરસ હસ્ત ચુંબન થયાં, અને નટવરલાલ જતાં જતાં બોલ્યો.

"વ્હાલી પેલા રોમીઓનો પાઠ મને આખી જીંદગીભર યાદ રહેશે અને તેનો વચનો મને અનુભવસિદ્ધ થાય છે. Realy (ખરેખર) Love goes towards love as school boys from
their books,
But love from love toward school
with heavy looks.

ઉભયે સ્હેજ સ્મિત કર્યું. નટવરલાલ અદૃષ્ય થયો કે કાંતાએ બારણાં બંધ કર્યાં અને લાઇટ બાળી ફરી, લુગડું બદલી પલંગપર ચતીપાટ પડી. થોડીવારસુધી કંઇ વિચાર વમળમાં ઝોકાં ખાવા લાગી અને તેથી ઉંઘ આવી નહીં. મનમાંથી

અટપટા વિચારોને દુર કરવા આમ તેમ આળોટવા મંડી અને નિદ્રાદેવીનું આવાહ્‌ન કરવા લાગી.

પ્રકરણ ૨ જું.

ભાભીનું ભાગવત.

વ્હાલા વાંચક! હવે આપણે મુંબઇનો મોટો રાજમાર્ગ તથા તેના મોટા મકાનો છોડીને સુરતની એક શેરી અને તેના લાંબા ઘરો તરફ જઇશું.

એક મોટા વિશાળ અને રંગીન ઘરની આગલી પરશાળમાં કેટલીક સ્ત્રીઓ ભેગી મળી હતી; તેમાં ત્રણ ચાર સ્ત્રીઓ તરૂણ હતી, બે ત્રણ વૃદ્ધ હતી, અને એક બે વિધવા હતી, કોઇ સાડીની કોરભરતી હતી, કોઇ કેનવાસ ભરતી હતી, કોઇ કપડાં શીવતી હતી તો વળી કોઇ દાણા વીણતી હતી, કોઇ શાક સમારતી હતી તો કોઇ નવરીજ બેઠી હતી; સૌ

પોતપોતાનાં કામો કરતી હતી અને વાતો કરી જતી હતી.

"કેમ, સુશીલા બેન, તમારી સરસ્વતી હમણાં બે ચાર દિવસ થયાં આ બાજુ આવતી જણાતી નથી?"

"હા, હમણાં કેમ કોણ જાણે શું થયું કે આવતાં નથી."

"કેમ કંઇ રીસાઇ છે શું?" એક ડોસીએ ખુલાસો માગ્યો.

"ના; ઘર આગળ કામ હશે તેથી ફુરસદ નહી હોય."

"અરે, ભાભીની મહેરબાની થઇ હોવી જોઇએ; બિચારી ભાભીથી નાસતી ફરતી હતી." એક વિધવાએ પોતાનો મત આપ્યો.

"સરસ્વતી કંઇ ભાભીથી નાસતી ફરે એમ નથી; એમતો બડી બહાદુર છે. કોઇથી હારે કે બીએ એવી નથી હોં." એક બીજી વૃદ્ધાએ હાથની એક્ટીંગ કરતાં કહ્યું.

"ના, ના, કાકીમા એમ નથી, સરસ્વતી સમજુ છે અને ગરીબ છે; બોલી બગાડે એવી નથી; ભાભીથી ડરતીએ નથી તેમ તેની જોડે લડતીએ નથી; વખત પર કહેવા જેવા એ શબ્દ કહે છે." સુશીલાએ સમાધાન કર્યું.

"રે! મારી સરસ્વતી કંઇ અણઘડ નથી, કોઇનું ભુંડુ ઇચ્છતી નથી. એ તો એની માના જેવી છે; એની માએ જેમ મારી સુશીલા વહુને સંભાળી લીધી અને સર્વ રીતે કેળવી તેમ સરસ્વતી તેની ભાભીને કેળવવા કોશેષ કરે છે; પણ નર્મદા તો નઠોર ને કઠોરજ રહી; બિચારા ભાણુનાં કરમમાં એવી નગુણી નાર મળી." સુશીલાની સાસુ અને સરસ્વતીની માતામહી (આજી) આટલીવાર સુધી શાંત બેઠી બેઠી ચોખા વીણતી હતી તેણે હતું તેવું કહી દીધું.

આમ વાતો ચાલતી હતી એટલામાં સરસ્વતી આવી લાગી અને ઘરમાં દાખલ થઇ અને બધાની ખબર પૂછવા લાગી. "કેમ, મોટી મા, સારાં છો? મામી મઝામાંછો? કેમ છો કાકીમા.?"

" કેમ, દીકરી, બે ચાર દિવસ જણાઇ નહિ."

" મોટી મા, ઘેર કામના દબાણને લીધે બહાર નીકળી શકાયું નહિ."

" સરસ્વતી બેન હવે તો ભાભી બહુ આગતા સ્વાગતા કરવા લાગી કે શું? નહિ તો મામીને કેમ ભૂલી જાઓ." સુશીલાએ હસતાં હસતાં કહ્યું.

" મામી, મશ્કરી કરોછો કેમ? મામીનેએ ન ભૂલાય અને ભાભીનેએ ન ભૂલાય.

" ભૂલીએ શું કામ! એ બેઉને તો જેટલાં નીચોવાય એટલાં નીચોવીએ." એક વૃદ્ધાએ પોતાને મન ગમતી વાત કરી.

" જાવ, જાવ, તમને તો સ્વાર્થની વાત લાગી છે પણ અમે તો સ્વાર્થ માટે સગાઈ કરતાં નથી. સગાઇ ત્યાં સ્નેહ રાખવો અને સ્નેહ ત્યાં સમાગમ રાખવો એવી અમારી રીત છે." સરસ્વતીએ ડોસીને શાબ્દિક લપડાક લગાવી.

" હજુ, વરબૈરી, અને નણંદ ભોજાઇ વચ્ચે ટપાટપી ચાલે છે કે? એક વિધવાએ ભાગવતનું પહેલું પાનુ ઉકેલવાનો પ્રયત્ન કર્યો.

"અરી—સરસ્વતી, ભાઇએ હવે ભાભીને બદલે બધો ઘરકારભાર તને સોંપ્યો શું ? કે આણી ગમ આવવાને નવરાશ પણ મલતી નથી. ?" એક નવરીએ વળી નવોજ મુદ્દો ઉઠાવ્યો.

"બેન, એવી નજીવી વાત શું કરો છો ! 'ચાર મળે ચોટલા તો ભાંગે ઓટલા' એના જેવું શું કરો છો ! ભાભીનું કામ ભાભી કરે, મારૂં કામ હું કરૂં ! ભાભી ઘરની મુખત્યાર છે; સૌસૌના ઘરનું સૌ સૌ સંભાળી લે તેમાં બીજાને શા માટે પંચાતીમાં પડવું જોઇએ ? તમારા ઘરની વાત તો અમે કાંઇ જાણવા નથી માંગતા, અને તમને અમારા ઘરની વાત જાણવાનું કેમ મન થાય છે ? બે ચાર બેનપણીઓ આમ મલીએ તો સારી સારી વાતો કરવાને બદલે આવી નકામી નિંદા અને ઘરભાંજક કુથલીઓ શા માટે કરવી જોઇએ." સરસ્વતીએ બધીઓને સીધું પકડાવી દીધું એટલે તે સૌનાં મોં ઉતરી ગયાં અને થોડીવાર વગર બોલ્યે બેસી રહી અને પછી ધીમે ધીમે પોત પોતાના ઘર ભણી પલાયન કરી ગઈ.

હવે ઘરમાં ફક્ત સરસ્વતી, તેની મામી સુશીલા, અને મોટી મા એટલાંજ રહ્યાં.

"સરસ્વતી બેન, સુંદરભાઇની તબીયત તો સારી છે ને?" તબીયત તો સારી છે પણ મામી, ભાભીના બેઢંગ સ્વભાવને લીધે ભાઇને બહુ દુઃખ થાય છે!"

"એવી કજાત મળે ત્યારે શું કરે!"

'પણ હવે સુદરદાસ તેને મારતો તો નથી ને! મારેથી શું વળે એમ છે!" મોટી મા દયા ભાવથી ગદ્‌ગદ્ કંઠે બોલી

"મેં ભાઇને ન મારવાને ઘણા સમ દત્યા છે અને જો કે તે સમજે છે પણ કોઇ કોઇવખત ભાભી તરફથી મળતા સામા વિચિત્ર જવાબથી તેનો મિજાજ જાય છે અને તેનાથી ગુસ્સાથી મારી પડાય છે પણ જ્યારે હું હોઉં છું ને ત્યારે તે પોતાના ક્રોધને સમાવેછે નહિં તો બીચારી નર્મદા ભાભી માર ખાય, બોલે, રડે અને આખરે શાંત રહે!"

"દીકરી! કાલે ભાઇને અહીં મોકલજે; હું તેને સમજાવીશ કે ગમે તેમ ચલાવી લે–લોકોમાં નબળી વાત ન ચર્ચાય તો સારૂં–લોકોને શું, તેને માટે ક્યાં

ક્યાં તાળાં દેવા જઇએ ! કોઇ કોઇ વખત નર્મદાને પણ તારી સાથે લેતી આવ્યા કર; કે તે તારા અને સુશીલા ના સમાગમથી કંઇ સુધરે અને સે સારના સારા અનુભવ લે, ”

“મોટીમા, હું એને ઘણું એ કહુંછું, પણ કંઇ કંઇ બહાનુ કાઢે છે અને આવતી નથી અને મારા આવ્યા પછી-એની પેલી સહીઅર-રાંડ જસોદા સાથે; દેવદર્શન કરવા બહાર ચાલી જાય છે અને પછી ગમે ત્યારે આવે છે એટલે ખાવાનું કરવાનો વખત સચવાતો નથી તેથી બાઇ ઘણા ખીજવાય છે.”

“ ત્યારે, બેન એમ કરો, તમેપણ સાથેસાથે દેવ દર્શને જાઓ એટલે વખતસર ઘેરે પાછાં આવી શકો. જો એને એ સ્ત્રીઓના સહવાસમાંથી છોડાવાય તો એ ઠેકાણે પડે એમ છે.”

‘ મામી, એક દિવસ મેં એમજ કરવા ધાર્યું હતુ પણ તે દિવસેએ પેટમાં દુ;ખવાનું બહાનું કાઢી જવાનું માંડી વાળ્યું એટલે હું મારે અહીં આવતી રહી. ”

"ત્યારે તો દરરોજ એમ કરની કે એને મેળે જતી બંધ થાય!"

"મોટીમા હા, હવે હું એમજ કરીશ એને લઇનેજ હું અહીં કે ગમે ત્યાં આવવા જવાનું રાખીશ પણ મને ભય છે કે એ ત્યારે મારી સાથે લડવાનું ચાલુ રાખશે અને પછી ન ફાવે ત્યારે ખસીયાણી પડીને રડશે."

"હશે—પછી વધારે આપણે શું કરીએ. જેને પોતાના સ્વાર્થનું ભાન નહીં તેની સાથે કેમ માથાં ફોડાય—પણ વારુ, કાલે સવારે ભાઇને મોકલજે અને સાંજના બને તો તમે બેઉ આવજો. થોડાક દિવસ તમને બધાંને અહીંજ રાખું એટલે પછી કંઇ વળે કે નહી તે જોઉં."

હમણાં લગભગ છ સાત વાગવા આવ્યા હતા. એટલે સુશીલા ઉઠીને ઘરમાં ગઈ અને ચાકરને દીવા સળગાવવાનો હુકમ કર્યો; સરસ્વતી અને મોટીમા પણ દીવા થયા એટલે અંદર ગયાં. સુશીલાએ સ્ટવ (વિલાતી ચુલો) સળગાવ્યો અને ચાહ તૈયાર કરી,

ઘણા દીવસે સરસ્વતી આવી હતી એટલે સુશીલાએ સરસ્વતી આગળ સ્નેહથી થોડીક મીઠાઇ ધરી; એક બીજાના આગ્રહથી ત્રણેએ થોડી થોડી મીઠાઇ લીધી અને ઉપર ચાહ પીધી. પાનસોપારી ખાધા પછી સરસ્વતી બધાંની રજા લઇને ઘર તરફ ચાલી.

અંધારૂં થવા આવ્યું હતું અને રસ્તાપરના દીવાઓ ઝીણો ઝીણો પ્રકાશ આપતા હતા. સરસ્વતીના પિતાનું ઘર મામાના ઘરથી ૧૦-૧૨ મિનિટના રસ્તા જેટલું દુર હતું ઘણું મોડું થઇ ગયું હતું અને નર્મદા બહાર ગઇ હશે ને આવી ન હોય અને ભાઇ રાહ જોતા હશે એમ ધારી ઝડપથી ચાલવા લાગી અને ઘર આગળ આવી પહોંચી. ઘરમાં દીવો સળગતો દીઠો એટલે તેને ધીરજ આવી કે ભાભી ઘરમાં છે પણ ઘરમાં દાખલ થતાં તેને કોઇ નજરે પડયું નહી અને અંદરથી તેને કાને કંઇ ન સમજાય એવો અવાજ પડવાથી તે ગભયલી ગભરાયલી અંદર દોડતી ગઇ અને ત્યાં જઇ આમ તેમ જોતી એકદમ અટકી અને બોલી ઉઠી-ભાઇ, ભાઇ, આ શું !"

પ્રકરણ ૩ જું.

નંણદ ભોજાઇ.

સરસ્વતી સાંજના જ્યારે મોસાળ ગઈ કે તરતજ નર્મદા પણ બારણા વાસી સખીઓ સાથે દેવ દર્શને માટે બહાર નીકળી પડી. બારણે તાળું જાણી જોઇને માર્યું નહિ. કારણ કદાચ સરસ્વતી કે સુંદરદાસ આવે તે અગાઉ ઘેર આવી પહોંચે તો તેના રજા વગર બહાર ગયાની ખબર થાય તેથી 'પડોશમાંજ હતી' એવું બહાનું કાઢવાનું ઠીક થઇ પડે માટે બારણાએ માત્ર સાંકળજ દીધી હતી.

સુંદરદાસ ઓફીસમાંથી આશરે છ વાગે ઘેર આવી પહોચ્યો અને બારણાં ઉઘાડી ઘરમાં પેઠો, કપડાં ઉતારી બહાર આવ્યો અને ભગિની તથા પત્નિની રાહ જોતો ઉભો. સુંદરદાસ એમ અનુમાન કરતો હતો કે કદાચ બેઉ આજે મામાને ત્યાં ગયાં હશે અગર ન-

ર્મદા આડોશ પાડોશમાં હશે પણ બહાર ગઇ નથી અને એ વિચારથી તેને આનંદ થયો પણ એટલામાં તો નર્મદા પોતાની બે ત્રણ બેનપણી સાથે આવતી નજરે પડી એટલે તેના આનંદનું ક્રોધમાં રૂપાંતર થઇ ગયું અને બડ બડતો ઘરમાં ચાલ્યો ગયો. નર્મદાએ સુંદરદાસને દીઠો કે તેની છાતી ધબકવા લાગી અને ઝડપથી સખીના ઘરમાં ભરાઇ ગઇ. તે એમ સમજી હતી કે તે પોતે સુંદરદાસની દ્રષ્ટિમાં પડી નથી તેથી તેણે પોતાના ગોઠવેલા બહાનાનું ચોકઠું મૂકી દેવાનો નિશ્ચય કર્યો. ઘડીક પછી લપાતી લપાતી ઘરમાં આવી અને દીવો સળગાવ્યો અને ઘરના બીજા કામે લાગી.

આણીગમ સુંદરદાસના હૃદયમાં ક્રોધાગ્નિ બળતો હતો તેણે નર્મદા પાસે ધીમે ધીમે જઇને પૂછ્યું. "ક્યાં ગઇ હતી, અત્યા સુધી શું કર્યું અને બારણે તાળું કેમ વાસ્યું હતું. ? તારો બાપ કોઇ અંદર પેસી ગયો હોત તો. ?"

" જરા જસોદાને ત્યાંજઈ બેઠી હતી, ગયાને થોડીજ વાર થઇ હતી ? ધોળે દિવસે કોણ પેસી જવાનું હતું. " નર્મદાએ સુંદરદાસની આંખમાં ધૂળ નાંખવાનો પ્રયત્ન કર્યો.

" વાત તો સાચી ! ! ધંધો તો ઠીક માંડયો છે ! બાપ દાદા, જુઠું બોલવાનોજ વારસો આપી ગયા લાગે છે ! "

"મારાં બાપદાદાનો વારસો નથી મળ્યો તેથીજ રોજ આમ ગુસ્સો કરો છો અને હાડકાં ભાંગો છો ને ? " નર્મદા આડી ફાટી.

" બસ, હવે તારી અક્કલનું એક્ઝીબીશન નહિ બતાવ, શું અને કેમ બોલવું તે જાણતી નથી અને લાંબી લાંબી જીભડી ચલાવે છે ? ગુનો કરવો છતાં જુઠું બોલવું અને પુછે ત્યારે આડી વાત. જેમ વધારે ધીરજ રાખીએ, અજ્ઞાન અને નાદાન જાણી 'છો' કરી જવા દઇએ તેમ વધારે માથે ચઢે ! આ- ટલો આટલો માર ખાય છતાં તારી જાત અને સ્વા-

થનું ભાન નથી. જેમ તેમ બેલવું અને નવરી સાથે ફરવા નીકળી પડયાં એટલે સંસાર બેડો પાર! હજી-એ કંઇ સમજ!"

"બેનને તો બહાર જવાની રઢ, અને મારે શુ ઘરમાં ચોંટાઇ રહેવું! જરાક બહાર ગઇ કે બસ ગુસ્સાનો પાર નહિ! અધેજ ઘેર આવા માટીડા હસે કે!" નર્મદાએ પુનઃ અવિવેકી ઉત્તર દીધો.

"ચાલ; બસ કર, હવે વધુ લવરી જવાદે! બેન કોઇની તાબેદાર નથી, તેને ઘરનો કંઇ ભાર નથી, તેમ તારી પેઠે તે બહાર ગમે ત્યાં રખડતી નથી, એને મોસાળ જાય છે અને ત્યંથી કંઈ સારૂંજ શીખી આવે છે અને તું તો આવી કમજાતજ રહી!"

"ત્યારે, ભલે હું રહી મારે કમજાત" નર્મદાએ રડવું શરૂં કર્યું. "કમજાત, હજાર વખત કમજાત. કામ વગર બહાર જવુ, દરરોજ બહાર જવું અને પુછીએ ત્યારે જુઠું બેલવું; અને બચાવમાં રડવું; આજ સુધી એ ચલાવી લીધું હવે મારાથી એ ન ખમાય—હરામખોર—કયાંથી એવાં મળ્યાં." સુંદરદાસે

નિઃસાસો નાંખ્યો.

" કરમ એવાં તમારાં ને મારાં ! "

" હાં-બહુ કે-" સુંદરદાસ ખીજવાયો અને આગળ વધી નર્મદાને એક તમાચો માર્યો. નર્મદા બૂમ પાડતી જમીનપર પડી અને માથું નીચું મૂકી રડવા મંડી એટલે સુંદરદાસે વધારે ખીજવાઇને લાત લગાવી એટલામાં સરસ્વતી અંદર દાખલ થઈ અને બૂમ પાડી ઉઠી.

" ભાઇ, ભાઇ, આ શું ! "

સુંદરદાસ શરમાઇ ગયો અને બોલ્યા ચાલ્યા વગર બહાર ચાલ્યો ગયો. સરસ્વતીએ નર્મદાને ઉઠાડી અને તેને છાની રાખવાને મહેનત કરી અને 'શું થયું' તે જાણવા માગ્યું પણ નર્મદાએ કશો ઉત્તર આપ્યો નહીં અને ત્યાંથી ઉઠીને ખાટલાપર સુતી અને ડુસકે ડુસકે રડવા લાગી.

સરસ્વતી નિરાશ થઇ ભાઇ પાસે ગઇ અને પૂછ્યું-"ભાઇ, શું થયું ! રોજને રોજ આમ શું કરો છો ? "

"બેન, એ વાત જવા દે; જા તું ખાવાનું કર; એ વાત કાઢી મારા જીવને વધારે નહીં બાળ!"

"ભાઇ, હું ખાવાનું હમણાં તૈયાર કરું છું; પણ આજે વળી શું થયું!"

"આજે કંઇ નવું નથી, એ તો રોજનું લાગ્યું."

"ભાઇ, એ તો ખરું; પણ તમે સમજુ છો છતાં તમેં રોજ આમ કરો એ તો ઠીક નહિ!"

"બેન, તે હું સમજુ છું, પણ મને ક્રોધ ઉત્પન્ન થવાનું કારણ આપે, પછી મારે શું કરવું; એના અ-જ્ઞાન માટે અને એને પડતા માર માટે પાછળથી મને ઘણી દયા આવે છે, પણ એને એની જાતનું ભાન નથી તો પછી બીજા શું કરે! નહીં કરવાનું કરીને અને નહી બોલવાનું બોલીને મારા અંતઃક-રણને નાહક સંતાપે છે. સરસ્વતી, એના સ્વભાવથી તું ક્યાં અજાણી છે. પણ બેન, આજથી પાણી મુકું છું કે એને અડકુંએ નહી અને એનું નામે ન લઉં."

"ભાઇ, તમે ભૂખ્યા થયા હશો હું હમણાં

ખાવાનું તૈયાર કરૂં છું અને તમે એ વાત વિસારે મૂકો અને જીવને કોઇ બીજી બાબતમાં નાંખી આનંદ આપતા રહો."

સરસ્વતી અંદર ગઇ અને મોડું થઇ ગયું હતું એટલે સઘડી સળગાવવાને બદલે સ્ટવ સળગાવ્યો અને રોટલી કરવાને બદલે પુરી કરવાનો વિચાર રાખ્યો. સ્ટવ ઉપર ઘી ગરમ થતું હતું એટલામાં ભાભીને મનાવવાને માટે તેની પાસે ગઇ તો નર્મદા પોતાના અંતઃકરણના ઉભરા કહતી જણાઇ, સરસ્વતી એક બાજુએ લપાઇને સાંભળવા લાગી.

"રાંડ પાછી તેનીપાસે ગઇ વળી કંઇ કંઇ ભેરવશે, બેન તારાથી થાય એટલું કર; મારો જીવ લેશે બીજું શું કરવાની! હું મરૂં તેમાં તું રાજી રહેજે. મારે પણ મરવુંજ છે. જીવવું શા સુખનું ને કોને માટે! રાંડ—જાણે કાંઈ જાણુતીજ નહોય એમ નોખીને નોખી રહે છે અને ઘરમાં કંઇ લેવા દેવા ન હોય તેમ વર્તે છે પણ ઉંદરની પેઠે બ.ભીનું સુખ કાતરવાનો ધંધો લઈ બેઠી છે પણ

કંઈ નહીં. કૃષ્ણ ભગવાન સાક્ષી છે બધાને તને પણ દેખાડશે—મારી શોક થઈ લાગી છે જાણે ભણી છે તે મારે મ:ટેજ કે શું ! મારાજ કાવાદાવા કરવાના મલ્યા—હશે—મારૂં જેવું નસીબ—"

સરસ્વતી આ સંભળી કંઇ બોલ્યા ચાલ્યા વગર પાછી ગઇ.

"ભાભીનું કાતરીયું ગેપ થયું છે; જો કંઇ બોલીશ તો પાછી જાદવાસ્થળી જાગશે અને ખાવાનું કરવાનું રહી જશે એની વાત સવારે." એવો વિચાર કરી પુરી કરવા બેઠી. પુરી તૈયાર કરી અને વખત થઇ ગયો હતો એટલે શાક કરવું માંડી વાળ્યું. પુરી, ગરમદુધ અને અથાણાં પીરસી ભાઇને ખવાડ્યું, ભાભીને ખાવા માટે બુમ પાડી પણ તે ઉઠી નહીં, સરસ્વતીએ ભુખ પ્રમાણે ખાઇને ભાભીને માટે જુદું ઢાંકી મુક્યું અને વાસણ વિગેરે સાફ કરી બિછાનાં તૈયાર કર્યાં. સુંદરદાસ સુઇ ગયો અને સરસ્વતી થોડીવાર કંઈક ગુથણ ગુંથીને સુતી. નર્મદા તો ક્યારનીજ ખાટલા-

પર પડી તે પડીજ અને ત્યાંની ત્યાંજ અવ્યવ્યસ્થિત રીતે ઉંઘાઇ રહી. જ્યાં આની પતિ હોય ત્યાં પતિને સુખે નિદ્રા કયાંથી આવે !

સવાર થયું, સૌ પથારીમાંથી ઉઠયાં, નર્મદા વહેલી વહેલી ઉઠી; સર્વેએ દાતણ પાણી કર્યાં અને પછી નર્મદાએ સઘડી સળગાવી ચાહ મુકી એટલે સરસ્વતીએ વાસીદું કાઢી નાખ્યું, નર્મદાએ ચાહ તૈયાર કરી અને સરસ્વતી આગળ મુગે મોંઢે બે કપ લાવી મુકયા. સરસ્વતી પણ શાન્ત રહી નર્મદા તરફ નીરખ્યા કરતી હતી અને તેનો મનોભાવ સમજી જવાથી તેને ખોટુ નહિ લાગે તેવી રીતે કહ્યું–' ભાભી, તેં રાતના ખાધું નથી એટલે ભુખ લાગી હશે. પુરી રહેલી છે તે લઇને ચાની સાથે ખા" એટલું કહી સરસ્વતી ચાહના બેઉ પવાલાં રકાબી લઇને ભાઇ પાસે ગઇ અને ભાઇ બેને સાથે ચા પીધી. નર્મદાએ પણ ચા સાથે ચાર પાંચ પુરીનો નાસ્તો કરી લીધો. ચા પીવાઇ રહી અને સુંદરદાસ સરસ્વતીના કહેવા પ્રમાણે મામાને ત્યાં

ગયો અને સરસ્વતીએ ચાનાં વાસણ માંજ્યાં.

હવે સરસ્વતીએ સુંદરભાઇની ગેર હાજરીમાં રાતની વાત કહી. "ભાભી, જાણે તું રાતના કાંઇ લવારો કરતી હતી; તે વારૂં ઉંઘમાં કે કેમ, ભાભી ?"

"ક્યારે, બેન" નર્મદાએ નમ્ર બની જવાબ આપ્યો.

"હું જ્યારે રાતના સ્ટવ સળગાવતી હતી ત્યારે"

નર્મદા સમજી ગઇ કે પોતાના બોલ સરસ્વતીના કાનપર પડયા હતા.

"સરસ્વતી બેન, મને કાંઇ ખબર નથી, હોય તો કદાચ ઉંઘમાં હોય."

"ખબર તે કેમ ન હોય! પણ, ઠીક, ભાભી, મેં તારૂં શું બગાડયું છે કે રાતના તું મારે માટે ન બોલાય એવાં વચન ઉચ્ચારતી હતી. મેં ભાઇને શું ભંભેર્યો અને હું તારી શોક કેમ બની! એવું એવું બોલતાં, ભાભી તારી જીભને કાંટા નથી ભોંકાતા !!" સરસ્વતીએ ધીમાં પણ હ્રદયભેદક શબ્દો કહયા.

" અલી. જોજે હાં, પછી શોભા પામશે. કાંટા ભોકાય તારી જીભને ! તને ખોટું ખોટું કહેતાં નથી કાંટા વાગતા !" નર્મદા બેનનો મિજાજ ગયો.

" મેં શું ખોટું કર્યું છે તેજ જાણવા માગું છું.'

" નણંદ થતી હોય તો વ્યવહારે ! પણ તેથી મારા વિરૂદ્ધ મારા ધણીને ઉશ્કેરવાનો તને શું હક્ક છે."

" પણ મેં શું કર્યું તે તો બતાવ" સરસ્વતી નર્મદા તરફ જોતી હસી.

" એમ હસીને શાહુકાર થવું હશે ! ભણેલાને હસતાં બહુ આવડે છે અને હસી હસીને લોકોનાં ઘર ભાંગતા કે લડાવી મારતાં બહુ આવડે છે ! કાલું કાલું બોલી ભાઇની વ્હાલી થાય છે અને ભાઇને પોતાના કરી લીધા છે. ?

" ભાભી, બહુ નહીં બોલીએ જાણ્યું ! ! ભાઇ તો મારાજ છે. મારા ભાઇ છે તો તું મારી ભાભી છે; હું ભાઇની વ્હાલી બેન છું તારામાં ડહાપણ હોય અને આવડત હોય તો તું પણ તારા ધણીની વ્હાલી ધણીઆણી થા ? પણ વિના વાંકે મને શું કામ કનડે

છે ? મારો કાંઈ ગુનો હોય તો બતાવ. ?

"તે તો—બતાવીશ રે—હું શું બતાવીશ, ઇશ્વર બતાવશે, બરોબર બતાવશે. પોતે તો બહાર ગમે ત્યારે ગમે ત્યાં ફરવું અને હું જરાક બહાર જાઉં કે ભાઇને ફરિયાદ કરવી ને ચઢાવવા. !"

"ભાભી હું કયાં બહાર ફરૂં છું ! હું ફક્ત જાઉં છું મામાને ત્યાં અને મામી સાથે શીખું છું કે વાતો કરૂં છું. તને પણ તેમ કરવાને કોણ ના પાડે છે. મામી તને દરરોજ બોલાવે છે અને કાલે તો મોટી મએ તને ખાસ તેડી લઇ જવાને કહ્યું છે પણ તને તો તારી જસોદા, રાધા તું અને રામકોર વિના ગમતું નથી; પણ તને કાંઇ ભાન નથી કે આપણાં સગાં સંબંધીને ત્યાં ન જઇએ તો પછી આપણે ત્યાં કોણ આવશે અને આપણું જે ભલું ઇચ્છે છે અને કરે છે તેની સાથે સ્નેહ સમાગમ કેમ ન રાખીએ ? જે વાત ભાઇને ગમતી નથી તે તું પહેલી કરે એ-ટલે ભાઇને ગુસ્સો કેમ ન આવે, જસોદા કેવી છે તે સૌ જાણે છે, ભાઇએ તને એની સાથે સંગ નહી

રાખવાની કેટલી વખત ના પાડી છે છતાં તું તેની સાથે આવ જા કરે છે, તેની સાથે ઘરની ચીજની આપ લે કરે છે અને તેનો હિસાબ ધ્યાનમાં રાખતી નથી અને વળી ભાઇ પૂછે ત્યારે ઉંધા જવાબ આપે એટલે ગમે તેવો શાંત માણસ પણ ખીજવાય. આવી અકલાગરી રહ્યાથી અને બેદરકારી રાખ્યાથી તથા આમ તેમ વિના જરૂરે બહાર ફરવાથી, તારો સ્વાર્થ બગડે, ઘરનું કામ બગડે, તારૂં બધુંજ બગડે અને લોકોમાં તારી વાત થાય. તો ભાભી! તને સુધારવાને ભાઇ કંઇ કહે તેમાં ખોટું શાનું લાગે અને વળી મારાપર ખોટો આરોપ શાનો ચઢાવે?

"ત્યારે શું મારે પ્રભુની ભક્તિ નહીં કરવી, શું કથા સાંભળવાએ ન જાઉં, શું દેવ દર્શન છોડી દઉં, જ્યારે ધર્મ ડુબ્યો ત્યારે રહ્યું શું! તમો ભણેલાંને તો ધર્મ જોઇએ નહીં, તમારે તો પોલકાં ચોળી, વિલાયતી સાડી, અને બુટ મોજાં પહેરી નાટક અને સભામાં જવું જોઇએ. પણ અમને તેમ ન પાલવે! તમારે લીધે હું મારાં સહીયારાં છોડી દઉ! તમે શું

જાણો કે જમાનો ખરાબ છે! તમારી બધી બહેન-પણીઓને પણ હું ઓળખું છું, તેઓ કેવી છે તે જાણું છું.!!"

સરસ્વતી નર્મદાનો લટકો તથા તેનાં ચઢતાં ભવાં નિરખીને મોઢાંમાં હસી પણ ગંભીર બનીને ઉત્તર આપ્યો—"ભાભી, ધર્મ પાળવો હોય તો ઘર આગળ ક્યાં પળાય એમ નથી, તારો ગૃહ વ્યવહાર નીતિથી ચલાવ, તારા પતિની બરાબર આગતા સ્વાગતા કર, ઘરનું કામ કાજ નિયમસર ઉપાડ, અને વિચાર આચાર ને ઉચ્ચારમાં નીતિ અને મર્યાદા રાખ—એજ તારો ધર્મ છે, એજ તારી ફરજ છે.

પ્રભુ તારા હૃદયમાં છે, દેવ તારા ઘરમાં છે, તારી સાથે છે અને કથા જે તારા દેવ એટલે પતિના મોઢેથી સાંભળ અને જો એ દેવને બરાબર પુજે તો તારો ઉદ્ધાર જલદીથી થાય તેમ છે. ભલે દેવદર્શન કે બીજા કામને માટે બહાર જાય પણ વખતસર ઘર આગળ પાછાં આવવું જોઇએ, અગર ઘરનાં વડીલની રજા લેવી જોઇએ, કારણ સ્ત્રીઓએ પહેલું

ઘર સંભાળવાનું છે. ભાઇ મારો થાય છે એ ખરૂં પણ ભાઇને મારા કરતાં તારી વધારે જરૂર છે. બેન ન હોય તો એ શું થયું પણ પતિતો જોઇએજ. હું તો કાલે ઉઠીને ચાલી જવાની પણ તારે તારૂં ઘર સંભાળવું હોય તો ભાઇ કહે તેમ કરતી રહે. તેનું સુખ તે તારૂં સુખ તે દુઃખી થાય તો તું એવડી દુઃખી થશે. ભાઇ કહેતા હતા કે ' મને તેની દયા આવે છે પણ તેના ઉદ્ધત શબ્દો તેની દયાને ખાઇ જાય છે. ' તો ભાભી તું તારા સ્વામિ સામું ગમે તેમ બોલે એ શું સારૂં લેખાય તું પુછે છે કે જસોદા કેવી છે ? પણ તને ખબર છે ? જસોદાની વર્તણુકથી તેનો પતિ સાધુ થઇ ગયો છે જસોદા પોતાના જેવી બધીએ ને કરવા માંગે છે માટે તેના થી ચેતેલી રહેજે—એનો વર સાધુ થયો છે અને બધા સાધુઓ એના—હશે, એ રાંડની વાત જવાદો પણ ભાભી તું જો મારૂં કહ્યું માને તો એની સંગત છોડ અને મારી સાથે મામાને ત્યાં આવતી રહે. ત્યાં આપણે મામાની મહેતીજી-તારા દેવી પાસે

થી કંઇ કંઇ શીખીશું અને સારી સારી વાર્તા સાંભળીશું અને વળી કોઇ કોઇ દિવસ બધાં દેવ દર્શન માટે પણ જઇશું. અને એમ કરશું તો ભાઇને પણ ગમશે અને તે રાજી રહેશે; અને તું આવી દુબળી જેવી થઇ ગઇ છે તે તારી તબીયત પણ સુધરશે. ભાભી, હું તને એક સગી બેન તરીકે કહું છું અને તારા અને ભાઇના સ્વાર્થને માટે મારે એટલું પણ કરવું એ મારી ફરજ છે."

નર્મદા નણંદનો આ ઉપદેશ સાંભળી ચુપજ રહી તેના મગજમાં આ બધો ઉપદેશ સમાવાની જગ્યા નહતી અને તેથી શું ઉત્તર આપવો તે પણ સુઝયું નહીં. માત્ર "બેન તમે કહ્યું તે બરોબર છે. હું એમ કરીશ–કાંઇ વધારે ઓછું બોલાયું હોય તો ભૂલી જજો." એટલું કહી તે નાહવાને બહાને ઉઠી–નાહીને રસોડામાં રસોઇ કરવા પેઠી. સરસ્વતી પણ નાહી ધોઇ, કંઇ વાંચવા બેઠી, અને ભાભીના ઉપર પોતાનો કંઇ જય થએલો સમજી–તે જયની વાત ભાઇને કહેવાને આતુર બની અને તેની રાહ જોવા લાગી.

પ્રકરણ ૪ થું.

આદિ ઓળખાણ.

સરસ્વતીનાં માતાપિતા તેની બાળવયમાંજ સ્વર્ગવાસી થયાં હતાં. હાલમાં સરસ્વતીના શરીર અને શિક્ષણની સંભાળ લેવાને તેનો ભાઇ અને મામા તથા માતામહી અને મામી સિવાય કોઇ નથી. સરસ્વતીની મા લલિતા ઘણી ડાહી, સુશીલ, શાણી અને વિવેકી હતી; તેને લીધે તેના પિતાનું ઘર તેમજ પતિનું ઘર ઘણું વ્યવસ્થિતરીતે અને સુખમાં ચાલતું હતું. તેના સર્વગુણ પોતાની પુત્રી સરસ્વતીમાં અવતર્યા હતા પણ કર્મ સંજોગે લલિતાના મૃત્યુથી સરસ્વતી તેના ગુણાદિનો વધારે લાભ લઇ શકી નહિ.

માતાના મૃત્યુથી સરસ્વતીના પિતા પ્રભુદાસ તેમજ ભાઇ સુંદરદાસને ઘણું સહન કરવું પડયું હતું ઘરનું એક રત્ન અને મુખ્ય ચાલક ગુમ થવાથી ઘરની બાહ્ય તેમજ ભિતર વ્યવસ્થા શિથિલ

થઇ ગઇ. પ્રભુદાસની પડતી પણ પત્નીના મૃત્યુથી શરૂ થઇ. પ્રભુદાસ પોતાના ધંધમાં શરૂઆતથીજ નફા ટોટાનો વિચાર રાખ્યા વગર આંખ માંચી ઝુંકાવ્યા કરતો પણ ઘણી વખત લલિતા તેને તેમ કરતાં અટકાવને સમજાવતી, તેમ છુટી જવાની કંઇ કંઇ બારીઓ બતાવતી તેથી તે પડતો પડતો પણ ટટાર થતો; પણ લલિતાના અવસાનથી પ્રભુ-દાસ નિરાશ થયો અને હવે પૈસા અને જીંદગી તે શું કામની એવા અલ્પજ્ઞ વિચારથી પાછો સટાના ધંધામાં પડયો અને આખરે તેમાં ખુવાર થયો અને એક બાજુએ પત્નિ વિયોગનો ઘા અને બીજી બાજુ ધંધાની નિષ્ફળતાનો ઘા એમ બેકારી ઘા થી સખત ઘવાયો અને માંદગી ભોગવી મૃત્યુ શરણ થયો.

હવે સરસ્વતી અને સુંદરદસ માતાપિતા વગરના થયાં એ બેઉ ભાઇ બેન હજુ અપરણિત અને વિ-ધાર્થી અવસ્થામાં હતાં પણ સુંદરદાસને વિધાભ્યાસ છોડી નોકરી કરવાની જરૂર પડી કારણ, ઉદર પો-ષણનું બીજુ કાંઈ સાધન નહતું.

મુંબઈ બેન્ક સાથે પ્રભુદાસનો તેમજ લક્ષ્મીદાસનો ઘણો સારો વ્યવહાર હતો એટલે લક્ષ્મીદાસે તેમાં પોતાના ભાણેજને માટે નોકરીની લાગવગ ચલાવી અને તેમાં તે ફાવ્યો અને સુંદરદાસને મુંબઈબેંકની સુરતની શાખામાં નોકરી મળી.

સુંદરદાસના લગ્નને માટે પોતાના માતપિતાના વખતની જાહેજલાલીમાં બે ચારમાગાં આવ્યાં હતાં પણ પ્રભુદાસનું ધ્યાન સંસારિક બાબતમાં ઝાઝું પડતું નહી. લલિતા બાળ વયમાં લગ્ન કરવા કંઇક નારાજ હતી એટલે સુંદરદાસનાં લગ્ન થયાં નહિ પણ હવે જ્યારે સુંદરદાસને લગ્નની ગાંઠથી જોડાવાને જરૂર પડી ત્યારે તેની પડતી સ્થિતીને લીધે કોઇ છોકરી આપવાને તૈયાર હતું નહિ તેથી લાંબા વખત પછી, લક્ષ્મીદાસની ખટપટથી અને લાગવગથી એક સ્નેહીની પુત્રી જોડે તેનાં લગ્ન થયાં નર્મદા પોતાના માબાપની નિષ્કાળજીને લીધે અશિક્ષિત રહી હતી તેમ સંસાર વ્યવહારનું પણ તેને ઝાઝું ભાન હતું નહિ. વળી તેનાં માબાપ ચુસ્ત વૈષ્ણવ હતાં. અને ગુરૂઓનાં પુજારી

હતાં અને તે વૈષ્ણવી વાતાવરણમાં ઉછરેલી હતી એ-ટલે તેનું મન તદન એક માર્ગી અને અર્ધદગ્ધ ભક્તિથી ભરાઇ ગયું હતું વૈષ્ણવ મંદિરો આગળ પતિના ઘરનું ભાન રહેતું નહી અને વૈષ્ણવ ગુરૂઓની ભક્તિ આગળ પતિ પરાયણતા અદૃષ્ય થઇ હતી વળી અધુરામાં પુરૂં સાસરામાં કોઈ શિખવનાર હતું નહીં અને મોહલ્લામાંની બીજી અજ્ઞાન સ્ત્રીઓના સહવાસથી નર્મદા સુંદરદાસને સુખ આપવાને બદલે દુઃખકારક થઇ પડી. સરસ્વતી સાથે પણ નર્મદાને ઝાઝું બનતું નહિ કારણ બન્નેના સ્વભાવનું વ્હેણ જુદી જુદી દીશાએ વ્હેતું હતું સરસ્વતીને નાનપણથી શાળા તેમજ માતા તરફથી યોગ્ય શિક્ષણ મલ્યું હતું અને હજુ પણ તેને શિક્ષણ મલ્યું જતું હતું. સરસ્વતીના મામાએ પોતાની નવી પત્નિ સુશીલાને માટે એક સ્ત્રી શિક્ષક રાખી હતી અને તે દરરોજ બપોરના સુશીલાને ભણાવવા આવતી. સરસ્વતી ઘણી વેળા એ સ્ત્રી શિક્ષક પાસે બેસતી અને મામી સાથે શીખતી તેમ સુશીલા

પણ પોતે જે જે શીખતી હતી તે તે સરસ્વતીને શીખવવા મહેનત લેતી.

સુશીલા સરસ્વતીપર ઘણું હેત રાખતી હતી. તેમ કરવાને તેને બે કારણ હતાં એક તો તેનું હૃદય સ્વાભાવિકજ સરસ્વતી પ્રતિ આકર્ષાતું હતું અને બીજું તે સરસ્વતીનીમા પોતાની નણંદ લલિતાની ઘણી રૂણી હતી. સુશીલા જયારે પરણી ત્યારે તે માત્ર બારવરસની હતી અને તે વખતે તેને થોડુંકજ શિક્ષણ મળ્યું હતું માત્ર વાંચતા લખતાં આવડતું હતુ પણ સાસરે આવ્યા પછી લલિતાએ તેને સંસારિક તેમ બીજી આગળ વધતી કેળવણી ઘણા હેતથી અને આનંદ પુર્વક આપી હતી. લલિતાની માયા સુશીલા ઉપર તેના નમ્ર સુશીલ અને મળતાવડા સ્વભાવને લીધે ઘણી બેઠી હતી અને તેના એવા સ્વભાવને લીધે તેને લલિતાના આગ્રહથી જુનું નામ બદલી સુશીલાનું નવું નામ આપ્યું હતું.

સરસ્વતીને ગુજરાતી શિક્ષણ મેળવીનેજ શાળા માંથી ઉઠવું પડ્યું હતું, તેમ સુશીલાને પણ ગુજ-

રતી શિક્ષણ કંઇ શાળામાંથી તો કંઇ સાસરિયાં ત રફથી મળ્યું હતું. તેઓ એ ઉભયને સંસ્કૃત તેમજ અંગ્રેજી ભણવાની અતિ ઉત્કંઠા હતી અને તે પાર પાડવા લક્ષ્મીદાસે એક ગુણીઅલ ને અનુભવીગ્રેજ્યુએટ ને રોકી હતી તેમજ વાંચવા યોગ્ય સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી પુસ્તકો તથા પત્રોનો સારો સંગ્રહ કર્યો હતો.

સરસ્વતીની કેટલીક બહેનપણીઓ ભણીને મુંબઇ કે બીજે ઠેકાણે આગળ અભ્યાસ કરવા ગઇ હતી. અને તેમાંની કેટલીક છેક બી એ. સુધી ગઇ હતી. આથી સરસ્વતીને પણ કોલેજમાં ભણવાની ઉત્કંઠા થતી અને એ વિષે પોતાના વિચાર સુશીલા આગળ ઘણી વખત જણાવતી ત્યારે સુશીલા ઉત્તર આપતી.

"ડીગ્રી મેળવીને તમારે ક્યાં નોકરી લેવા કે વકીલાત કરવા જવું છે. આપણે જે શિક્ષણ લઇએ છીએ તેનો આપણા લાભમાં સદુપયોગ થાય તોજ સારૂં. નહિતો તે લીધું ન લીધું સરખું. કોલેજનું શિક્ષણ આપણું બહુ ઉપયોગી નીવડતું નથી.

અલબત જે આજે મળે છે તે બની શકે તો જાણવું જોઇએ પણ તેથી આપણા ખરા લાભનાં શિક્ષણ તરફ અવગણના થવી ન જોઇએ. હાઇ સ્કુલ કે કોલેજમાં પણ આપણને તેવું શિક્ષણ કંઇક મળી શકે છે પણ તે એમ બીજી રીતે કયાંય મળે એમ નથી. વળી તેમાં મળતું શિક્ષણ મોટે ભાગે પુરૂષોને ઉપયોગી હોય છે તેથી તે આપણને બહુ જરૂરી નથી. હા, દાકતરી લાઇન લઇએ તો તેનો આપણી બેનોના ભલાંને માટે ઉપયોગ કરી શકાય અને એ દાકતરની કેળવણી લેવાય તો સારૂં થાય. કે ઘણી શરમાળ સ્ત્રીઓ પોતાના ગંભીર રોગનો ખુલ્લાસો કરી શકે, પણ બી. એ. કે એમ. એ. થવાથી એવે વખત પણ આવે કે ચુલો ફુકતાં કે છોકરાં રમાડતાં લજવાવું પડે અને રસોઇઆ અને ચાકરનો ભાવ વધી જાય.

જો સંસારનું બીજું જ્ઞાન ન લઇએ અને માત્ર છોકરાઓની માફક કોલેજમાં ભણ્યા કરીએ તો જરૂર આપણુ ફજેત થાય! કારણ આજકાલનું વાતાવરણ એવું છે કે

સ્ત્રીઓને પણ પુરૂષની પેઠે વર્તવાનું મન થાય છે અને જ્યારે ઘર માંડી બેસે છે ત્યારે પતિ પત્નિ બંન્નેને બહુ ભારે વિચાર થઈ પડે છે; અને કાંતો કોઇ બીજાની મદદની જરૂર પડે છે યા તેને નવે સરથી શીખવાનું રહે છે. માટે આપણને એવા સંજોગ ઇશ્વરે ન આપ્યા તે સારૂં. આપણે ઘર આગળજ કે એવી કોઇ બીજી જગોએ-સ્ત્રીયોને જરૂરી અને સ્ત્રીના હાથે અપાતું શિક્ષણ લઇએ તે વધુ ઉપયોગી અને સંતોષજનક નીવડે છે ”

“ પણ, મામી, ત્યારે તમારા કહ્યા પ્રમાણે તો આપણે પુરૂષનાં પુસ્તકો પણ વાંચવા ન જોઇએ. ”

“ ના, ના, મારૂં એમ કહેવું નથી. પુરૂષો જે લખે કે શીખવે તે તે શીખનારની વૃત્તિ ઉપયોગ અને ભલાને માટે હોય છે અને તે શીખવું વ્યાજબી છે. જ્યાં સુધી છોકરા અને છોકરીઓ સંસારના વ્યવહારથી જુદાં હોય છે ત્યાં સુધી સાથે શીખે તો એ વાંધો નથી; પણ જ્યારે સંસારમાં બેઉના ધર્મ—કર્તવ્યના માર્ગ જુદા પડે છે ત્યારે તેમને

માટે જુદાં શિક્ષણની જરૂર છે અને તેથી-આજની કોલેજ કે સ્કુલો કે જ્યાં છોકરાઓ ભણે છે અને સ્ત્રીઓ તો જવલેજ હોય અને જ્યાં ખાસ કરીને છોકરાને યોગ્ય શિક્ષણપૃથા રચવામાં આવી હોય છે ત્યાં સ્ત્રીઓને અભ્યાસ કરવાથી સંગીન લાભ સંપાદન કરી શકાતો નથી પણ ઉલટાં વિપરીત પરિણામ પણ આવવા સંભવ છે ; અને તેઓ નહી ઘર ને નહિ ઘાટના જેવી સ્થિતીમાં આવી પડે છે. તું જોતી નથી કે ઘણીક ગ્રેજ્યુએટ સ્ત્રીઓનો ઘર વ્યવહાર રસોઇઆ અને ચાકર ચાકરડીના હાથથી ચાલે છે અને છોકરાંઓ તેના હાથથીજ ઉછરે છે પછી તેમનાં ઘર કયાંથી સુધરે અને તેમનાં સંતાન પણ કયાંથી સારા સંસ્કારવાળાં બને." આવીરીતે સુશીલા અને સરસ્વતી વચ્ચે ઘણી વાર વાર્તાલાપ થતો. સરસ્વતી હવે સ્ત્રીઓએ શિક્ષણ શાને માટે અને કેવું લેવું તે બરાબર સમજી. તેમ તેની કેટલીક સખીઓ જેઓ કોલેજમાં ભણતી હતી તેના સમાગમથી પણ તે જોઇ શકી કે. ડીગ્રી

મેળવવાથી કાંઇ ઝાઝો લાભ નથી. પોતાની કાન્તા નામની એક સખી સાથે તેને ગાઢ મિત્રતા હતી. તેની સાથે સરસ્વતીને ઘણો પત્રવ્યવહાર થતો હતો. એ પત્રવ્યવહારથી તથા રજામાં તેના સમાગમથી સરસ્વતી જાણી શકી કે કાન્તાએ સંસારનું સારૂ શિક્ષણ મેળવ્યું નથી. કાન્તા રજામાં ઘર આવતી ત્યારે વાતચીતમાં અને મુંબઇથી લખતી તે પત્રમાં પોતાનું હલકટપણું, ખાલી ચંચલતા, માતપિતા પ્રતી બેપરવા અને તેની ખોટી ફેશન અને સાગખી પોકળ જ્ઞાન, હીંદુ સંસારનું અજ્ઞાન અને અંગ્રેજી શિક્ષણનું ડોળડમાક બતાવતી હતી. કાન્તા પણ સુરતની રહીશ હતી. તેના પિતાનું નામ નવનીધરાય હતું. તે એક ઉચ્ચ જ્ઞાતિનો બ્રાહ્મણ અગ્રસુધારક, વકીલ અને મ્યુનીસીપાલીટીનો મેમ્બર હતો. તેને કાન્તા એકનીએક છોડી હતી એટલે તે તેને પુત્ર પેઠે ગણતો અને તેને માટે જોઇએ તેથી વધુ ખર્ચ કરતો. તેણે તેને આગળ ભણાવવાના ઉદ્દેશથી મુંબઇની કોલેજમાં અભ્યાસ કરવા મોકલી હતી

અને તેને માટે રહેવાને સેન્ડહર્સ્ટ રોડપરના એક બીલ્ડીગમાં જગ્યા ભાડે રાખી ચોપડી, ફરનીચર, કપડાં અને રસોઇઆ વિગેરે સાધનો પુરાં પાડયાં હતાં. નવનીધરાયની એવી માન્યતા હતી કે સ્ત્રી અને પુરૂષના સરખા હક્ક છે અને તેથી કાન્તા પાછળ દરેક જાતનો તે માંગે એમ પૈસા ખર્ચ કરતો અને તેને પુરી સ્વતંત્રતા આપી હતી. પણ એવી સ્વતંત્રતાનું પરિણામ કેવું આવે છે તે આપણે પ્રથમ પ્રકરણમાં જોઇ ગયા છીએ.

કાન્તા મુંબઇમાં એકલી રહીનેજ અભ્યાસ કરતી હતી એટલે તેણે પોતાની મનોવૃત્તિના ઘોડાની લગામ છુટી મુકી દીધી હતી. જેમ તે ભણવામાં આગળ વધતી હતી તેમ તે છુટથી ફરવામાં અને કોલેજના છોકરાઓ સાથે બેસવા ઉઠવામાં અને કલીયુગના પાશ્ચાત્ય સુધારામાં ભાગ લેવામાં આનંદ માનતી હતી. છોકરાઓ સાથે કોલેજમાં ભણવાથી તેમનો સમાગમ થવો સ્વાભાવિક હતો પણ બી. એ. કલાસમાં આવ્યા પછી એક નટવરલાલ નામના સરસ્વતીની

જ્ઞાતિના વણિક છોકરાની જોડે એને પરિચય પડયો અને ઉભયના શરીરસૌન્દર્યના આકર્ષણને લીધે અને તે બેઉ હુશીઆર હોઇ પ્રોફેસરોનાં માનીતાં થઇ પડવાને લીધે તેમજ બેઉ સરખા સ્વભાવનાં ને સરખી વયના હોવાને લીધે તેમનો એ પરિચય મર્યાદા ઉલ્લંઘી ગયો.

વ્હાલા વાંચનાર, આપણી વાર્તાની ત્રણ નાયિકા (Heroine) ના ગુણ સ્વભાવ આદિનું કંઇક ઝાંખું વર્ણન પહેલા ત્રણ પ્રકરણમાં જોઇ ગયા છીએ હવે બાકીનું પાછલા પ્રકરણમાં જોઇશું.

પ્રકરણ ૫ મું.

વસંતોત્સવ.

આજે હોળી અથવા હુતાશનીનું સુપર્વ છે–કહો કે વસંતોત્સવ છે; કારણ આજથી વસંત ઋતુનો આરંભ થઇ ચુકયો છે; વૃક્ષોનાં નવીન અંકુરો ફુટયાં

છે, અને પક્ષીઓ કિલકલાટ કરતાં પોતાનો આનંદ પ્રદર્શીત કરે છે; બુલબુલનો મધુરો સાદ ક્યાંક ક્યાંક સંભળાય છે; ચંદ્રનું તેજ પણ આજે આંખને આંજી નાંખે એવું છે; શીતલ વાયુ પણ મંદ મંદ વાય છે અને સૌને સુખ અને આનંદ થઇ રહ્યો છે; ભ્રમરો અને મધુમક્ષિકાઓ પણ કુંજોમાં વિહાર કરતાં આનંદ કલ્લોલ કરી રહ્યાં છે, અને સર્વત્ર સુધાકર નો પ્રકાશ અને મનુષ્યના મનનો ઉલ્લાસ દૃષ્ટિગોચર થાય છે.

આજનું સુપર્વ ઉજવવાને લોકો ભાત ભાતનાં ભોજન આરોગી અને જાત જાતનાં કપડાં પહેરી શેરી કે પરાને નાકે એકત્ર થયાં છે: પુરાણિક ભાવનાને અનુસરી હોળી સળગાવવામાં આવી છે અને તેનું પુજન પ્રદર્શન કરી શ્રીફળની આહુતી આપવામાં કેટલાકનો આનંદ તો માનો નથી અને કેટલાકો હોળીમાના નાળિએર બહાર કાઢીને મિત્ર મંડળમાં “ લો આચકા, લો આચકા ” એમ કહીને વ્હેંચી આપતા નજરે પડે છે; વળી કોઇ કોઇ તો

હોળી માટે છાણાં ઇંધન અને બીજી વસ્તુ ક્યાં ક્યાંથી માગી કે લુટીને લઇ આવ્યા હતા તેઓ તો આ આયકામાં વધારે ભાગ માંગતા હતા. કેટલાક વૃદ્ધ તથા સાગ પુરૂષો હોલીના તાપથી ઠંડી ઉડાડતા ઠંડાપહોરના ગામગપ્પાંટા હાંકતા હતા જ્યારે કેટલાક હોળીના રંગીલા રસીયાઓ બીજા દિવસના ધુલી પડવાનો પ્રોગ્રામ રજુ કરતા હતા.

આવી રીતે વસંતોત્સવની પૃથાનું રૂપાંતર થઇ ગયું છે, શુદ્ધ વૈદિક યજ્ઞ વીધિઓ વિસરાઇ ગઇ છે અને પૌરાણિક તત્વથી બંધાયેલા ભૌતિક સુખની સામગ્રી માટેજ લોકો કર્તવ્યપરાયણ બન્યા છે.

પણ આજે એજ સુરત શહેરમાં વસંતોત્સવની સત્ય પૃથાના કંઇક ભાગનો પ્રારંભ સ્ત્રી મંડળ દ્વારા થાય છે.

સુશીલા અને સરસ્વતીને મુળથીજ હોળીના તહેવાર ઉપર યુવાન સ્ત્રી તેમજ પુરૂષ વર્ગ તરફથી અસભ્ય શબ્દોચ્ચાર અને રંગીન કે મલીન પદા

ર્થીની ફેંકાફેંકીનું જે વર્તન થાય છે તેના પ્રતિ તિરસ્કાર હતો અને તેથી તેઓએ બાગ કે મેદાનમાં જઇ ગરબા ગાવામાં તેમજ એ પ્રકારનો બીજો આનંદ મેળવવામાં એ પર્વ ઉજવવું અને ચાલુ પ્રથા સ્ત્રી વર્ગમાં અટકાવવી એવો નિશ્ચય કર્યો હતો.

આ વરસે તેમના વિચારને મળતી ઘણી સ્ત્રીઓ થઇ હતી અને તેમણે તેમની સાથે જોડાવાને હા પાડી હતી.

સરસ્વતીની કેટલીક કોલેજમાં ભણતી સખીઓ પણ આવી હતી અને કાન્તા તો બી. એ. માં પાસ થઇ હતી અને આગળ ભણવાનું માંડી વાળ્યું હતું તે હવે લાંબા વખત થયાં અહીંજ હતી; અને તેણે સરસ્વતીના આ વિચારને આનંદથી અનુમોદન આપ્યું હતું અને તેણે ઘણી બ્રાહ્મણ વાણીઆ, કાયસ્થ તથા બ્રહ્મક્ષત્રીની સ્ત્રી પુત્રીઓને આ ઉત્સવમાં ભાગ લેવાને વિનય સાથે સમજાવ્યું હતું તેમનો પ્રયાસ સફળ થયો હોળીના દિવસે રાતના ચંદ્ર પ્રકાશમાં સરસ્વતીના મામા લક્ષ્મીદાસની અઠવા લાઇન

પર આવેલી વાડીમાં, બંગલાના આગલા ચોગાનમાં વસંતોત્સવ ઉજવવાનું નક્કી થયું હતું. સર્વ સ્ત્રીઓ ઉપર ઉત્સવમાં ગાવાના ગરબા વિગેરેની છાપેલી નકલો તથા બીજાં વખતાદિનાં સુચન પત્ર મોકલી આપવામાં આવ્યાં હતાં એટલે સૌ સ્ત્રીઓ ગરબા કંઠસ્થ કરી વખતસર વાડીમાં હાજર થયાં હતાં. સુશીલા, સરસ્વતી અને કાન્તા પણ ગાડીમાં બેસી આઠ વાગે આવી પહોંચ્યાં નર્મદાને પણ આમંત્રણ કરવામાં આવ્યું હતું પણ તે હજુ આવી નહીં એટલે તેને લેવાને વળી ગાડી મોકલી પણ ગાડીવાળો પાછો આવ્યો અને જવાબ આપ્યો "સુંદરદાસે કહ્યું કે તે તો ઘેરથી ક્યારની ગઈ છે અને ત્યાં પણ જવાનું કહેતી હતી પણ ન આવી હોય તો તેની રાહ જોતાં નહિ, તેનું કાંઇ ઠેકાણું નથી."

કેટલોક વખત સૌ બંગલામાં તથા વાડીમાં ફર્યાં અને બંગલાનો શણગાર અને વાડીના વૃક્ષો અને પુષ્પલતાઓનાં સૌંદર્ય નીરખી ગરબા ગાવાની શરૂઆત કરી. સુશીલા અને સરસ્વતીએ ગરબો ગાવા

માંડયો અને બીજી સ્ત્રીઓએ ગરબો ઝીલવા માંડયો, જ્યારે તારા દેવીએ હારમોન્યમ વગાડવું શરૂ કર્યું.

"ચાલ ચાલ સખી ચાલ, વિશ્વેશ્વરની વાડી
જોવાને જઇએ,
ખીલી સખી સૃષ્ટિની બહાર, સૌ મળી આનંદ લઇએ.
ચાલ૦

વાડી મનોહર આ વિશ્વની, ઉગ્યાં છે સૌ વૃક્ષ જ્યાં;
મનહર પુષ્પ વલ્લીઓ, રમે શ્રી સરસ્વતી ગાનમાં.

સુણ સખી સરસ્વતીનાં ગાન, લાગે મધુર કેવાં કરણે;
જોને સખી લક્ષ્મીનાં વૈભવ, દૃગભર નીરખી લઇએ.
ચાલ૦

દિવ્ય વૃક્ષ આ આમ્રના, મિષ્ટ ફળે ઝુકેલાં;
અભિમાનથી મુક્ત રહી, નમ્રતાથી નમેલાં.

ચાલ સખી એ મિષ્ટ ફળ, આનંદે ખાઇએ;
ખાઇએ.......... .....જગતને ખવાડીએ—ચાલ૦

ઉગ્યાં આ કંટક વૃક્ષ જો, વિંધશે કોમળ તુજ દેહ;
ફળ ફુલ ન દેતાં કંઇ, લૂંટયાં ભૂમિ રસકસ છેક.

જોને સખી ઉગ્યા આ ઉંચા તાડ, નહિ ફળ તેના
કંઇ પામીએ;
પણ પડશે નકી એ કોઇ કાળ, આ વેલીઓ છુંદી
નાંખશે.—ચાલ૦

ભાત ભાતના પુષ્પો વળી, દે છે સુવાસિક વાસ:
વાસ વિના ના મળે કદી, ન થઇશ તેથી નિરાશ.

જોને આ વેલી સુકી પથરાય, કળી કુમળી આ કરમાય;
નહિ કોઇ તેને જળ દેનાર, વિશ્વની વાડીમાં રે–ચાલ૦
આશ્રય વિનાની વેલડી, ભૂમિપર પથરાય;
અંધ જનોનાં પાદથી એ બિચારી કચડાય
જોજો શિલાથી આ દબાય, એને દુર કરીએ
પાણી સિંચવા મળીને, ખૂબ દમ દઇએ—ચાલ.
વિશ્વેશ્વરની વાડી માંહી અચરજ આ દેખાય
કોઇ બિચારા દુખી દીસે, કોઇ સ્વસુખે મલકાય,
નહિ કોઇ દુઃખીની દાદ લેનાર,
સખી એની વ્હારે થઇએ
ભલે સુખી સુખમાં હસે,
પણ આપણ તેવાં નવ થઇએ—ચાલ.

ગરબો ગવાઇ રહયો મામી ભાણેજનો અને બીજીસ્ત્રીઓનો મધુરો અવાજ આખા બાગમાં ગાજી રહયો. ને પક્ષીઓ આ અવાજના આકર્ષણથીજ આસપાસના વૃક્ષો પર આવી બેઠાં. કોયલ અને બુલબુલને પોતાના કંઠનું જે અભિમાન હતું તે આ ગરબો સુણી ઉતરી ગયું અને તે આનંદથી સાંભળતાં હોય એમ જણાયું. સૌ સ્ત્રીઓના હૃદયમાં આનંદ ઉર્મી ઉછળવા લાગી કાન્તાને પણ આથી ઘણી રમુજ મળી અને બીજો ગરબો ગાવાને દરખાસ્ત મૂકી. એટલામાં એક બટકબોલી બાળા બોલી ઉઠી. "કાન્તાબેન, તમને ગરબો ઝીલતાં અને તાલી આપતાં તો બરોબર આવડયું નહીં ને વળી બીજો ગરબો ગાવનું મન કરો છો? સરસ્વતી બેન તમે ગરબો તો મઝાનો ગાયો છે હો. પણ કાન્તા બેન તો ઘણી વખત હાર તોડી નાંખતાં હતાં અને કેઇ કોઇ વેળા એના તાબડા (તાળી) પાછળથી પડતા હતા."

"હોય! એ મુંબઇમાં રહેનારને રોજનો અભ્યાસ નહીં એટલે ચુકી જવાય! તેમાં શું થયું, પણ મોઢાં

પર એવું ન કહીએ સમજી' બલી પ્રભાવતી. "એક બીએ માંડવાળ કરી.

"પણ હું કયાં એની નિંદા કરૂછું હું તો બેઘડી હસવા સરખું કહું છું. વળી મુંબઇથી તો અમે પણ આવ્યાં છીએ, પણ તેનું કારણ એમ છે કે એમને તો અંગ્રેજ લોકની પેઠે ડેન્સ એટલે નાચ આવડે છે અને અંગ્રેજી ગાયનો ગર્ભ જાણે છે ખોટું હોય તો પૂછો." પ્રભાવતીએ હસી હસીને વાત કરી.

"કેમ બેન, કાન્તા, ખરૂં કે!" સરસ્વતીએ મુખમાં હસતાં પ્રશ્ન કર્યો.

કાન્તા હસી અને બોલી-" મેં ગરબામાં તો આજેજ ભાગ લીધો છે. જો કે ગરબા પણ એક જાતનો ડેન્સ છે. પણ પ્રભાવતી કહે છે તેવા અંગ્રેજ લોકના ડેન્સમાં મેં ભાગ લીધો નથી. એ ખરૂં છે કે મેં એવા ડેન્સ જોયા છે. મને કયાં દેશી ગાયન કે હારમોન્યમ નથી આવડતાં? સિતાર પણ વગાડી શકું છું"

"ચાલો, ત્યારે, સિતાર સાથે એક ગાયન ગાશો? સરસ્વતી બેન તમે હારમોનીયમ પર બેસો!" સુશીલાએ પોતાની જીજ્ઞાસા બતાવી.

કાન્તાએ સિતાર લીધી અને સરસ્વતીએ હારમોનીયમ વગાડવા માંડયું. કાન્તાએ સિતારના તાર હારમોન્યમના સુર સાથે મેળવી આલાપ આપવા માંડયો અને પછી ગાયન ગાવું શરૂં કર્યું:--

"ખીલી વસંત બહાર
સખી જો–ખીલી વસંત બહાર —(ધ્રુવ)
આજ તો આનંદ ન સમાય મુજ અંગ આ
ઉપવન મન હરનાર–જો ખીલી૦ સખી૦
નવીન પલ્લવ સહુ વૃક્ષો ધારે
અલિફુલકલી ચુમી રીઝે અપાર–જો–ખીલી૦ સ૦
શીતલ સમીર સુગંધ સીંચે
શુભ સર્વ સ્થળે નિરધાર જો—ખીલી૦–સખી૦

કાન્તાએ ઝીણા અને મધુર સ્પષ્ટ અવાજથી સર્વ સ્ત્રીઓને આનંદિત કરી સર્વ સ્ત્રીઓએ કાન્તાને ધન્યવાદ આપ્યો.

"કેમ, અલી પ્રભાવતી, તું હવે ખોટી પડી ને!" એક સ્ત્રીએ પ્રભાવતીને ઉદ્દેશી કહ્યું.

હું ક્યાં એમ કહેતી હતી કે એમને દેશી ગાયન નથી આવડતાં. પણ કાન્તા બેન-પેલા રોમીઓ જુલીયટમાનાં અંગ્રેજી ગાયનનો રસ આ બધી સ્ત્રીઓના કાનમાં જરાક રેડો તો ખરાં."

પ્રભાવતી કાન્તાને સારીરીતે ઓળખતી હતી અને તેના મુંબઇના જીવનથી જાણીતી હતી એટલે તેણે પુનઃ મશ્કરી કરી–

"અલી પ્રભાવતી, બહુ બોલે છે કે! અંગ્રેજી ભણીએ તો અંગ્રેજી ગાયન શીખવાંજ જોઇએ. તેમાં તું ઠઠ્ઠા શાની કરે છે? તારે સાંભળવું હોય તો ઘર આગળ આવજે! તને પણ નહીં આવડતાં હશે કેમ? સરસ્વતીએ મશ્કરી અટકાવી અને પ્રભાવતી શાંત રહી. અને બીજો ગરબો ગાવાને શરૂઆત થઈ.

"ઉગ્યો સખી સૃષ્ટિનો શણગાર"—એ સ્વ. સા ડાહ્યાભાઇનો લોક પ્રખ્યાત ગરબો આનંદથી ગાવાનો શરૂ કર્યો.

ગરબો ગવાઇ રહ્યા પછી સુશીલાએ ચાકર જોડે બંગલામાંથી તૈયાર કરેલું ગરમ મસાલાનું કેશરી દુધ મંગાવ્યું અને સર્વ સ્ત્રીઓને દુધના પવાલા આપ્યા અને પી રહ્યા પછી પાન સોપારી ખવાયાં. અને ચંદ્રના શીતળ અને ઉજ્વળ પ્રકાશમાં કોઇ કોઇ સ્ત્રી અરસ્પરસ વાર્તા વિનોદ કરવા લાગી તો કોઇ ઉધાનમાં ફરવા ગઇ.

"પણ સરસ્વતી તમારાં ભાભી આજે બિલકુલ જણાયાં નહીં. તે શું થયું વરૂં."

"ભાભી ઘરથી આવી છે એમ ખબર મલી. પણ પછી અહીં કેમ ન આવી તે સમજાયું નહીં.

"તારી, ભાભી તે ભાભીજ છે તો. તે વળી આવાને ગાવાની એ શું હતી તેમ તેને આ વાતમાં રસ એ કયાંથી પડે!"

"બિચારી અભણ છે એટલે સ્વાભાવિક રીતે આ પણાથી દુર રહે એમાં નવાઇ શી."

"પણ તેથી શું! આવા પ્રસંગે આવતી રહે તો કંઇ બે વાત શીખે યે ખરી.

"પણ મને લાગે છે કે તે ઘર આગળ આવી હશે પણ ત્યાંથી એકલી ન આવ્યાં તેથી મોટીમા પાસેજ બેઠી હશે !" સુશીલાએ નર્મદાનો બચાવ કર્યો.

"બેન પ્રભાવતી, આજનો પ્રથમ ગરબો બહુ સરસ હતો. વાડીને ઉદ્દેશીને હતો પણ આપણા સંસારને લાગુ પડે છે."

"હા, એમજ છે. પુષ્પવલ્લીઓ તે આપણી સ્ત્રી જાત છે. ખરેખર–આપણને કેટલાક અજ્ઞાન જનો કનડે છે અને ઘણી સ્ત્રીઓ પોતાના દુઃખના વિચારમાં ને વિચારમાં કરમાઇ જાય છે, મરી જાયછે."

"જો જ્ઞાનનું જળ આપણી જાતને સીંચવામાં આવે અને આપણી સ્ત્રી જાતની વેલીઓને આગળ વધવાને પતિના ભાવ અને પ્રેમરૂપ આશ્રય મળે અને કેટલાક સંસારની ખોટી ખટપટ અને રિવાજ રૂઢીને લીધે પડતા બોજાઓ ઉતારી નાંખવામાં આવે તો–જરૂર વિશ્વની વાડીનું સૌંદર્ય અને સુખ પ્રાપ્ત થયા વગર રહે નહિ."

આવી રીતે વાર્તાલાપ કરી રહ્યા પછી સૌ રજા લઇને ઉઠયાં—સુશીલા બધાને વળાવવાને દરવાજા સુધી આવી અને ત્યાં પેતાની કેટલીક ઇષ્ટ સખીઓ સાથે વાતમાં-પડી. કાન્તા અને સરસ્વતી હવે બાગમાં એકલાંજ રહ્યાં એટલે સરસ્વતીએ પ્રશ્ન કર્યો. "બેન, કાન્તા, પેલી પ્રભાવતી શું કહેતી હતી ? ડેન્સ—કેવો ? અને રોમીઓ જુલીયટના નાટકનું શું ?"

અમારી કાલેજમાં એક વખતે ગેધરીંગ થયૂ હતું તેમાં રોમીઓ જુલીયટના કેટલાક એ-કટ ભજાવ્યા હતા. તે વખતે જુલીયટનો પાઠ મેં લીધો હતો. એ નાટકમાં સાધારણ ડેન્સ આવે છે તેને માટે પ્રભાવતીએ મારી મજાક કરી હતી. બાકી તે કહે છે તેમ યુરોપીઅનના જેવો બોલ આપણુને કયાંથી આવડે ?"

"ત્યારે રોમીઓનો પાઠ કાણે લીધો હતો ! કાઇ હીંદુ હતો કે બીજો ?" સરસ્વતીને કંઇક વ્હેમ પડયો.

"હીંદુ હતો. ઉંચ્ચ કુટુંબના વણીક શેઠીઆનો છોકરો હતો.

"પણ, કાન્તા, મારા જાણવા પ્રમાણે એ નાટકમાં નાયક નયિકાને એક બીજા સાથે આલિંગન કરવાનો અને ચુંબન લેવા દેવાનો પ્રસંગ આવે છે!"

"હા--" કાન્તા જવબ આપતાં કંઇક અચકાઇ

"ત્યારે તેનું કેમ કર્યું?" સરસ્વતીએ હસતાં હસતાં પૂછ્યું, કાંન્તા શરમાઇ ગઇ અને નિરૂત્તર બની.

"અરેરે આમ કોલેજમાં ભણવાથીજ કેવો ખરાબ વખત આવે છે! મામી કહેતાં હતાં તે ખરી વાત--બળી, એ કોલેજ લઇફ."

એ લામાં સુશીલા આવી પહોંચી, તેમની વાતના કેટલાક શબ્દોના ભણકારા તેના કાન પર અથડાયા હતા. "શું ખરી વત? કોલેજની વાતો ચાલે છે શું?" સુશીલાએ પૂછ્યું.

" હા ! વખત વિતાવવા બે ઘડી વાત કરીએ. જુઓ ને મામી, આ કાન્તા બી. એ. તો થઇ પણ એને માટે લાયકવર શોધવાને કેવી મુશકેલી નડે છે તેનો વિચાર કરતાં હતાં. " સરસ્વતીએ વાત ઉડાવી અને કાન્તા એ ધીરજથી ઉંચું જોયું.

" ભણેલી સ્ત્રી મળવી મુશકેલ છે પણ ભણેલા વર તો બહુ મળે છે. કાન્તાને માટે તો ઘણા વર વગર શોધ્યે દોડતા આવશે. " સુશીલાએ પોતાનો મત દર્શાવ્યો.

" એ તો છેજ તો, પણ બધી વાતે સારૂ જોઇએ ને. "

" તે બધું એ મળશે, ધીરજ રાખો. આજે એનું શું કામ છે ? વારૂ ! સરસ્વતી બેન, નર્મદા ન આવી તેની કાંઈ ખબર કાઢવી જોઇએ. "

" હા. હું કાંલે સવારમાં ઉઠીને ઘેરે જઈ ખબર કાઢીશ. "

" ચાલો હવે જાઇએ મેડી મા રાહ જોતાં હશે " ગાડી જોડાઇ. ગાડીમા બેશી ત્રણેય જણાં વાતો કરતાં ઘર તરફ હંકારી ગયાં.

પ્રકરણ ૬ ઠું.

સુંદરદાસનો શોક.

વિદ્યા સુગંધિ વિનાનું, જોબન ફૂલ જેવું કે સુંડું;
ગુણિયલ ભ્રમર નવ જાય પાસે, દેખી ઉપરથી રૂડું.
રૂપ રંગનો છે ડોળ ખોટો, આજ છે કાલે નથી;
જેમ ઢોળસોનેરી કથીરપર, ચાર દિન ચળકી થતી.
અરે વિણ વિદ્યા સ્ત્રી અવતાર, જગત ધિક્કાર છે રે,
ખરે જેમ વિના પાણી નદીધાર, નજર બેકાર છે રે,
નજર બેકાર છે રે, સુકેલી અસાર છે રે—

કવિ શંકર શર્મા.

મામી ભાણેજના ઘેરે ગયા પછી, ખબર કાઢતાં માલૂમ પડ્યું કે, રાત્રે નર્મદા ત્યાં પણ આવી ન હતી. આથી સરસ્વતીને વધારે ચિંતા થઇ. બીજે દિવસે પ્રાતઃકાળે જલદી ઉઠીને નાહી ધોઇ પોતાને ઘેરે જવાને તૈયાર થઇ, અને ત્યાં જઇ નર્મદા કાલે

બંગલે કેમ આવી નહીં અને તે ક્યાં હતી તે જાણવાની તેની ઉત્કંઠા વધી.

તે ઘર આગળ પહોંચી અને જઇને જુએ છે તો ઘરમાં કોઈ નહિ, આગલાં અને પાછલાં દ્વાર ખુલ્લાં હતાં, ચુલો બળતો હતો, ઉપર દાળની તપેલી હતી. દાળ ચઢતી હતી કે બળતી હતી તે જોવાને સરસ્વતી ચુલા નજીક ગઇ પણ તે જુએ તે અગાઉ ત્યાં કાદવ તથા રંગના છાંટા પડેલા જોયા કે તે ચમકી એટલામાં તેને બહારથી શોરબકોર સંભળાયો અને તે પાછલે બારણે જઇને જુએ છે તો બે ચાર સ્ત્રી અને બે ત્રણ યુવકો એકઠાં થયાં હતાં અને હસતાં હસતાં તથા નાચતાં નાચતાં એક બીજા પ્રતિ કાદવ પાણી ફેંકતાં હતાં. નર્મદા પણ ત્યાં આગળ નજરે પડી. સરસ્વતીએ કેટલોકવાર સુધી દ્વાર આગળ છુપાઇને આ દૃશ્ય જોયા કર્યું, પણ તેનાથી એ ઘણીવાર જોઇ શકાયું નહિ તેથી નર્મદાને મોટેથી હાંક મારવા કરતાં તેને કોઈ બીજી યુક્તિથી બોલાવી લેવાનો વિચાર કર્યો. સરસ્વતી ઘરમાં ગઈ અને દાળની

તપેલી ઉતારી, દાળ તદ્દન બળી ગઇ હતી અને તે નકામી પડી હતી તેથી તે તપેલી સાફ કરવાને બહાને તપેલી તથા પાણી લઇને બહારચોકમાં આવી અને તે તપેલી સાફ કરવા માંડી. હજુ પણ નર્મદાનું ધ્યાન સરસ્વતી પ્રતિ ખેંચાયું નહિ અને તે સ્ત્રી પુરૂષો ધુળી પડવાના રંગીલા (કે ગંદીલા !) તાનમાં મસ્તાન બની રહ્યા હતા. હવે તો તેમની વાત વધી તે સ્ત્રી અને યુવકો વચ્ચે એક બીજાના શરીરને અડકીને હાથે હાથે કાદવ લગાડવાની હરિફાઇ ચાલી. ફળીઆમાંની કેટલીક વૃદ્ધ તેમજ પ્રૌઢ સ્ત્રીઓ, આ રંગ જોઇને મલકાતી હતી અને નાનાં છોકરાંઓ તાળી પાડતાં હતાં અને નાચતાં હતાં તથા આનું અનુકરણ કરવાનું શીખતાં હતાં (!) જ્યારે આ અનીતિદર્શક દ્રશ્ય જોઇ સરસ્વતીનું અંતર બળતું હતું અને તેના મુખપર ક્રોધની છાયા પથરાઇ. પોતે તેમની નજરમાં પડી છતાં નર્મદા આવતી નથી કે જરાયે શરમાતી નથી તેથી તેણે ગુસ્સા ભર્યા અવાજથી બૂમ પાડી “ ભા—ભી. ”

આ અવાજ સાંભળી નર્મદા ચમકી અને સરસ્વતીને જોઇ કે તરત નીચું મોં ઘાલી શરમના ભારથી ધીમે ધીમે ચાલતી ઘરમાં આવી. સરસ્વતી અંદર ચાલી ગઇ, નર્મદા દ્વાર આગળ આવી ઉભી અને કંઈ બબડવા મંડી, પણ સરસ્વતીએ તે સાંભળ્યું નહિ તેમ તે સાંભળવાની દરકાર પણ કરી નહિ. સરસ્વતીએ ફરીથી દાળનું પાણી ચુલાપર મૂક્યું અને બીજા ચુલા પર નર્મદાને માટે નાહવાનું પાણી ગરમ કરવા મૂક્યું. હજુ સરસ્વતી ચુલા પાસેજ હતી એટલામાં સુંદરદાસ બજારમાંથી આવ્યો અને આગલા દ્વારના ઉમ્બર આગળ પગ મુક્યો કે પાછલા બારણાંના ઉમ્બર આગળ જડવત્ બેઠેલી પોતાની જડ બુદ્ધિની પત્નિનું દર્શન થયું અને તેની પ્રસાદીરૂપ તેનો ક્રોધ ઉછળી આવ્યો.

બજારમાંથી આણેલી વસ્તુઓ જોરથી ભોંયપર ફેંકી એટલે સરસ્વતી એકદમ બહાર આવી અને ભાઇ તરફ ઉદાસ ચહેરે જોયું.

"કોણ, સરસ્વતી, તું ક્યારે આવી?"

"હું, અત્યારેજ આવી છું, ભાઈ."

"આ શું છે! આ ધતીંગ શું: કંઇ સમજાતું નથી!"

"એમાં કોઇનો દોષ નથી: અજ્ઞાન તથા બાળપણના સંસ્કારને લીધે એ બિચારી ફસી પડી છે:"

"સરસ્વતી, હવે હું તદન કંટાળી ગયો છું; એનાથી હું હવે દુર થવા માગું છું; આજે લખું છું એના બાપને કે એને બોલાવી લે. હવે તો મને ઘણું દુઃખ થાય છે; અને ક્રોધ પણ ઘણો આવે છે પણ તારા વચનને ખાતર એના શરીરને અડકતો નથી; તેમ છતાં એ ન સમજે તો પછી બીજો શું ઉપાય!"

આ શબ્દો નર્મદાએ સાંભળ્યા, તે રડી પડી અને શરમની મારી ત્યાં બેઠી બેઠી નીચું મોં ઘાલી–કરગરતી બોલી–મને માફ કરો–હવેથી એવું હું ન કરૂં. હું તો મારે રસોઈ કરતી હતી પણ તે લોકોએ આવીને મને રંગ અને કાદવ નાંખ્યો એટલે રસોઇ બગડે એમ કરીને હું બહાર આવી અને તેઓ

અને એમાં ગયાં–તેમાં હું શું કરું–મને માફ કરો. હવેથી હું એવું કોઇ હ્હાટો નહિ કરૂં"

"બાબી, તારી એ વાત તો ખરી પણ હું દાળની તપેલી માંજવા બહાર આવી છતાં તું મ.રાથી શર-માઇ નહીં, અને તેમની સાથે કેવી અમર્યાદવર્તતી હતી ?" સરસ્વતીએ આંખ ઉંચી ચઢાવી કહ્યું.

"મેં તમને જોયાં નહીં હતાં, નહિ તો હું આ-વ્યાવગર કેમ રહું–" નર્મદા અરધો ઉત્તર આપી નીચું માથું ધરી જમીન કોતરવા લાગી.

"આજસુધી હું તારો દોષ ભાઇની સમક્ષ કહેતી ન હતી પણ આજનો બનાવ મને ચિન્તાગ્રસ્ત બના-વે છે એટલે મારો નાઇલાજ ! પણ વારૂ એટલું એ પસ્તાય છે તે કંઇક સંતોષ લેવા જેવું છે. ચાલ, ઉઠ પેલું પાણી આપું છું તે લે અને નાહી લે અને સ્વચ્છ થા. દાળ બળી ગઈ તેનું પણ ભાન ન રહ્યું અને અક્કલ બાળવા જેવું કામ કર્યું પછી તે કેમ સાંખી શકાય !" સરસ્વતીએ પાણી આપ્યું

અને તેને નાહવાને ઉઠાડી; નર્મદા નાહવા ગઇ અને પોતે રસોઇ કરવા મંડી.

આજે સુંદરદાસને રજા હતી એટલે રસોઇની ઉતાવળ નહતી તેથી સુંદરદાસે સરસ્વતીને ધીમે ધીમે રસોઇ કરવાનું કહ્યું, પોતે કંઈ લખવા બેઠા, તેણે બે પત્ર લખ્યા અને તેમાંનો એક પત્ર પોસ્ટની પેટીમાં નાંખ્યો અને બીજો પત્ર કોઇ માણસ જોડે બહાર મોકલાવ્યો અને પછી તે અનેક દુઃખી વિચારના દબાણથી અરધી આંખો મીંચી પથારીપર આડો પડ્યો.

નર્મદા નાહી રહી અને ઘરમાં આવી અને પોતાની નણંદને વિવેકની ખાતર કહ્યું. "સરસ્વતી બેન, તમે ઉઠો. હું રસોઇ કરૂં." આના ઉત્તરમાં સરસ્વતીએ પણ તેવાજ વિવેકથી કહ્યું "શામાટે વળી તું શું કામ ગુગડું બદલે મને ઉપર ઉપરથી કંઇ આપવા લેવાની મદદ કર એટલે બસ." નર્મદાએ તેમ કબુલ કર્યું.

હમણાં હમણાં ઘરમાં કેમ વર્તવું, એ કંઇક નર્મદા સમજતી થઇ હતી પણ તેના અશિક્ષીત હૃદય

પર એની છાપ લાંબો વખત ટકતી નહીં અને તેથી ફરીને તે ઘણી વખત પોતાની સાથે બેસનારીઓની ખોટી બુદ્ધિથી દોરાતી હતી અને તેમની જાળમાં ફસાતી. આજનો બનાવ પણ તેવીજ રીતે બનવા પામ્યો હતો. તેમ આગલી રાતે પણ તેમજ બન્યું હતું.

રસોઇ કરતાં કરતાં સરસ્વતીએ નમ્રતાથી નર્મદાને પૂછ્યું—" ભાભી, તું કાલે વાડીમાં ગરબા ગાવા કેમ નહિ આવી? તને એ વખત બોલાવવાને માણસ તથા ગાડી મોકલી છતાં તને આવવાને શું વાંધો હતો? ત્યાં કેવી ગમ્મત પડી હતી? તું આવી હોત તો તને પણ ખૂબ મજા પડત અને આજનો બનાવ બનવા પણ નહીં પામત! એતો થવાનું તે થઇ ચુક્યું! પણ, ભાભી, ત્યારે તેં શું કર્યું હતું?"

" સરસ્વતી બેન, મને માફ કરજો. હું સાચું કહું છુ કે હું ત્યાંજ આવવા નીકળી હતી એટલામાં પેલી રાંડ જસોદા વિગેરે મળ્યાં તે મને તેમની સાથે ખેંચી ગયાં અને બે ચાર હોળીની પ્રદક્ષણા કય

પછી મહારાજના મંદિરે કથા સાંભળવા ગયાં હતાં ”

“ ત્યાં શાની કથા હતી ? ”

“ મેં સાંભળી તો ખરી પણ બહુ કંઇ સમજાયું નહીં પણ બીજી સ્ત્રીઓ પાછી રસ્તે આવતાં વાતો કરતી હતી તેપરથી એટલું જાણ્યું કે– તેઓ રાસ લીલાની અને કૃષ્ણે ગોપીઓનાં ઉપર રંગ ઉડાડ્યાની વાતો ચલતી હતી. ”

“ ઠીક, ત્યારે તમે પણ તે કથા સાંભળીનેજ આજે આ રાસ રમ્યાં કે શું ? ” સરસ્વતીએ શબ્દ બાણ માર્યું.

“ બેન, માફ કરોની ! મને એ વાત કહી કહીને કેમ સતાવો છો ! હવે પછી એવું હું કદી નહિ કરીશ. બેન, ખરૂં કહું છું–આજે મારા દિલમાં કંઇ કંઇ થાય છે પણ તે સમજાતું નથી, અને આજે બહુ દુઃખ થાય છે તો પછી તમને તેમ થાય તેમાં શું નવાઇ, નર્મદાની આંખોમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં અને સરસ્વતીએ તે જોયાં.

આ અશ્રુઓએ સરસ્વતીના તપ્ત હૃદયને

કંઇક શાંત કર્યું.

વાતમાં રસોઇ થઇ ગઇ. સુંદરદાસ જમવા બેઠો અને જરા તરા ખાધું ન ખાધું કરીને ઉઠી ગયો અને કંઇપણ બોલ્યા વગર પુનઃ સુઇ ગયો. સરસ્વતીએ નર્મદાને જમવા બોલાવી પણ તેણે જમવાની ના પાડી; સરસ્વતીએ કારણ પૂછ્યું ત્યારે જવાબ આપ્યો-" તે જ્યાંસુધી પેટ ભરીને ખાય નહિ ત્યાંસુધી હું અન્નને અડનાર નથી." આ નર્મદાનો, આ ઉત્તર સાંભળી સરસ્વતી અજાયબ થઇ. થોડી વાર શાંત રહ્યા પછી કંઇ કહેવા જતી હતી એટલામાં તેના મામા લક્ષ્મીદાસ ગભરાયેલા ગભરાયેલા આવી પહોંચ્યા અને સરસ્વતી પણ દોડતી દોડતી તેની સામે ગઇ. તેમની વાત અટકી અને એક નવું પ્રકરણ ખુલ્યું.

" સરસ્વતી, સુંદરદાસ કયાં છે !"

" છે । સુતા છે! શું છે, મામા તમે ગભરાયેલા કેમ દેખાવ છો ! અત્યારે આવવું કેમ થયું.? સરસ્વતી અકળાતી બોલી.

"ભાઇની તબીયત તો સારી છેને ! મને તેણે એકદમ કેમ બોલાવ્યો. ?"

"હા ભાઇની તબીયત સારી છે કેમ બોલાવ્યા તેની મને ખબર નથી. લો પેલા ભાઇજ ઉઠીને આવ્યા."

"કેમ, ભાઇ સુંદર, મને કેમ બોલાવ્યો. ?"

"તમારૂં ખાસ કામ છે મારે તમને કંઇ કહેવું છે પણ તે હું ખુલ્લાસાથી કહી શકીશ નહીં."

"પણ તે શું વાત છે. !"

"નિરાંતે બેસો હું ટુંકામાં કહુંછું." સુંદરદાસ તથા લક્ષ્મીદાસ સામ સામા બેઠા અને સુંદરદાસે કહ્યું.

"મામા હું ફક્ત તમને સ્હેજ સુચન કરીશ. વધારે જાણવું હોય તો સરસ્વતીને પૂછી લેજો. મેં આજે મારા સસરાને કાગળ લખી દીધો છે, તેમાં લખ્યું છે કે તે પોતાની છોકરીને જલદી બોલાવી લે."

"તેનું કંઇ કારણ. ?"

"કારણ, સરસ્વતીને પૂછજો, તમને એટલુંજ કહેવા મે તમને બોલાવ્યા છે. ?"

"ભાઇ, આમ બેસમજનું શું બોલે છે હું બધું જાણુંછું છતાં તું જાણતો નથી કે તારા લગ્ન કેવા સંજોગમાં થયાં હતાં અને આમ કરીશ તો લોકોમાં વાત થશે અને આપણી અપકીર્તી થશે વળી તારો સસરો એવો છે કે તે તેની છોકરીને બોલાવી લેશે તો પણ તે આપણને બદનામ કરવા આપણા ઉપર ખોટા આરોપ નાંખશે."

"તે ગમેતેમ થાય તેની મને પરવા નથી.! લોકના શબ્દો ન સાંભળવાને ખાતર હું દરરોજનું દુઃખ નહી ખમી શકું! કદાચ હું કુંવારો રહયો હોત તો મારી જીંદગી સારી રીતે જાત અને હજુ પણ એ દુઃખી જીંદગીથી મુક્ત થવા ઇચ્છું છું: કાંતો એ દૂર થાય નહીં તો હુ થાઉં!"

"ભાઇ, આવું બોલો નહીં. મારૂં માનો તો તમારો એ સંતાપ દૂર થવાનો સંભવ છે એવા ચિન્હ મને હમણાંજ જણાયાં છે. માટે એવું સાહસ કરશો માં" સરસ્વતીએ ભાઇને સમજાવ્યું.

"સુંદરદાસ જો તને હમણાં કંઇ ગોઠતું ન હોય

તો, થોડા દિવસ રજા લઇ બહાર જા, એ બેઉને હું મારે ત્યાં લઇ જાઉં અને સરસ્વતી અને સુશીલા તારા સુખને માટે નર્મદાને સુધારવા જરૂર પ્રયત્ન કરશે." લક્ષ્મીદાસે નવો રસ્તો બતાવ્યો.

"જો આપની એ ઇચ્છા હોય તો તેમ ભલે કરો. હું બહાર ન જાઉં તોપણ હું ત્યાં તો ન આવીશ."

"ના રે જોઇએ તો ભલે ત્યાં ન રહેતો પણ એકમન ખાવાને ત્યાં આવતો રહીશ."

આખરે લક્ષ્મીદાસના વિચાર બન્નેને અનુમત થયા અને લક્ષ્મીદાસે તેજ દિવસે સરસ્વતી તથા નર્મદાને બોલાવી લીધાં અને સરસ્વતી પાસેથી સુંદરદાસ તથા નર્મદા વિષેની બધી હકીકત જાણીને તેને તથા સુશીલાને—નર્મદાને ઠેકાણે પાડવાની સુચના આપી.

સુંદરદાસ આજે મામાને ત્યાં બીલકુલ ગયો નહિ અને આજનો દિવસ ઉદાસી અને અપવાસી રહીને પસાર કર્યો.

તેના મગજપર અનેક તર્કવિતર્કોની દોડાદોડી થઇ

રહી હતી અને તે ઘડીકમાં પોતાના મામાને આવી પતિ મેળવી આપવા માટે દોષ દેતો અને ઘડીકમાં પોતાના નસીબનો વાંક કાઢતી, તો ઘડીકમાં વળી પોતાનાં સાસરીયાંને, છોકરીને અણઘડ અને બેવકુફ રાખવા બદલ ઠપકો દેતો હતો અને તેમના તરફ તિરસ્કારના શબ્દ પ્રહાર કરતો હતો. આવી રીતે અનેક ઉચ્ચાટમાં તેનું મન ઘેરાયું હતું અને તેની છબી તેના હૃદયનો સાર બતાવતી કે:-

"હતી જ્યાં વસ્લની ખ્વાહીશ, મલ્યું ત્યાં ઝેરનું પ્યાલું,
પરંતુ એ દગો દેતાં, કહે તુજ હાથ શું આવ્યું!"

પ્રકરણ ૭ મું.

એક પ્રશ્ન જ્ઞાતિ અને નીતિ.

નર્મદા, સરસ્વતી, સુશીલા અને મોટીમાના સહવાસથી ધીમે ધીમે ઠેકાણે પડતી જણાઇ. તેનું બોલવું ઓછું થયું ફરવું બંધ થયું, અને ઘરના

કામકાજમાં ચિત ચોટવા લાગ્યું. આથી સુંદરદાસને પણ કંઇક સંતોષ થયો, તેનો સંતાપ વખતના વ્હેવા સાથે વિસરાવા લાગ્યો, હાલમાં નર્મદા અને તેને બોલવા ચાલવાનો પ્રસંગ પડતો નહિ; તેમ સુંદરદાસ ની ઘરની ખટપટથી દૂર રહેવાનું મળ્યું તેથી તેનાં ક્રોધના જે કારણો હતાં તે તો હાલ તુરત બંધ થયાં અને તેને કંઇક શાંતિ મળવા લાગી. પાછળથી તે આખો દિવસ પોતાના મામાને ઘેરજ પસાર કરવા લાગ્યો અને પોતાના તથા મામાના મિત્રો જોડે આનંદમાં કેટલાક દિવસ નિર્ગમન કર્યા.

મામાને ત્યાં રહયા પછી નર્મદાના સ્વભાવમાં ઘણો ફેરફાર થયેલો જોઇ સરસ્વતીને ઘણો આનંદ થયો. હવે સરસ્વતીને બે રસ્તે આસાયશ લેવાનો વખત મળ્યો એક તો નર્મદાના સ્વભાવના ફેરફારથી પોતાના ભાઇના તરફનો ઉચાટ મટયો અને બીજું પોતાના ભાઇના ઘરની જે કંઇ વ્યવસ્થા તે કરતી તે પણ હાલમાં નહતું એટલે તે હવે પોતાની નવ-રાસની વેળા–વાંચન લેખનમાં તથા મામી અને કાન્તા

વિગેરે સખીઓ સાથે વાતચીત તથા ગમ્મતમાં પસાર કરવા લાગી.

હાલમાં સરસ્વતીની વય લગભગ ૧૫–૧૬ વર્ષ થવા આવી છે અને એના મામા, ભાઇ વિગેરે એના લગ્નનીજ ગોઠવણમાં ફરે છે. પોતાની યોગ્ય ઉમ્મર થએલી હોવાથી સરસ્વતીના મનપર પણ એ વિચાર આવતા હતા અને ઘણી વેળા તે પોતાની મામી તથા સખીઓ સાથે વાતમાં પોતાના અંતરના ઉમળકા કાઢતાં પકડાઇ જતી હતી.

વાર્તાની બીજી નાયિકા કાન્તા પણ હજુ કુંવારી જ છે. બી, એ માં પાસ થયા પછી તેણે અભ્યાસ છોડી દીધો છે અને તે સુરતમાં પોતાના પિતાજ સાથેજ રહે છે તે ઘણી વખત સરસ્વતીને ત્યાં આવતી જતી અને અનેક પ્રકારની વાતોમાં પોતાનો વખત આનંદમાં ગાળતી.

એક દિવસે કાન્તા સરસ્વતીને ત્યાં આવી, આજે કાન્તા, રેશમી સાડી, બુટ મોજાં વિગેરે પહેરીને પૂર દમામમાં આવી હતી. તેનું પ્રફુલ્લ મુખ, તેની ચમક

ચમક કરતી આંખો અને કદાવર શરીર જોઇને સરસ્વતીને તે એક મોટી સ્ત્રી જેવી દેખાઇ અને તેથી તેના લગ્ન વિશે સરસ્વતી કંઇ પૃચ્છા કરે તે સ્વાભાવિક હતું.

"બેન, કાન્તા, આજે તો તું મોટી બાઇડી જેવા દેખાય છે હો! હવે તો તારાં લગન જલદીથી થાય તો સારૂં."

"તું પણ ક્યાં હજુ કાચી છે? તું દેશનાં હવા-પાણીમાં ઉછરી છે એટલે મારાથી નાની છે છતાં તું મોટી દેખાય છે. પણ હજુ ઘાઘરી અને ઓઢણી પહેરી છોકરીમાં ખપવું હશે?"

"ના, તેવું કંઇ નથી. તું કહે છે તે ખરૂં છે. પણ હવે તુંએ બે વરસ થયાં અહીં રહી છે એટલે સારી થઇ છે અને સાડી પહેરે છે ત્યારે તો મોટી સ્ત્રી જેવી દેખાય છે; એતો સમજ્યા— પણ હવે, તારાં લગન ક્યારે થવાનાં!"

"હવે લગન જલદીથી થાય એમ તો હુંએ ઇચ્છું છું અને તું પણ ક્યાં ઇચ્છતી નથી? કેમ,

તારા મનનીતો વાત કર ?"

"લગ્ન કરવાં વડીલના હાથમાં છે અને એ લોકો હવે એની તૈયારીમાંજ છે; સર્જિત હશે ત્યારે થશે.

"લે-ત્યારે તારા લગ્નની તો વાતો પણ ચાલે છે. સરસ્વતી, તારા મા બા તો સુધારાવાળા સાથે બેસનારા ઉઠનારા છે એટલે તેઓ તારા વિચારને અનુસરીનેજ લગ્ન કરશે ખરા ને !"

"તે કંઇ કહી શકાય એમ નથી; તેમ મારો અભિપ્રાય માંગશે તો પણ મને શું ખબર કે અમૂક આવો છે ને અમૂક તેવો છે કે હું મારા મનનો મત આપું !"

"એ તારી વાત બરાબર છે. આજના જમાનામાં સ્વયંવર કરવો અશક્ય છે. માતાપિતાની વિચારશક્તિ અને તેમના અનુભવ અને અભિપ્રાયપર આપણાં જીવનનો પાયો નંખાયછે. વારૂ ! એ વાત બાજુએ રહી પણ મારો એક પ્રશ્ન છે તેનો નિર્ણય કરીશ ? ધાર કે પતિ પસંદ કરવાની દરેક અનુ-

કુળતા હોય તો તું કેવો પતિ પસંદ કરે ?"

"બેન, કાન્તા, એ સવાલ ઘણો બારીક તેમજ વિકટ છે. આપણો સંસાર સુખમાં જાય, દરેક પ્રસંગે પતિપત્નિ હળીમળીને, એક બીજાના સુખ દુઃખમાં ભાગ લઇને, ક્લેશરહિત આનંદમાં રહે, એને માટે તો તે દંપતિના સ્વભાવ તથા ગુણપરજ આધાર રાખી શકાય. સ્વયંવર જેવી રીત હોય તો-એ એક બીજાનાં ગુણાદિની પરિક્ષા કરવાની અનુકુળતા મળે એમ કયાં છે. પ્રાચીન કાળના વિદ્વાનોના પુસ્તકાદિ વાંચવાથી જણાય છે કે જુના કાળમાં છોકરાં અને છોકરીઓ ઉભય ગુરૂકુળમાં (પછી તે એક હોય કે જુદાં હોય) વિદ્યાભ્યાસ કરતાં અને ત્યાં તેમને એક બીજાના સ્વભાવ ગુણ તથા સૌંદર્ય વગેરે જાણવાના પ્રસંગ પ્રાપ્ત થતા અને તેમનાં લગ્ન સ્વયંવરથી થતાં. આજે આવા પ્રસંગની પ્રાપ્તિ અશકય છે પણ મારૂં એવું માનવું છે કે જો દંપતિ વચ્ચે જે સાચો શુદ્ધ સ્નેહ કહેવાય છે તે હોય તો તેમના આચારવિચારો કદાચ કંઇક

અંશે ભિન્ન હોય તોપણ તે ચલાવી લઇ શકાય છે, અને તેમનો સંસાર સુખી નીવડે છે. એતો સૃષ્ટિનો નિયમ છે કે કોઇપણ માણસના વિચારાદિ કોઇ બીજા સાથે દરેક બાબતમાં સરખા તો નથીજ.

"આજના કાળમાં પણ છોકરા અને છોકરીઓને અમુક વખત સુધી સમાન શિક્ષણ આપવામાં આવે અને છોકરીઓને ઘરકામની ખાસ જોઇતી માહીતી ઉપરાંત છોકરાઓની માફકજ આવવા જવાની અને તેમના મન તન ખીલી શકે એવી કેળવણી અપાય તો કોઇપણ બે વચ્ચે વૃત્તિ, કૃતિ વગેરેની એકતા કે સમાનતાને લીધે પ્રેમ ઉદ્‌ભવે અને તેઓ પોતાના સંસારના સાથીઓ યોગ્ય પરિક્ષાદ્વારા શોધી શકે; પણ અહીં એ જરૂરનું છે કે તેમની કેળવણી અને સ્વતંત્રતા, સત્ય, નીતિ તથા ધર્મના પાયાપર હોવી જોઇએ અને તેમનાપર અમુક અંકુશ હોવો જોઇએ. જેમ એક પતંગ હવામાં યથેચ્છ ઉડે છે પણ તેને પવનના વાવાઝોડાથી ઝાડ કે જમીન સાથે અફળાય નહી તે માટે દોરી જેમ અંકુશરૂપ છે તેવો અંકુશ

તેમનાપર હોવો આવશ્યક છે.

આપણે સંસ્કૃત તેમજ કેટલાક અંગ્રેજ કવિ અને લેખકોનાં નાટક તથા કથામાં જોઈએ છીએ કે કેટલાંક સ્ત્રીપુરૂષનો પ્રેમ અલૌકિક હતો અને તે પ્રેમનો ઉદ્ભવ પણ ઈશ્વર પ્રેરિત હતો અને તેમનો સંસાર સુખરૂપ નીવડ્યો હતો. આજના જમાનામાં માનસિક શક્તિ ખીલવવાનાં સાધનોની ન્યુનતાને લીધે તેમ બીજી એવી કેટલીક નડતરોને લીધે આવો પ્રેમ ઉદ્ભવ થવાનો સંભવ ન હોય તોપણ આગળ કહ્યા પ્રમાણે કેળવણીથી એક બીજાના વિચાર, આચાર, સમાન બનાવી શકાય અને ભવિષ્યમાં સુખી સંસાર પ્રાપ્ત થાય."

"અહો, હેં તો પ્રેમપાઠનો ઠીક અભ્યાસ કર્યો લાગે છે હું ધારૂં છું કે ત્યારે તો તેં એક પ્રેમપાત્ર શોધી રાખ્યું હશે !" કાન્તા હસી.

"ના, બેન, એવા સંજોગો મને પ્રાપ્ત થયા નથી તેમ એવું પ્રેમનું પાત્ર શોધ્યું નથી. કાન્તા, મારી તો એવી માન્યતા છે કે પ્રેમ એક એવી અલૌકિક વસ્તુ

છે કે તે તેના પ્રિયપાત્રને એની મેળે મીઠાશ આપે છે. આવા પ્રેમને જ્યાંસુધી તેને આકર્ષક અન્ય પ્રેમીનો પ્રેમ પ્રાપ્ત થતો નથી, ત્યાંસુધી તે આપણા હૃદયમાં એક બાજુએ શાંત અને ગુપ્ત બેઠો રહે છે. સુધાકરના કિરણથી જેમ કુમુદિની ખીલે છે તેમ પ્રેમ પ્રેમથી ઉઘડે છે અને જ્યારે દિવસના સુધાકર અદ્દશ્ય હોય છે ત્યારે કુમુદિની જળમાં પડી બીડાઈ રહે છે તેમ પ્રેમી પાત્રના અભાવે આપણો પ્રેમ હૃદયમાં ગુપચુપ રહે છે. તેમ વળી પ્રેમ એવી કોમળ ચીજ છે કે તેને આપણે જેમ કેળવવો હોય તેમ કેળવી શકાય છે. ધારો કે એક આંધળા જન્મ તેના પ્રતિકૂળ પ્રકૃતિવાળા પુરુષ જોડે થાય તો પણ જો તેઓ પ્રયત્ન કરે તો શુદ્ધ ભાવ અને ભક્તિવડે તેઓ એક બીજાનાં હૃદયનો પેતાના પ્રતિ ખેંચી શકે અને ધીમે ધીમે એક બીજાના ગુણ, વિચાર ને સ્વભાવને સરખા બનાવી શકે."

"પણ ભાઈ, તું આગળ કહી ગઈ તેમ, 'શુદ્ધ પ્રેમનું પાત્ર' બીજા જોડે લગ્ન થયાં પછી મળી

આવે તો. ?"

"તો જાનવા જોગ છે કે "સરસ્વતીચંદ્રની કુમુદ" ના જેવી તેની ત્રિશંકુગતિ થાય! પણ એ કુમુદસુંદરીને પ્રમાદધન જેવો તદ્દન વિરુદ્ધ પ્રકૃતિનો પતિ ન મળ્યો હોત અથવા પ્રમાદધનનામાંજ થોડાજ અવગુણ હોત તો શું કુમુદનું જીવન આટલું બધું દુઃખી થાત? ના, નહિ થાત. તેનો આંતરિક પ્રેમ ભલે સરસ્વતીચંદ્ર જોડે રહ્યો પણ તેનું બાહ્યજીવન સંસારિક સુખ અને આનંદપૂર્વક ચાલી શકે અને તેટલું કરવાને કુમુદનામાં શક્તિ હતી; પણ આજ કાલ એવું પ્રેમદર્શન જોવામાં નથી આવતું માટે એવી વૃથા વાત શામાટે જોઈએ! ઠીક, કાન્તા હવે પોતે કહોની શું કરવાના. ?"

"તેં કહ્યું તેમજ, માતપિતાપરજ આપણો આધાર છે."

"પણ તારા પિતા તો અતિ સુધારક છે! તેમ તેં તો પતિનો કયારનો પસંદ કર્યો છેને!" સરસ્વતીએ માર્મીક પ્રશ્ન કર્યો.

"કોણુ, મેં ! વળી એ વાત ક્યાંથી લાવી તું."

"કેમ, પેલો રોમીઓનો પાઠ લેનાર-તારો સહ-યોગી વિદ્યાર્થી !"

"અરે, તેતો વણિક છે. તેની સાથે તે વળી લગ્ન થાય કે ? સરસ્વતી, તને પણ નવા નવા તર્ક ઉઠાવતાં ઠીક આવડે છે ?"

"પણ ત્યારે શુ તેં તેની જોડે કંઇ વ્યવહાર નથી રાખ્યો."

"અરે તેની જોડે એક દિવસ નાટક ભજવ્યો, તેથી શું થયું ?"

"તો હવે સંસારની સ્ટેજપર તેની સાથે ઉતરે તો તું વધારે સુખી થાય એમ મારી કલ્પના છે."

"પણ તે બને કેમ ! જુદી જુદી જ્ઞાતિવચ્ચે લગ્ન ક્યાં થાય છે તારા પિતા અગ્ર સુધારી છે તો શું તે આ જ્ઞાતિભેદનો કોટ તોડવાનું પસંદ નહિ કરે ?"

"તે હું કહી શકું નહિ; અને તેમ બને પણ નહિ; પણ અમારી જ્ઞાતમાં વર ક્યાં નથી મળતા કે બીજી જ્ઞાતિ સુધી જવું પડે."

"બેન, કાન્તા, મારા ઉપર ગુસ્સે ન થાય તો હું તને એક વાત કહું."

"તારા ઉપર હું કયે દિવસે ગુસ્સે થઇ હતી; તારે જે કહેવુ હોય તે ખુશીથી કહે! વળી આજે આપણે એકલાં છીએ એટલે જે કાંઇ કહેવું હોય તે કહે!"

"મને ખબર છે કે પેલા 'એન (N)' નામના પુરૂષસાથે તારે ગાઢ સંબંધ છે. તેની અને તારી વચ્ચે Love letter. (પ્રેમપત્ર) નો વ્યવહાર ચાલે છે. સારી વાત છે કે કદાચ તું હજુ સુધી અવળે માર્ગે ન ગઇ હોય તથાપિ તારો પ્રેમ તેનાપ્રતિ આકર્ષાયો છે એ તો સિદ્ધ છે તો પછી તેની જોડે લગ્ન કરવું હિતકારક છે. આમ કરવાથી કદાચ લોકોમાં વાત થશે એટલુંજ. તારીજ જ્ઞાતિમાં લગ્ન કરવાથી લોક અપવાદનો ભય મટશે ખરો પણ ભવિષ્યમાં તારા સંસારને એક બીજો મોટો ભય નડવાનો સંભવ છે" સરસ્વતીએ આ શબ્દો ગંભીરપણે કહ્યા.

"શું" કાન્તા ઉંડા વીચારમાં પડી.

"સાંભળ—તારા લગ્ન બીજા ગમે તેની સાથે થાય અને તમો બેઉવચ્ચે મેં આગળ કહ્યો તેવો પ્રેમ ઉદ્દભવ પામે તો પણ તું તારી છોકરાબાઇ-ફુલો પવિત્રતા ભૂલી જાય એ તદ્દન સંભવિત છે. અને તેથી ભય છે કે તું અનીતિમાં ફસાય તો જો એનીજ સાથે લગ્ન થાય તો પછી અનીતિ જેવું કંઇ રહેજ નહિ. કહે! આ હિસાબે ગ્નાતિની વધારે પરવા છે કે નીતિની?"

"સરસ્વતી, તારી વાત માનનીય છે! એ પ્રશ્નનો ખુલાસો થવો કઠીન છે તેમ એ પ્રમાણે કરવું પણ કઠીન લાગે છે. ધાર કે મારા પિતા તેમ કરવા હિંમત કરે તેથી શું પેલા લોકો થોડાજ તૈયાર થાય!"

"પણ જેમ તું તારા પિતાને એ કામ કરવા સમજાવે તેમ તે પણ તેના પિતાને સમજાવે. તે-મને સમજાવવું જોઇએ કે નીતિના ભોગે ગ્નાતિની પરવા શા માટે કરવી, તેમ જેમ કરવું તે પણ

ક્યાં ખોટું છે. આપણા પૂર્વકાળના ઇતિહાસ તરફ નજર નાંખ, અરસપરસ લગ્નવ્યવહાર તે વેળા હતો. ઘણા રાજા વગેરે દૂર દેશની અને પર જ્ઞાતિની કન્યા પરણી લાવ્યા હતા. મનુસ્મૃતિ તરફ જો એવાં લગ્ન કરવાને તેમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે તો પછી આ રિવાજ કદાચ હાલના વખતમાં નવીન લાગે પણ તે ધર્માનુકુળજ છે.

વળી તમારા બેઉનાં માતપિતા ન માને તો પણ તમો બેઉ રાજી હોતો તમે વધારે ભણ્યાં છો, મોટી ઉમ્મરને લીધે સ્વતંત્ર છો તો પછી એ સ્વતંત્રતાનો ઉપયોગ શું ન થઇ શકે ?"

"સરસ્વતી, તું સ્વતંત્રતાની અને ધર્મની મોટી મોટી વાતો કરે છે ખરી પણ તેમ વર્તવાનો વખત આવે ત્યારે ખબર પડે ! એ સવાલ કેવો વિકટ અને ગંભીર છે તેનો વિચાર કર્યો ?"

"જ્યારે તમારા જેવા એજ્યુએટો અને તારા પિતા જેવા સુધારકો એવા વિકટ પ્રશ્નમાં માથું મારશે નહીં અને સંસારનો માર્ગ સરળ કરશે નહિ

ત્યારે બીજા કોણ તૈયાર થશે? અને આ પ્રશ્ન તો તારા અંગત લાભનો છે, તો તે તારે અવશ્ય વિચારવો જોઇએ—મારૂં તો એટલુંજ કહેવું છે કે પ્રથમ નીતિ અને પછી જ્ઞાતિ. અનીતિનો ભય તને ભપકતો છે. જે જે જ્ઞાતિવચ્ચે ખાનપાનનો વ્યવહાર ચાલે છે ત્યાં લગ્નવ્યવહાર ચાલુ કરવો એ કંઇ મહાભારત કામ નથી તેમ તમને વિરોધીના મોટાં દળ સામે પણ લડવાનું રહેશે નહિ."

"એ વાત ખરી છે; સરસ્વતી, તું કહે તેમ સુધારાનું આગળ પગલું ભરવાનું ન બને તો પણ તને જે અનીતિનો ભય લાગે છે તે ભય આવે નહિ એવી તને ખાત્રી આપું તો!"

"જો તેમ થાય તો આનંદની વાત છે. છતાં જો તેની જોડે લગ્ન થાય તો એ ભયનું કારણ અત્યારથીજ નિર્મૂળ થાય. તેમ વળી તમારા વિચાર સ્વભાવ, અભ્યાસ વિગેરે સરખા હોવાથી તમારાં જીવન સુખી નીવડ્યા વગર રહે નહિ."

"બેન, તારી શીખામણ સોના સરખી છે પણ

એ 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવું છે, તો પછી તેનો શું ઉપાય ?"

"જો, આટલીજ વાત તારા પિતાશ્રીને કહી હોય અથવા પેલા તારા મી૦ એનને લખી હોય તો. !"

"ના, ના, બેન, એવું કરીશ નહિ. મારી વાત ઉઘાડી પાડીશ નહિ, મેં તને આગળ તો કહ્યું છે કે તેની સાથે હજુ સુધી કોઈ અનીતિકારક પ્રસંગ બન્યો નથી સિવાય કે-માત્ર સ્ટેશનપર ——" કાન્તા શરમાઇ અને બોલતાં અટકી.

"તારા વચન ઉપર વિશ્વાસ રાખું તોયે તારા કહેવા પ્રમાણે એટલુંયે ખરૂં ને !"

કાન્તા ચુપ રહી અને તેનાથી આગળ બોલાયું નહિ. "હશે, હવે એ વાત બંધ કરો. આપણા હાથમાં શું છે, પરમાત્માને પાલવે તેમ થાય !" એટલું કહી સરસ્વતીએ આ છાની અને ખાનગી વાતનો અંત આણ્યો અને તે બેઉ સખી ઉઠીને ઓરડામાંથી ઘરના અંદરના ભાગમાં સુશીલા તથા નર્મદા બેઠાં હતાં ત્યાં જઇ બેઠી અને તેમની સાથે વાતોમાં ભળી.

પ્રકરણ ૮ મું.

નસીબની બલિહારી.

જે દિવસે અને જે સમયે સરસ્વતી અને કાન્તા પોતાના લગ્નની રસીક ગોષ્ટિ કરતી હતી તેજ દિવસે અને તેજ સમયે, સરસ્વતીના મામા તથા ભાઇ તેમની વાડીમાં સરસ્વતીના લગ્નની ગોઠવણ કરતા હતા.

સરસ્વતીની વય લગ્ન યોગ્ય થઇ ચુકી હતી તેમ સરસ્વતીના મનોભાવ સુશીલાદ્વારા લક્ષ્મીદાસે જાણ્યા હતા એટલે તેઓ સરસ્વતીને માટે યોગ્ય વરની શોધ માંજ હતા, લક્ષ્મીદાસના ચિત્તમાં એ વાત ઘણો વખત થયા રમ્યા કરતી હતી અને તેને માટે યોગ્ય તજવીજ કરતાં ખબર મળી કે—અમદાવાદના રહીશ અને મુંબઇમાં રહીને વેપાર કરતા કુન્દનલાલ નામના એક વણિક વેપારીનો પુત્ર મુંબઇમાં ઉંચો અભ્યાસ

કરે છે અને તે દરેકરીતે સરસ્વતીને લાયક વર છે. લક્ષ્મીદાસે પોતાના મિત્ર મારફતે કુન્દનલાલને લગ્ન વિશે પૂછાવ્યું અને તેણે હા પાડી અને ત્યાર પછી બેઉની અનુકુળતાએ લગ્ન જોડવાનું નક્કી થયું.

કુંદનલાલને સુરત બોલાવ્યા અને ત્યાં લક્ષ્મીદાસના બંગલામાં ચાર પાંચ પ્રતિષ્ઠિત મિત્રોમાં નટવરલાલ અને સરસ્વતીનાં લગ્ન નક્કી થયાં.

લગ્ન થયાં તેજ દિવસે રાત્રે ઘરમાં બધાંને લગ્ન વિશેની વાત કરી તથા કુન્દનલાલ અને નટવરલાલ વિષે જાણવાજોગ વૃત્તાંત કર્યું.

આ માંગલિક પ્રસંગની વાત સાંભળી સૌ આનંદ પામ્યાં; પોતાને એક મોટી વયનો ગ્રેજ્યુએટ અને વકીલ વર મળ્યો છે એ જાણી સરસ્વતીના આનંદનો પાર રહ્યો નહિ.

બીજે દિવસે કુન્દનલાલ તથા કેટલાક મિત્રોને લક્ષ્મીદાસે પોતાને ત્યાં બોલાવ્યા, તેમનું મિષ્ટ પકવાન્નથી સ્વાગત કર્યું, તેજ દિવસે લગ્નનો દિવસ નક્કી કર્યો અને ખુશાલીમાં ફળીઆમાં તથા મિત્રમંડળાદિમાં સાકર વ્હેંચી.

સરસ્વતીને તે ક્યાંથી ખબર હોય કે નટવરલાલ તે બીજો કોઇ નહિ પણ તે તેજ મી૦ એન. કે જેની સાથે લગ્ન કરવાની સરસ્વતી કાન્તાને સમજાવતી હતી અને જ્યારે તેનીજ સાથે પોતાના લગ્ન તેજ સમયે નક્કી થતાં હતાં. નસીબની કેવી બલિહારી !

આજ સમયે કાન્તાના લગ્નની તૈયારી પણ થઇ રહી હતી. કાન્તા મોટી વયની થઇ ગઇ હતી એટલે તેના પિતા નવનીધરાય તેના લગ્નને માટે ક્યારના તજવીજ કરતા હતા. નવનીધરાય એક ઉંચ કુટુંબનો બ્રાહ્મણ હતો કે જે કુટુંબમાં વરની કીંમત અમૂલ્ય હતી અને એમ થવાનું કારણ કંઇક છોકરાની અછત તથા કંઇક ઉચ્ચ કુટુંબનો ગર્વ. આથી મોટી વયસુધી કોઇ ઝાઝા કુંવારા રહેવા પામતા ન હતા તેથી નવનીધરાયને કાન્તાને યોગ્ય વર શોધવાનું મુશ્કેલ થઇ પડ્યું. કાન્તા મોટી તેમજ ગ્રેજ્યુએટ હતી એટલે એને માટે વર પણ મોટો અને ગ્રેજ્યુએટજ શોધવો જોઇએ. નવનીધલાલને માથે આ વર શોધવાનું મોટું અને મુશ્કેલ

ત્રાસ ભાળવી પડયું. પોતાના સ્નેહી સંબંધી તેમજ મિત્રો મારફતે ખબર કઢાવી પણ કોઇ શ્રીમંત તેમજ ગ્રેજ્યુએટ વર મળ્યો નહિ તેથી તે નિરાશ થયો પણ આખરે ઘણી ગુંચવણે અને મહામહેનતે એક વર મળી આવ્યો જેની આર્થિક સ્થિતિ સાધારણ હતી, વય કાન્તાના જેવડી હતી અને બી. એ. ના પહેલા વર્ષમાં અભ્યાસ કરતો અને સ્વભાવે સરળ, શાંત, હેત અને મળતાવડો હતો. એનું નામ રમણિકલાલ હતું, તેના પિતા નડીયાદના એક સાધારણ જમીનદાર હતા અને તે પોતાનું પોષણ પોતાની જમીનદારી ઉપરજ ચલાવતા હતા. રમણીકલાલ મુંબઇમાં કોલેજની રેસીડન્સીમાં રહીને અભ્યાસ કરતો હતો.

પોતાના બીજા જ્ઞાતિભાઇઓની પેઠે એને પરણવાની બહુ ઉમેદ ન હતી. તેનો નિશ્ચય બી. એ. પાસ થયા પછી અને પોતાનું સ્વતંત્ર પોષણ કરી શકે એટલી કમાણી થાય ત્યાં સુધી પરણવાનો વિચાર ન હતો અને તેથી તેણે આજ સુધી ઘણાને ના પાડી હતી; પણ કાન્તા જેવી મોટી વયની, સ્વરૂપવાન અને ગ્રેજ્યુએટ જેવી કન્યા ન હોત તો નવલીચંદને પણ તેના તરફથી નાનો ઉત્તર મળત.

રમણીકલાલને મનભાવતી સ્ત્રી મળી એટલે તેણે હા પાડી અને કાન્તા તથા રમણીકલાલનાં લગ્ન જોડાયાં.

કુન્દનલાલ મુંબઇમાં ઘર જેવુંજ કરીને રહ્યો હતો તેથી લગ્નને માટે અમદાવાદ જવું અને ત્યાંથી સુરત આવવું એ તેને જરા વસમું લાગ્યું, તેમ નટવરલાલને પણ પોતાના મિત્ર વગેરે આવી ન શકશે એ વિચારથી ન રૂચ્યું. તેથી તેમણે લક્ષ્મીદાસનેજ કુંટુબ સાથે મુંબઇ આવવા વિનાતી કરી. તેમ તેમને જોઇતી મદદ કરવાને પણ લખી જણાવ્યું; લક્ષ્મીદાસને પણ એ વાત ઠીક ગમી. મુંબઇમાં તેમની જ્ઞાતિ તરફથી લગ્નાદિને માટે ઠીક જોગવાઇ રાખી હતી તેમ પૈસા ખરચતાં પણ જે સાધન અહીં મળવાં મુશ્કેલ છે તે ત્યાં મળી શકે છે, એ વિચારથી પણ લક્ષ્મીદાસે કુન્દનલાલની માંગણી રાજીથી કબુલ રાખી અને લગ્નને થોડા દિવસ રહ્યા તે અગાઉ તેઓ બધાં મુંબાઇ આવી પહોંચ્યાં.

તેમને માટે રહેવા વિગેરેની દરેક ગોઠવણ તથા

લગ્નના માટેના સાહિત્યનો પ્રબંધ કુંન્દનલાલે આગળથી કરાવી રાખ્યો હતો.

જેમ જેમ લગ્નનો દિવસ સમીપ આવતો ગયો તેમ તેમ સરસ્વતી, તે દિવસ પછીનો અનુભવ લેવાને અધિરી બનતી ગઇ. તે શુભ પ્રસંગ આવ્યો, સાંગોપાંગ અને સર્વના આનંદ વચ્ચે તે પ્રસંગ પૂર્ણ થયો; સરસ્વતી સાસરે ગઇ; ગૃહરાજ્યના પ્રજા રાજા સત્તાક (Limited monarchy) રાજ્યનું પ્રધાનપદ લીધું.

લક્ષ્મીદાસ તથા તેનું કુટુંબ થોડા દિવસ પછી સુરત ચાલ્યાં ગયાં. સુશીલાને હવે સરસ્વતી વિના કંઇ ચેન પડતું નહિ અને દરરોજ સરસ્વતીને યાદ કરતી તથા તેનાપર પત્ર લખતી, કોઇકોઇ દિવસે તો સુશીલા–સરસ્વતીને માટે એટલી બધી ઘેલી થઇ જતી કે, એક પત્ર લખ્યો હોય છતાં તે ભુલી જઇ તેજ દિને બીજો પત્ર લખી દેતી અને સરસ્વતી પતિની ગોદમાં બેઠી બેઠી પોતાની મામીના વાત્સલ્યનું દર્શન કરતી હતી,

સુંદરદાસ હવે નર્મદાને લઇને પોતાને ઘેર ગયો; અને તેને નર્મદા સુધરી જવાની ખાત્રી થવાથી ઘર નો સર્વ કારભાર તેને સોંપી દીધો.

કાન્તાનાં લગ્ન પણ એજ સમયમાં સુરતમાં પુર ધામધુમથી અને આનંદ સમેત પૂર્ણ થયા અને કાન્તા સાસરે ગઇ.

સરસ્વતી અને કાન્તાને એક બીજાનાં લગ્નમાં ભાગ લેવાને અતિ હોંસ હતી પણ તે હોંસ પાર પડી નહિ, કારણ બેઉના લગ્નદિવસો પાસે પાસે હતા અને વળી બેઉના લગ્ન જુદે જુદે સ્થળે થયાં. એટલે તેઓ ઉભય નિરાશ બન્યાં.

વળી તેમનાં લગ્ન ક્યાં અને કોની જોડે થયાં તે પણ તે બેઉ સખીઓથી અજ્ઞાત રહ્યું, કારણ તેમનાં લગ્નની વાતો જાહેર ચર્ચાવા લાગી કે બેઉ સખીઓ ઝાઝી મળતી નહિ અને મળતી ત્યારે પણ તેમને એ વાત કરવાનો પ્રસંગ મળ્યો નહતો અને તેઓ પોતાના લગ્નની ખુશાલીમાં એટલાં બધાં મશગુલ હતાં કે એ વીશેનાજ વાતો પણ કરતાં

નહિ તોપણ ઘરના માણસોની સાધારણ વાતો ઉપ-રથી તેઓને તેમનાં પતિ વિશે કંઇ કંઇ માહિતી મળી, પણ નામ નહિ જાણી શકવાને લીધે ઘણા વખત સુધી કાન્તા જાણી શકી નહિ કે "નટવર-લાલ યાને રોમીઓ જોડે સરસ્વતીના લગ્ન થયાં છે"

પ્રકરણ ૯ મું.

સંસારના પિંજરાંમાં.

આજસુધી સ્વતંત્રતાના વાતાવરણમાં ઉડતાં પક્ષી સંસાર પિંજરમાં પૂરાયાં.

સરસ્વતી ધીમેધીમે પોતાના સાસરીયાવાળા સાથે સ્નેહાળ અને શાંત શબ્દોથી તથા પોતાના મિલન-સાર સ્વભાવ વડે સર્વમાં ભળી ગઇ, તે સૌને વ્હાલી લાગવા માંડી અને સૌપ્રતિ સ્નેહદૃષ્ટિથી જોતી. સર-

સ્વતીની સાસુ લક્ષ્મી કે જેનામાં લક્ષ્મીના વૈભવનો જરાપણ ગર્વ ન હતો તેમ તેની બે નણંદો જેમાંની એક પરણી હતી, તે સૌ સરસ્વતીને ખરેખર 'સરસ્વતી' ના અવતારરૂપ ગણતાં હતાં.

સરસ્વતી પણ મર્યાદામાં રહીને સૌ સાથે સારૂં વર્તન રાખતી; પોતાની નાની નણંદ સુંદરબાને વખતો વખત શિક્ષણ આપતી અને ઘરનાં દરેક કામમાં આગળ પડતો ભાગ લેતી.

હજુ સુધી નટવરલાલ સાથે સરસ્વતીને સ્નેહ સમાગમ થયો નહતો. ઘરનાં વડીલની શરમને લીધે તેમ આરંભમાં ઉદ્ભવતા હૃદયના ક્ષોભને લીધે તેઓ એક બીજાને મળવાને તત્પર છતાં તેમ કરી શક્યાં નહિ

કાન્તા પરણી ચુકી છે એની નટવરલાલને ખબર થઇ, પરણ્યા પછી તેમનો આગલો સંબંધ રહેશે નહિ એ નટવરલાલની માન્યતા દ્રઢ થઇ અને તેથી સરસ્વતીને લાભ થયો. ગમે તેવી પણ કાન્તા પારકી અને સરસ્વતી પોતાની; એ વિચાર નટવરલાલના

મનમાં ઉત્પન્ન થયો અને તેથી તેમનાં હૃદયના ક્ષોભનો ક્ષય થયો અને આજે સરસ્વતી દરરોજ માફક નટવરલાલના ઓરડામાં તે આવે તે અગાઉ જઇ બેઠી પણ શરમથી એક બીજાને મલ્યા વગર ઉઠી જતાં તેમ આજે બન્યું નહિ પણ આજની રમણીય રાત્રી તેમને આનંદજનક નીવડી.

કેટલોક વખત સુધી મિત્ર ગોષ્ઠિ અને પ્રેમ વિનિમય થયા પછી નટવરલાલે પ્રશ્ન કર્યો.

" તમારૂં નામ શું ? "

" મારૂં નામ જાણોછો અને વળી મને માનાર્થો સંબોધનથી પૂછોછો એનો વિચિત્ર છે ? "

" સ્રીઓ હમેશાં પૂજ્ય છે એમ હું માનું છું; તમારા મુખથી હું તમારૂં નામ સાંભળવાની ઇચ્છા રાખું છું ? "

" સ્રીઓ પુજ્ય હોય છતાં હું તો આપની ચર્ણ રજ છું! છતાં મને એરીતે સંબોધીને પૂછો છો તો જેની તમે ઉપાસના કરોછો તે મારૂં નામ છે ! "

" હું કોની ઉપાસના કરૂં છું ? "

"ગોક એ વસ્તુની પ્રાપ્તિ અર્થે તમે તેની ઉપાસના કરોછો ?

" ઠીક સમજ્યે. હું લક્ષ્મીની ઉપાસના કરૂં છું ! ત્યારે શું ! તમારૂં નામ લક્ષ્મી ? " નટવરલાલ હસ્યો.

" મને માનાર્થે સંબોધવાનું મારાપ્રતિના સ્નેહને ખાતર બંધ કરો તો સારૂં "

" તારી એવી ઇચ્છા છે તો તેમ કરીશ "

" તમે ક્યાં લક્ષ્મીની ઉપાસના કરો છો ? લક્ષ્મી તથા કીર્તિની પ્રાપ્તિ અર્થે કોઇ ત્રીજીજ નું ઉપાસના કરોછો ? "

" હા, હા, હું હવે બરોબર સમજ્યો ! વહ તારૂં નામ સરસ્વતી છે તેવુંજ તારૂં કામ સર તીના જેવું છે અને તેથી સરસ્વતીની પે તું પણ ઉપાસ્યજ છે; મારા બાગમાં આવું રત્ન મળ્યું એથી અંતરમાં અપૂર્વ આનંદ થાય છે.

" ત્યારે ભાગ્યવાન તો હુંજ કે આપના

વિદ્વાન પતિની સેવા કરવાનો મને પ્રસંગ પ્રાપ્ત થયો છે. ”

બાકી કેટલીક કામની કે નકામની પણ પ્રેમીને મન સૌ કામની વતો કરી એક બીજાનાં હૃદયમાં સ્નેહરસ સીંચી તે પ્રેમી યુગલ જગકર્તાના ચિરંકાળ નિયમોને અધિન થયું.

પણ દુર્ભાગ્યે સરસ્વતીનો આ સ્નેહ સમાગમ અને સુખી સંસાર—દીર્ઘ કાળ સુધી અખંડ રહ્યો નહિ. નટવરલાલના સરસ્વતી પ્રતિના શુદ્ધ પ્રેમપ્રવાહને કાન્તાના એક પત્રે અટકાવ્યો.

કાન્તા પોતાના લગ્ન થયાં ત્યારથી સાસરે રેહવા લાગી અને રમણિકલાલ રજા પૂરી થએ મુંબઇ ચાલ્યો આવ્યો.

દિવસે દિવસે કાન્તા શરીરમાં વધવા લાગી અને તેથી તેના સસરા તથા પિતાને સાસરે કે પિયર પતિથી દૂર રાખવાને ઠીક લાગ્યું નહિ, તેથી તેઓએ કાન્તાને મુંબઇ મોકલવાનો નિશ્ચય કર્યો અને તે વિષે રમણિકલાલનો અભિપ્રાય મંગાવ્યો.

રમણિકલાલે સર્વનો એક નિશ્ચય છે તે જાણી તેમ કાન્તા તેને અભ્યાસ વિગેરેમાં મદદ રૂપ થઇ પડશે એ વિચારથી, બી. એ. પાસ થયા પછી સ્વતંત્ર ઘર ચલાવવાનો તેનો વિચાર પડી ભાંગ્યો અને તેણે કાન્તાને બોલાવી પોતાની સવડ પ્રમાણે કોલેજથી થોડેક દૂર એક મકાનમાં પોતાને ખપ પૂરતી જગ્યા ભાડે રાખી.

નવનીધરાયે પોતાની પુત્રીને જોઇતો મુખ્ય સામાન મોકલાવ્યો, તેમ કેટલીક જરૂરીઆતની ચીજો રમણિકલાલ ના પિતા તરફથી આવી; અને કાન્તા પણ પોતાની ચોપડીઓ, કપડાં વિગેરે સર્વ સામાન લઇને મુંબઇ આવી.

મુંબઇમાં આવી કે તરતજ મુંબઇના સ્વછંદી વાતાવરણમાં ઉછરેલી કાન્તા સરસ્વતીનો ઉપદેશ ભુલી ગઇ અને તેણે નટવરલાલને પોતાનાં આગમનનું સુચન કર્યું અને અને પોતાને મળવાને વિનતી કરી.

આ પત્રથી નટવરલાલની આગલી વૃતી સતેજ થઇ અને કાન્તા પ્રતિ તેનું મન ખેંચાયું, આવી રીતે સરસ્વતીએ કલ્પેલા, ભયની 'સીગનલ' થઇ.

કાન્તા અને નટવર પુનઃ વખતો વખત મળવાં લાગ્યાં અને તેમનો પૂર્વ સંબંધ પુનઃ ચાલુ થયો.

નટવરલાલને તો ઘર તરફ કંઈ જોવાનું હતું જ નહિ, તેમ સરસ્વતીને પણ એ વાતની ખબર હતી નહિં એટલે નટવરલાલ વિશે તેને શંકા ક્યાંથી હોય ?

પોતાના સમાગમમાં પહેલાની માફક રહેતા નથી, તેમ વધારે રસીક વાતો કરતા નથી ! તે કંઇ વ્યહા-રના કામમાં ગુંથાયા હશે ? અથવા પરિક્ષા નજીક આવી છે તેની તૈયારીમાં હશે, એ કારણો માનવાને બદલે અન્ય ઉલટા વ્હેમી વિચાર બાંધે એવી સરસ્વતી ન હતી.

પણ કાન્તાની સ્થિતિ બેઢંગ થઇ પડી. તેનું ઘર કામમાં બરોબર ચિત્ત પરોવાતું નહિ. રમણિકલાલ ઘર આગળ ઘરના કામકાજમાં પોતાની જેટલી મદદ ... કાન્તાના ઉપર છોડી દેતો અને પોતે અભ્યાસ કરતો પણ કાન્તાને એ બેડીમાં પુરાવું કેમ પસંદ પડનારૂં ! મોટા ઘરમાં રહેલી, તૈયાર ભોજન જમેલી

અને છૂટથી ફરેલી ને આમ નાની સરખી રૂમમાં રહેવાનું, હાથે રાંધી જમાડવાનું અને જનતનુ. આખો દીવસ ઘરના કામમાં ગુંથાઇ રહેવાનું કેમ પસંદ પડે? રમણિકલાલ ઘણી વખત પાંચ વાગે કાન્તા સાથે ફરવા જતો પણ કાન્તાને તે દરરોજ ફરવું જોઇએ.

રમણિકલાલને બાપની કમાણી ઉપર મોટી જ રાખવી અને તેને પુરતી દરેક જોગવાઈ રાખવી યોગ્ય લાગ્યું નહતું અને તેથી બે માણસ રહી અને તેમને જોઇતી દરેક ચીજનો સારી રીતે વેશ થાય એવી જગ્યા ભાડે લીધી હતી, પણ કા પોતાનો જુદો ઓરડો જોઇતો હતો અને તેમાં પ તથા ખુરશી ટેબલ જોઇતાં હતાં, તેને માટે જ્યારે રમણિકલાલ આગળ માંગણી કરતી ત્યારે તેને એ ઉત્તર મળતો કેઃ—

"એ તારી સર્વ આશા બી. એ. પાસ થયા પછી પાર પડશે. અત્યારે પિતાના પૈસા પર મોટા દમામમા રહેવું મને યોગ્ય લાગતું નથી; તેમ વિદ્યાર્થી અવ-

સ્થામાં એ બધો વૈભવ પણ કામનો નથી."

"વિદ્યાર્થી તમેછો! તમારે જોઇએ તો તમે સાદું જીવન ગાળો! તમારી પથારી ભલે રહી! તમારા પિતા પાસેથી પૈસા ન મંગાવો તો હું મારા પિતાને કાગળ લખી મંગાવું છું."

"હું પિતાને કાગળ લખું તો તે ના પાડે એમ નથી પણ મારો એવો નિશ્ચય છે કે દરેક મોજ શોખ કે વૈભવ જાત મહેનતના પૈસાથી થાય તો સારૂં; વળી તારા પિતા પૈસા મોકલશે પણ પલંગ અને ટેબલને મૂકીશું કયાં?" રમણીકલાલ છેવટે હસ્યો.

"ત્યારે બીજી મોટી જગ્યા ભાડે રાખવી પડશે"

"એ બધું મારાથી અત્યારે વેઠાય એમ નથી"

"પણ તમને તે પોતાને ભારી ન પડે!"

"પણશા માટે હું અન્યના રૂણમાં આવું!"

"એ રૂણનાં ભયથી બીવાનું નથી. આવી સાંકડી જગ્યામાં રહેવાથી અને આટલી અગવડતા ભોગવ્યાથી ભય છે કે બિમારી આવે અને પછી દાકતરના પૈસા તમારેજ ભરવા પડશે."

"તારી જોઇતી વસ્તુ મેળવવાને માટે તું અનેક બહાના શોધશે, આ હઠ તે આનું નામજ!

તે તમે ગમે તેમ માનો, હું આજે પિતાને કાગળ લખું છું અને પલંગ વિગેરેને માટે ઓર્ડર આપું છું; માટે તમે કોઈ બીજી સારી જગ્યા શોધી કાઢો.'

આખરે રમણિકલાલથી કાન્તાની હઠ અને આજ્ઞાનો અનાદર થઇ શક્યો નહિ. તેણે એક બીજા નવા મકાનમાં મોટો બ્લોક ભાડે રાખ્યો; જેમાં એક દિવાનખાનું અને ત્રણ નાના મોટા ઓરડા હતા. અને તેનું ભાડું રૂપીઆ પાંત્રીશ હતું. કાન્તાએ નવનીધરાયને કાગળ લખ્યો અને તેણે ૨૦૦) રૂપીયા મોકલી આપ્યા; તેમાંથી બે પલંગ, ખુરશીઓ, ટેબલ વીગેરે ખરીદયાં અને એવાં બીજા ફરનીચર વિગેરેથી પોતાના નવા ભાડુતી ભૂવનને શણગાર્યું.

કાન્તાના બાદશાહી ખર્ચને લીધે રમણિકલાલને પોતાના શિક્ષણનો ખર્ચ, ઘર ખર્ચ, ઘર ભાડું અને ગાડી ભાડું મળીને માસિક ખર્ચ રૂા. ૧૦૦ થી ૧૨૫

સુધી આવવા લાગ્યો જ્યારે કમાણી પાઇની ન હતી અને એ બધો બોજો રમણિકલાલના પિતા પર પડતો હતો. રમણિકલાલનો પિતા એટલા પૈસા કટકે કટકે મોકલતો ખરો પણ રમણિકલાલને તે કયાંથી ખબર હોય કે પિતા કેવી રીતે નાણાં મેળવે છે અને તેના પ્રતિ કેવી નજરથી જુએ છે.

મુંબઇ જેવા અગવડભર્યા શહેરમાં સાધારણ કુટુંબને પણ ચાકરની જરૂર પડેછે એટલે આ કાન્તાના ઘરમાં એક કાયમનો ચાકર હોય તે કાંઈ અજાયબ જેવું નથી; અને કદાચ રસોઇઓ પણ રાખી લેવાનો વખત આવત તથાપિ સરસ્વતી તથા પિતા માતાના સહવાસથી કાન્તા રસોઇ કરતાં શીખી હતી, મુંબઇ આવ્યા પછી શરૂઆતમાં રસોઇ કરવાનો જરા કંટાળો તો આવતો પણ પછી દરરોજના મહાવરાથી બે માણસની રસોઇ કરવી તેને રમત સરખી થઇ પડી તેથી રસોઇઆનો ભાર તેમને માથેથી ઓછો થયો.

પ્રકરણ ૧૦ મું.

ત્રિવેણી સંગમ.

કાન્તાને મનગમતી દરેક વસ્તુ મળી; અને તેણે ઘરમાં મનસ્વીપણે વર્તવા માંડયું; કાન્તાની પ્રભા આગળ રમણિકલાલની વિદ્યા નરમ બની, કાન્તા જે કરે તેની આડે આવવાને તેની ગજા ચાલી નહિ "ઉંદરનો જીવ જાય અને બિલાડીને મન ગમત થાય" એવી તેની સ્થિતિ થઈ પડી. કાપડીયાને ત્યાં નામાં ચઢી ગયાં, દરજી રોજ પૈસાની ઉઘરાણી કરે, મોચી તો રોજ ફેરા ખાય, કણીયો પણ દાણા આપવાના બંધ કરવાની ધમકી દેવા લાગ્યો.

હવે રમણિકલાલે શું કરવું! પિતાના પૈસાથી પણ પુરૂં પડતું નહિ. કાન્તાને જ્યારે રમણિકલાલ ખર્ચની વાત કરે ત્યારે—"તમારા પિતાને કાગળ લખો અને વધારે પૈસા મોકલે એમ કરો, દીકરાને તે એમ કંઇ મફત ભણાવાય છે, મુંબઇનો વ્યવહાર વગર પૈસે કેમ

ચાલે ! તમારા પિતાથી બનતું ન હોય તો મારા પિતા પાસેથી મંગાવું પણ પછી તમારે દેવા પડશે અને તેમ કરશો તો તમો ઋણ મુક્ત થશો અને તમારી જાત મહેનતના પૈસા વડે રહેવાનો તમારો નિશ્ચય પણ ફળીભૂત થશે. ” આવો બેપરવાઇ ઉપકાર કરતી હોય તેવો જવાબ આપતી.

રમણિકલાલની પૈસા સંબંધી કેવી સ્થિતિ થઇ પડી છે એની કાન્તાને લેશ પણ પરવા રહી નહિ. રમણિકલાલનો વખત અભ્યાસને બદલે અનેક તર્ક વિતર્કો અને ચિંતામાં પસાર થવા લાગ્યો; કયો માર્ગ લેવો “ શું કરવું ” એ ચિંતાગ્રસ્ત પ્રશ્નનો કંઇ ચોક્કસ નિર્ણય થઇ શકયો નહિ, બી. એ. ની પરિક્ષાને ફક્ત ૭ માસ રહ્યા છે એટલે અભ્યાસ છોડી દઇ નોકરી લેવાનું પણ કંઇ ઠીક લાગ્યું નહિ. પણ કદાચ નોકરી લે તો નોકરીમાં ૫૦-૬૦ રૂપિઆ મળે, તેઓ પિતા તરફથી પૈસા બંધ થાય એટલે સરવાળું તેનું તેજ.

આવો વિચાર કરી એક બે શ્રીમંત મિત્રો પા-

એથી થોડા થોડા રૂપિઆ લાવી, માંગનારના હિસાબ ચુકાવી દીધા અને બાકીના ૭ માસ જેમતેમ ઘકાવ્યું.

આમ સવડ થવાથી કાન્તાને તેના કામમાં ખલલ પડી નહિ, કાન્તા પોતાના તાનમાંજ ફરતી હતી; કાન્તા તરફથી રમણિકલાલને અભ્યાસમાં જે મદદની આશા હતી તે સંપૂર્ણ પાર પડી નહિ. કોઇ કોઇ વેળા રમણિક તેમજ કાન્તા ઉભય ઠીક મિજાજમાં હોય ત્યારે શિક્ષણ સંબંધી વાતો કરતાં અને એકબીજા પાસેથી નવું જુનું શીખતાં પણ કાન્તા જોઇએ એટલું ધ્યાન આપતી નહિ, તેમજ પૈસાની હાડમારીને લીધે રમણીકલાલનું મન પણ ચિંતાગ્રસ્ત રહેતું અને તેથી તેનું કોલેજમાં કે અભ્યાસમાં ઝાઝું ચિત્ત લાગતું નહિ.

રમણિકલાલને કાન્તાનો ખર્ચાળ સ્વભાવ ગમતો નહિ અને તેનો એટલોજ વાંક તેના મનપર ઠસ્યો હતો, જ્યારે કાન્તા પણ રમણિકલાલ સાથે બીજી રીતે તેને રાજી રાખવાને પ્રયત્ન કરતી અને ઘણી વખત પોતાની સ્વાર્થી માંગણીમાં—રમણિકલાલના હિતને

ખાતર જે તેની માંગણી કરે છે એવા અર્થમાં અને આજીજી ભરેલા શબ્દોમાં માંગણી કરતી એટલે કાન્તાના બીજા વર્તન વિશે રમણીકલાલને ખબર પણ ન હતી.

રમણિકલાલ કોલેજમાં જતો તેટલો વખત કાન્તા ઘર આગળ એકલીજ રહેતી હતી પણ તેને એકલીને ગમતું ન હતું અને તેના ચંચળ સ્વભાવને લીધે તેને બહાર જવાનું બહુ મન થતું હતું પણ કવખતે તેમ કરતાં ખંચાતી હતી. પણ હવે નવી જગ્યા બદલવાથી તેણે પોતાની લાયબ્રેરી બનાવી હતી ત્યાં બેસીને લેખન વાંચનથી પોતાનો ઘણો વખત પસાર કરતી તેમ કોઇ કોઇ વેળા નટવરલાલ તેને ત્યાં આવતો તેની સાથે પોતાની નવરાશની વેળા અનેક પ્રકારની ગમ્મતમાં કાઢતી. કાન્તાને સ્ત્રીનો સમાગમ ગમતો ...િ, અને તેથી આજુબાજુની સ્ત્રીઓ જોડે તેને ઝાઝી ઓળખ ન હતી, તેમ તેમની તેને શરમ પણ ન હતીઃ અને તેથી કાન્તા આખો દિવસ ઘરમાં બેસી વાંચ વાંચ કરતી અને ઘર આગળ આવતા પુરૂષો

જોડે છુટથી વાતો કરતી, તેમ બહાર એકલી કોઇ સાથે ફરવા જતી, તે જોઇ જુના જમાનાની ખાઇલી સ્ત્રીઓ વાતો કરે તે કાંઇ આશ્ચર્યજનક કહેવાય નહિ

કાન્તા હજુ જાણતી ન હતી કે નટવરલાલ સરસ્વતિનો સ્વામી થાય છે, જો કે તે એટલું તો જાણતી હતી કે નટવરલાલનાં લગ્ન થયાં છે પણ તે કોની જોડે તેની એને ખબર નથી, તેમ તેને એ પણ ખબર હતી કે સરસ્વતી મુંબઇમાં છે પણ તે કયાં રહે છે અને તેનો પતિ કોણ છે તે જાણતી ન હતી, મુંબઇ આવ્યા પછી તે સરસ્વતીને તદ્દન ભૂલીજ ગઇ હતી અને તેને મુંબઇમાં શોધીને મળવાની પણ દરકાર નહતી. જ્યારે સરસ્વતીએ મુંબઇ આવ્યા પછી કાન્તાને તેના પતિના શીરનામે બે ત્રણ પત્ર લખ્યા હતા પણ તેનો કંઇ ઉત્તર ન મળવાથી તે નિરાશ થઇ અને પછી પત્ર લખવાનું પણ સ્વાભાવિક રીતે બંધ કર્યું.

જ્યારે જ્યારે કાન્તા તથા નટવરલાલ મળતા ત્યારે ત્યારે તેઓ પોતાનો ભૂત તથા વર્તમાન ઇતિહાસ કાઢી

કંઇ કંઈ આનંદ મેળવતાં હતાં, તે સિવાય પોતાના ખાનગી ઘર સંસારની વાતો—એ એકાંત આનંદનાં અંતરાય રૂપ વાતો—બનતાં સુધી કાઢતાં નહિ, એટલે કાન્તાને નટવરલાલ તરફથી પણ સરસ્વતી વિશે કંઇ માહિતી મળી નહિ.

એક વખતે નટવરલાલને—કાન્તાને મળવા માટે નીમેલા દીવસ કરતાં આવવાનું મોડું થયું તેથી કાન્તાએ સ્વાર્થી સવાલ કર્યો-" કેમ, ડીયર નટવર; હાલમાં કંઇ આ દાસી ઉપર મહેરબાની ઓછી થતી જાય છે, આપના ધર્મપત્નિએ તમારો પ્રેમ પોતાપ્રતિ ખેંચી લીધો કે શું ?"

" વખતની અનુકુળતાએ હું તને મળીશકું છું. અને એકાદ વેળા કામને લીધે દિવસ ભાંગે તેથી આમ આડું બોલવું વ્યાજબી નહિ, પણ હા ! તેના સ્વભાવ અને ગુણ એવા છે કે મારો પ્રેમ તેનાતરફ આકર્ષી લે પણ હજુ સુધી તેને એવી ખબર નથી કે મારો પ્રેમ બેશક્તિથી આકર્ષાય છે."

" ત્યારે તે કોઇ હોશીયાર અને સુશીલ હોવી

જોઇએ અને જો એમજ હોય તો મને તમે કોઇ દીવસ ભૂલી જશો !"

"તે કંઈ કહીશકાય નહીં; તથાપિ હું હવે તને ભૂલી જાઉં તેમાંજ ઉભયને લાભ થાય એમ છે અને એક બીજાના સંસાર વ્યવહાર સુખરૂપ અને સરળ થવાનો સંભવ છે. પણ કંઈ હાની તો ન થાય."

કાન્તા નટવરલાલના મુખમાંથી ન ધારેલો ઉત્તર મળવાથી ઉંડા વીચારમાં પડી; તેણે પોતાના મનમાં પોતાની જીંદગીના ઇતીહાસનાં પાનાં ઉકેલવા માંડયાં, સરસ્વતીની શીખામણ યાદ કરી; રમણીકલાલની હાડમારી નજર આગળતરી આવી; શરમના શેરડાં તેના મુખપર જણાયાં. નટવરલાલે પણ દીગમૂઢ થઇ તેના મુખતરફ જોયા કર્યું; તેને પણ સરસ્વતીનો પ્રથમ સમાગમ યાદ આવ્યો; કાન્તાનો પૂર્વ સંબંધ પણ યાદ કર્યો; અને તે ઉભય પ્રસંગની કંઈક તુલના કરી; વળી કાન્તાનો આજનો સ્વાર્થી પ્રશ્ન પણ તેના મનમાં ખડો થયો અને તેને જવાબ

વ્યાજથી આપ્યો છે એમ સમજી તેને સંતોષ થયો અને કાન્તા શું ઉત્તર આપે છે તેની રાહ જોઇ રહ્યો.

કેટલોકવાર સુધી ઉભય એક બીજા પ્રતી જોતાં નીઃશબ્દ રહ્યાં. આખરે નટવરલાલે શાંતીનો ભંગ કર્યો.

" કાન્તા—શા ઉંડા વીચારમાં છો."

" કંઇ નહી."

" તોપણ."

" રહેવાજ, તમારા ઉત્તરે મને કંઇક ઉંડા વીચારમાં નાંખી છે."

" એવા તે ક્યાં ઉંડા વીચાર તારા મનમાં આવે છે.?"

" આપણો લાંબો સંબધ શું તૂટી જશે! આપણા આ આનંદનો અંત આવશે?"

" તે હું કહી શકું એમ નથી, તથાપી આપણો સંબંધ જગતની દ્રષ્ટીમાં ધર્મ્ય નથી અને આ આનંદને ભલે આપણે આનંદ માનીએ પણ દુનીયાની નજરમાં તે આનંદ નહી પણ અનીતી! કાન્તા જો કે હું પણ હમણાં અહીં ડાહી ડાહી વાતો કરૂં છું તોપણ હું એ આનંદ કે અનીતી કહો પણ એના

બંધનથી છૂટી શકું એમ નથી."

નટવરલાલના આ ઉત્તરથી કાન્તાને પ્રથમ તો ઉદ્વેગ થયો પણ પાછળથી કંઈક સંતોષ મલ્યો.

તથાપી તેને એમતો જરૂર લાગ્યું કે નટવરલાલની સ્ત્રીમાં કોઇ અજબ ગુણ હોવો જોઇએ; નહીતો તેના વિચારમાં આટલો બધો ફેરફાર થાય નહી. અને તેને જરાક એમ પણ ભાસ થયો કે તે સરસ્વતી તો ન હોય? અને તેથી નટવરલાલની સ્ત્રીને મળવાની તેને ઉત્કંઠા થઇ. "ઠીક, તમે જે માનો તે ખરૂં: પણ નટવરલાલ—એકાદ દીવસ આપના ધર્મપત્નીને લઇને તો આવો!"

"તેને લઇને હું તારે ત્યાં આવું એ તો વીચીત્ર ખેલ"

"ત્યારે હું મળવા આવીશ"

"એમ ખૂશીથી થઇ શકશે; પણ સંભાળ રાખજે કે આપણો આ સંબંધ તેની જાણમાં ન આવે." નટવરલાલે ચેતવણી આપી.

"તે વાશે મને કહેવું પડે નહીં"

કાન્તાએ નટવરલાલને ત્યાં બીજે દીવસે જવાનું નક્કી કર્યું.

નટવરલાલે ઘેર જઈને સરસ્વતીને કહીરાખ્યું કે

"એક સ્ત્રી તને કાલે મળવા આવનાર છે; હું ધારૂં છું કે તું તેને ઓળખતી હઈશ."

"તેનું નામ કહો તો જાણી શકું"

"તેનું નામ-કાન્તા."

સરસ્વતી 'કાન્તા'નું નામ સાંભળી આશ્ચર્ય પામી; કાન્તા અહીં ક્યાંથી! નટવરલાલ તેને ક્યાંથી ઓળખે અને તે અહીં છે છતાં મને પત્ર કેમ નથી લખતી; કદાચ કોઈ બીજી સ્ત્રી એ નામની હોય." આવા વીચાર કરતાં કાન્તાને માટે સ્વાગતની દરેક તૈયારી રાખી. બીજે દીવસે કાન્તાની રાહ જોઈ રહી.

કાન્તા પણ રમણીકલાલની રજા લઈ નટવરલાલે મોકલેલા માણસ જોડે. સરસ્વતીને મળવા નીકળી.

સરસ્વતી તેમજ નટવરલાલ કાન્તાની રાહ જોતાં વાતો કરતાં દીવાનખાનામાં બેઠાં હતાં એટલામાં કાન્તા આવી પહોંચી. કાન્તા એ જેવો દ્વારમાં પગ

મુક્યો કે તરતજ. કાન્તાની દૃષ્ટિ નટવરલાલ પર પડી અને કંઈક હસી. જ્યારે સરસ્વતીની નજર પણ તેજ પળે કાન્તાપર પડી અને તેને જોઈ ઓળખી સરસ્વતીને મનમાં કંઈક વ્હેમ ઉત્પન્ન થયો પણ તે વખતે વ્હેમને તરતજ વિસારી દીધો અને કાન્તાએ પણ જેવી સરસ્વતીને જોઈ કે તેનું હસવું નિરાશામાં ફેરવાયું અને તે બેઉ જુની સખીઓ એક બીજાને માટે, તમો અહીં ક્યાંથી એનો ખુલાસો મનમાંજ ગોતવા લાગી.

“ અહો ! બેન કાંતાં તું અહીં ક્યાંથી ! ”

“ પણ બેન સરસ્વતી તું પણક્યાંથી ! ”

નટવરલાલ આ બેઉના સવાલ સાંભળીને આશ્ચર્ય પામ્યો અને તેઓ એક બીજાને કેવી રીતે પિછાણે છે તે જાણવાને અધીરો બન્યો તેઓ સૌ ખુરશી પર બેઠાં. નટવરલાલે સરસ્વતીને ખુલાસો પૂછ્યો.” તમે કાન્તાને ક્યારથી ઓળખો છો ?

“ કાન્તા તો મારી બાળસખી છે પણ અમે લગ્ન પછી વીખૂટાં પડયાં તે આજેજ મળ્યાં તો ! ”

"તારા લગ્ન ક્યાં થયાં તેની મને ખબર નથી." કાન્તાએ પોતાની અજ્ઞાનતા દર્શાવી.

"સરસ્વતી તમારી સખી થાય અને તેના લગ્ન ક્યાં થયાં તેની ખબર નહીં; એ મીત્રતા તો વીચીત્ર! વારૂં હવે પણ કાંઇ સમજાયું કે નહિં! નટવરલાલે કાન્તાને ઉદ્દેશીને કહ્યું.

"સમય એવોજ હતો કે અમે તે જાણી શકયાં નહતાં હવે તો કેમ ન સમજાય?" "ત્યાર પછી એક બીજાના લગ્નપ્રસંગની વાતો કર્યા પછી ચા, પાણી વીગેરે લેવાયાં અને કાન્તાએ ઘેર જવાની ઉતાવળ કરી.

આગલા દીવસે નટવરલાલ સાથેની વાતચીતથી ઉત્પન્ન થયેલો કાન્તાનો ભાસ આજે સત્ય સાબીત થયો અને સરસ્વતીને જોઇને 'રખેને સરસ્વતી પોતાનો નટવરલાલ સાથેના સબંધનો ભેદ પામી જાય અને તેથી તેના મનને દુઃખ થવા ઉપરાંત તેને આગળ આપેલો ઉપદેશ અને ભય વિશે પુનઃ વાત કાઢે તેથી કાન્તાએ કામનું બહાનું કાઢી જવાની રજા માગી.

સરસ્વતી પણ તેના મનની ગુંચવણનું કારણ પામી ગઈ અને કાન્તાની સાથે પત્ર વ્યવહાર કરનાર તે નટવરલાલજ છે એમ સરસ્વતીને ખાત્રી થઈ અને તેનું ચિત્ત પણ ભમવા લાગ્યું; તેથી તે બેઉ સખી ખુલ્લા હૃદયથી વાતો કરી શકી નહિ.

નટવરલાલ બેઠો બેઠો તેમની વાતો સાંભળતો હતો અને તેમનાં હૃદયનું બારીક અવલોકન કરતો હતો; તેમની ઉભયની લાગણી નિરખીને તેને કંઇક દુઃખ થયું.

કાન્તા રજા લઇને ગઇ; સરસ્વતી તે ગાડીમાં બેઠી ત્યાંસુધી મૂકવા ગઇ અને "બેન આવજે હો—ભૂલીશમાં, એટલું કહી કાન્તાને વિદાય કરી."

સરસ્વતી દિવાનખાનામાં આવી અને તેના મનમાં જે વિચાર ઘોળાયા કરતા હતા તેના પરિણામે નટવરલાલને પ્રશ્ન કર્યો. "કાન્તા સાથે તમારે ઓળખાણ કયારની."

"કોલેજમાં અમે સાથે ભણતાં હતાં ત્યારની; ત્યાર પછી હમણાંજ મળ્યાં."

આટલું કહી નટવરલાલ—રમેને સરસ્વતી

બીજો વધુ પ્રશ્ન કરે એવા ભયથી ઉઠીને બહાર ચાલ્યો ગયો.

આ ઉત્તરથી સરસ્વતી સર્વ ભેદ પામી ગઇ અને તેથી તેના હૃદયમાં મોટો શોકાઘાત થયો અને તેને લીધે તેરા તે તેનાથી કંઇ ખવાયું નહિ, કે કંઇ વાતો પણ કરી શકી નહિ, પણ ઉદાસી ચ્હેરે એના એ વીચાર કરતી પોતાના ઓરડામાં આવી સુતી.

પ્રકરણ ૧૧ મું.

મુંઝવણ.

—:o:—

અનેક તરંગોમાં લીન થયેલી સરસ્વતીને રાતના જોઇએ એટલી ઉંઘ આવી નહિ; ઉજાગરાને લીધે તેમજ મન ઉપર ભમતા તર્કોને લીધે તેના મુખ ઉપર ફીકાશ આવી રહી હતી; તેની આંખમાંનું તેજ ઉડી ગયું હતું અને માથાના કેશ જથરપથર વેરાયલાજ રહ્યા. ઘરનું કામ તેને કરવું ગમતું નહિ

તો પણ પોતાની ઉદાસિનતા કોઇના જાણવામાં ન આવે તેથી તે ક મને પણ ઘરનું કામકાજ કરવા લાગી.

સરસ્વતી કામમાં ગુંથાઇ હતી એટલામાં સુંદરબા તેની પાસે આવી અને તેના હાથમાં એક કાગળ આપતાં શંકિત મને બોલી "ભાભી! આ લો, તમારો કાગળ છે, ઉપર તો "ખાનગી" શબ્દ લખ્યો છે તે વળી કોનો હશે!"

સરસ્વતીએ તે પત્ર હાથમાં લીધો અને શીરનામાના અક્ષર ઓળખવા લાગી. "સુંદરબેન, કોઇ ખોટો વ્હેમ લાવશો નહિ; આ અક્ષર તો મારા ભઇના છે અને આ જુઓ પોસ્ટની છાપ પણ સુરતની છે એ-ટલે એ ભાઇનોજ છે; એમ ખાત્રી થાય છે, જો તમને વંચાવવા જેવો હશે તો હું જરૂર વંચાવીશ."

એટલું બોલી પત્ર ખોલતી ખોલતા સરસ્વતી દિ-વાનખાનામાં ગઈ અને એક ખુરશી પર બેસી વાંચવા મંડી

"વ્હાલી બેન સરસ્વતી"

બેન તારા બે ત્રણ પત્રો મલ્યા છતાં હું પ્રત્યુત્તર આપી શક્યો નહિ માટે ક્ષમા કરજે.

આજે એ બધા પત્રનો જવાબ સાથેજ આપું! મારે લખવાનું પણ શું હોય! એક બીજાના સુખ સમાચાર, તો પછી લખવાનું એજ કે અમે સુખરૂપ છીએ.

પણ બેન, મને આજે કંઈક વધુ અને નવું લખવાનું પ્રાપ્ત થાય છે.

બેન સરસ્વતી તારા કરેલા પ્રયાસની જે આશા તેં રાખી હતી તે આશાની કંઇક ઝાંખી મેં જોઇ પણ નિરાશ થવું કે તે આશા નિરાશામાં ફેરવાઇ ગઇછે. અરે! પેલી દુષ્ટ જસોદાની એક ફુંકે તે આશાની ઝીણી જ્યોત બુઝા વી નાંખી છે. પુનઃ મારા સંસારમાં અંધકાર! હવે શું કરવું! તારા સરખી સદ્ગુણી, સુશીલ અને સુમાર્ગ દર્શક ભગની દૂરવસી. સુશીલા ભાભી ઘણી વખત અહીં આવેછે અને તેનું સ્વાગત તો દૂર રહ્યું પણ તેની બે વાતો સાંભળતી નથી. તો પછી તે નિરાશ થાય તેમાં શું નવાઈ! તમારા બેઉના કરેલા સુપ્રયાસથી તે હમણાં મારી રજાવગર

બહાર જતી નથી તથા ઘર કામમાં પણ ધ્યાન આપે છે પણ મારી ગેરહાજરીનો લાભ લઇ જસોદા એને મળતી રહે છે અને તેને પરિણામે તેણે એક નવીન તૂત્પમ ખડું કર્યું છે. હું લખતાં સરમાઉં છું પણ શું કરૂં ! હવે તો મને વશ કરવાને વશીકરણ વિધા શીખવાની અને સંતતિ પ્રાપ્તિની રટ લાગી છે અને તેથી દેવીની ઉપાસના કરવાનું કેઇએ કહ્યું હશે તેથી ઘણીવખત તેમની માનતા, બાધા તથા જંત્રમંત્રના ધતીંગ ચલાવવા માંડયાં છે. આની મને હમણાં ખબર થઇ ! બેન તેની આ અજ્ઞાનતાની મને દયા આવે છે પણ મારી દયા કોણ લાવે તો પણ સંસારની શરમને લીધે અને લોકાપવાદની બીકે મારે એનું બુરૂં ઇચ્છવું નથી, તથાપિ જો પોતાની જાતનુંજ અહિત સાધે છે તો એનું નિરાકરણ શું કરવું ! બેન, તું કોઇ સરળમાર્ગ શોધી આપે તો ઠીક. હું તો હવે ઉદાસી અને નિરાશીજ બન્યો છું.

લી० તારો દુઃખી બંધુ

સુંદરદાસ.

સરસ્વતીએ પત્ર વાંચી મોટો નિશ્વાસ નાંખ્યો અને તેની આંખમાંથી પાણી નીકળી પડ્યાં. ભાઇને શું જવાબ આપવો, તેના સુખને માટે કયો માર્ગ શોધવો, એના વિચારમાં પડી. નર્મદાને આટલી આટલી શિખામણ દીધી, કેળવી, છતાં તે તેવીને તે-વીજ ! એ વિચારથી સરસ્વતિને ભારે શોક થયો. હવે નર્મદાને ઠેકાણે લાવવા, તેને વ્હેમની ઝાળમાંથી મુક્ત કરવા શું કરવું, એનો સરસ્વતી વિચાર કરતી હતી, એટલામાં દિવાનખાનાનું બારણું ઉઘડ્યું અને એક પોસ્ટમેન એક પત્ર નાંખી ચાલતો થયો.

સરસ્વતીએ ઉઠીને તે પત્ર લીધો, તેના ઉપર અંગ્રેજીમાં નટવરલાલનું શીરનામું હતું અને ઉપર લાલ શાહીથી Confidentiae (ખાનગી) એ શબ્દ લખ્યો હતો સરસ્વતીએ અક્ષર ઓળખ્યા પત્ર ઉપ રની છાપ જોઇ તો તે મુંબઇનીજ જણાઇ, અને એથી તે કોઇ ગંભીર વિચારમાં પડી.

"આ કાગળ કાન્તાનોજ હોવો જોઇએ. આ મરોડદાર અક્ષર તો તેનાજ છે ! પણ તેણે ખાનગી પત્ર કેમ લખ્યો હશે ! શું મારો વ્હેમ ખરો હશે ! કાન્તાએ શું લખ્યું હશે ?

"હું આ ખાનગી પત્ર ખોલું-વાંચું ! ગમે તે થાય પણ આ પત્ર વાંચુજ ! ભલે એથી હું દોષિત બનું પણ એ વાંચવામાંજ મારૂં શ્રેય છે. કદાપિ એ પત્ર કોઇ બીજાનો નીકળે તો સ્વામિની ક્ષમા માંગવી એમાં શરમ નથી અને તે ક્ષમા આપે એની ખાત્રી છે." આમ વિચાર કરી સરસ્વતીએ તે પત્ર ખોલ્યો અને વાંચ્યો.

"પ્રિય નટવર"

કાલે તમારે ત્યાં જે આનંદથી હું આવી હતી તેવાજ આનંદથી હું પાછી વળી નહિ એનું કારણ શું હશે તે હું અત્યારે લખી શકું એમ નથી, તો પણ આ પત્રદ્વારા એટલીજ વિનતી કરૂં છું કે મારે તમને કંઈ વાત કરવી છે માટે આજે સાંઝ સુધીમાં મને મળવા જરૂર કૃપા કરશો.

લી. તમારા સાચા પ્રેમની ભિક્ષુક

કાન્તા.

આ પત્ર વાંચીને સરસ્વતીના હૃદયમાં ભારે ઉથલ-

લપાથલ થઇ રહી, તેની શંકાનાં મૂળ છેક ઊંડાને ઊંડા જવા માંડયાં અને કાન્તાના આ પત્રે તેના મન અને બુદ્ધિને એટલા બધા ગુંચવાડામાં નાંખી દીધા કે શું બોલે છે તેની તેને કંઇ સમજ પડી નહિ.

"નટવરને બોલાવીને કાન્તા શું કહેવા માંગતી હશે! શું મારા પતિના પ્રેમને એ ભિખારણ લુંટી લેશે! શું નટવરલાલ પોતાનો પ્રેમ એને આપી દેશે! શું તે પોતાનું હૃદય એને વેચી દેશે! અરે! શું નટવરલાલ તેને ઘેર જશે! પ્રિય નટવર! આ શું? શું તમે મારા હૃદયને આજસુધી ઠગ્યું હતું! શું હું આજસુધી ઠગાઇ હતી! શું આપનું હૃદય આવું કપટી હશે? શું હું આજસુધી આપનો પ્રેમરસ પી નથી શકી! કાન્તા, વ્હાલી બેન કાન્તા! તને વ્હાલી કહું કે વેરી કહું! બોલ, બોલ, તું કોને પાત્ર છે! ના, ના, મને ખાત્રી છે, તું મારી વ્હાલી બેનજ રહેશે! પણ કાન્તા આ શું! તેં તારૂં વચન ભંગ કર્યું! અરેરે જે ભય હું બતાવતી હતી, તેજ ભય શું મારે જોવો પડશે? અરે, મારે સહવો પડશે!

સખી. તું ભણી તે શું તારા જીવન અને વચનને નિરર્થક કરવા ! તેં મારી જોડે મૈત્રી બાંધી તે શું મનેજ દુઃખી કરવા ! આજસુધી તારો અને નટવરલાલનો અધર્મ્ય સબંધ મારા જાણવામાં નહતો, તેમ મારો ને તેનો સબંધ તારા જાણવામાં નહતો પણ હવે એ ભેદ ખુલ્લો થયો છે તો હવે મારે ખાતર, તારા વચનને ખાતર, તારા અને તારા પતિના સુખને ખાતર નટવરના પ્રેમની ભિખારણ શામાટે બને છે ! તેના પ્રેમની અધિકારિણી હુંછું તો તે મારો અધિકાર તું જાણે છે છતાં સમજે છે તોપણ—શામાટે આડે આવે છે ? કાન્તા, સખી, કાન્તા, તારા નામને લજવાવે એવું કામ શું તું કરીશ કે નહિ ? નહિ, કદી ના કરતી.” સરસ્વતી આમ મનોવેધક લવારો કરતી ઇઝીચેરપર પડી અને થોડી પળ પછી અનેક વિચારોના દબાણને લીધે તેની આંખ મિચાઇ અને જીભ બંધ પડી પણ હૃદય શાંત રહ્યું નહિ. સરસ્વતીને આ અર્ધ જાગ્રત અવસ્થામાં વિચિત્ર સ્વપ્ન આવવાં લાગ્યાં, ઘડીકમાં તે કાન્તાને પુર દમામમાં પોતાને

ત્યાં આવતી જોતી; ઘડીકમાં તેને અને નટવરલાલને એક બીજા જોડે વાતો કરતાં અને હસતાં નીરખતી વળી ઘડીકમાં સરસ્વતી જોશે અને તેને ખોટું લાગશે એમ ધારી નટવરલાલને કાન્તાથી દૂર થતો જોતી અને કાન્તા પોતાની જોડે વાત કરવા આવતી પણ બેઉ એક બીજા જોડે લડી પડતા એવું સ્વપ્નમાં નજરે પડતું, વળી પુનઃ નટવરલાલને કાન્તાના ડોકમાં હાથ નાંખતો જોતી અને તેઓ બેઉ ગાડીમાં બેસી બહાર ફરવા જતાં અને પોતાને એકલી રડતી-નિઃસાસા નાંખતી હોય એમ જણુતું, તો વળી ઘડીકમાં તે ઉભયને સ્ટેજ ઉપર નાટક ભજવતાં અને એક બીજા જોડે હાવભાવ કરતાં જોઇને સ્વપ્નમાંજ તેનું હૃદય બળતું હતું; તો વળી બીજી પળે નટવરલાલને બહારથી આવતો જોતી અને પોતાના હાથમાંથી કાન્તાનો પત્ર ખુંચવી લેતો અને તે વાંચ્યો તે માટે પોતાને ઠપકો આપતો અને પત્ર વાંચી કાન્તાને મળવા ચલ્યો જતો સ્વપ્નદ્વારા અનુભવતી. આમ પોતાના મનમાં રમતાં તર્કવિતર્કોનું સ્વપ્નમાં સરસ્વતીને દર્શન

થવા લાગ્યું અને તેનું પ્રેમી હૃદય અનહદ અકળાતું હતું અને તેથી ઉંઘમાંજ સરસ્વતીથી સ્હેજ જ બોલાઈ જવાયું:—" શું ?

" આ ઉરથી ના ગીત ગવાશે !
ના રસ આ ઉરથી અર્પાશે !
નિચોવાશે સ્પર્શ પ્હેલાં !
દ્રવતું હૈયું આ !!"

પ્રકરણ ૧૨ મું

' પ્રેમકાન્તિ '

સરસ્વતી તે આરામ ખુરશીપર અર્ધજાગ્રત અને અર્ધશાન્ત સ્થિતિમાં પડી રહી હતી એટલામાં નટવરલાલ બહારથી આવ્યો અને તેના પગલાંના ધબકારાથી સરસ્વતી ચમકી એકદમ જાગ્રત થઇ અને આંખચોળી બેઠી થઇ તથા પોતાના કપડાં તથા કેશ બરાબર કર્યાં; અને ખુરશીપરથી ઉઠી.

તેને હવે જણાયું કે તેને એક વિચિત્ર સ્વપ્ન આવ્યું હતુ અને તેથી "મારો વ્હેમ પણ સ્વપ્ન-વતૂજ હોજો" એટલું મનમાં બોલી નટવરલાલની સામે જઇ ધીમે સ્વરે પુછ્યું. "આજે સવારના જલદી કયાં ગયા હતા!"

"પિતાજીના કામસર એક માણુસને મલવાનું હતું. વારૂં, કાંઈ કાગળ છે? આજે તું કેમ ઉદાસ દેખાય છે અને હમણાં ક વખતે ઉંઘ કેવી.!"

"હા! સુરતથી સુંદરભાઇનો કાગળ આવ્યો છે! ઉદાસિનતાનું કારણ એ વાંચેથી જણાશે."

નટવરલાલે તે પત્ર લીધો અને વાંચ્યો; વાંચી રહ્યા પછી તે બોલ્યોઃ--"બિચારો સુંદરદાસ ખરેખર દુઃખી છે; પણ કરવું શું? મારૂં માને તો મારો એવો મત છે કે તે બેઉને અંહીં બોલાવો અને નર્મદા અહીં તમો બધાના સહવાસથી કંઇક શીખશે અને સુધરશે પણ સરસ્વતી! એતો રોજનું લાગ્યું છે અને તેથી તારી દીલગીરીનું કારણ કોઇ બીજું હોવું જોઇએ, તારા ફીક્કા મોઢાં ઉપરથી મને એમ લાગેછે કે તારા

અંતઃકરણને કાંઇ જબરો આઘાત થયેલો હોવો જોઇએ."

થોડીકવાર મૌન રહ્યા પછી અને પતિના આગ્રહ અને પ્રેમાળ વચન પર વિશ્વાસ આવવાથી—સરસ્વતીએ કહ્યું—'તમે કહોછો તે ખરૂં છે આજે મારા અંતઃકરણ પર જે આઘાત થયો છે તે જબરો નથી પણ તેવા આઘાતની નિશાની રૂપ છે પ્રાણનાથ હું આજે તમારી ગુન્હેગાર બનીશું અને તે ગુન્હાની માફી આપવાને આપ વચન આપતા હો તો તે સવિસ્તાર કહું."

"માફી—તને વળીમાફી શાની અને દંડ શાનો? જે હોય તે કહી દે."

"લો, ત્યારે આ પત્ર તમારા નામે આવ્યો છે. અને તે ખાનગી છતાં મેં વાંચ્યો છે એ મારો દોશ છે. કદાચ એ વાંચ્યો ન હોત તો મને ઉદાસી થવા જેવું કંઈ હતુંજ નહિ."

સરસ્વતીએ નટવરલાલને કાન્તાનો પત્ર આપ્યો અને નટવર તે વાંચીને મહાવિચારમાંજ પડયો. શું જવાબ આપવો તે સુઝયું નહિ; બચાવ કેમ કરવો

અથવા એ પત્રનો કોઇ બીજો અર્થ કેમ શોધી કાઢવો, એવિષે વિચાર કરવા લાગ્યો, આખરે નમ્ર કંઠે બોલ્યો.

"ભલે! વાંચ્યોનો એમાં ખાનગી જેવું શું છે"

કાન્તાને એવું લાગ્યું હશે ત્યારેજ તેણે એવું લખ્યું હશે ને! તેણે તમને શામાટે બોલાવ્યા હશે! અહીં તેને શું આનંદ ન મળ્યો!"

"તેની આપણને શું ખબર!"

"ત્યારે તમે આજે તેનીપાસે ક્યારે જશો!"

"એ તો નવરી છે! એવીરીતે વખતોવખત નકામાં જવાનું બનતુ નથી."

"શું ત્યારે, નટવરલાલ, તમારા પ્રેમની ભિક્ષુક કાન્તાને તમે સંતોષ નહિ આપશો?"

"સરસ્વતી! તું શું બકે છે? આજે તારૂં મગજ ઠેકાણે નથી.?"

"એમજ છે! મારૂં મગજ ઠેકાણે નથી, જાણુતી હતી કે હૃદય પ્રેમરસથી ભરેલું છે પણ આજે જોયું

તો તે પ્રેમ નથી પણ મિથ્યા મધુર વચનોનો કુચો છે, તમારા પ્રેમરસની પિનારી કોઇ બીજીજ તૈયાર છે જેના પ્રેમરસનું નાનપણથી પાન કરતા આવ્યાછો તેને તરછોડી આ દાસીના કટુરસ પીવા કોણ આવે!" સરસ્વતીએ પોતાનું માથું નીચું નાંખ્યું.

"વ્હાલી સરસ્વતી! એમ નિરાશ ન થા તારા પ્રેમામૃતનું પાન કરી સુકરોશું અને તને મારા પ્રેમરસ પાવા જે પ્રયત્ન કરૂંછું તે તું જોતી નથી? ખરૂં કહુંછું કે તારા પ્રેમનું આકર્ષણ મને કાન્તા પાસેથી ખેચી લાવે છે પણ કાન્તા પોતાના અલ્પજ્ઞ વિચારને લીધે મારી પૂંઠે પડે છે તો મારે શું કરવું! હું હવે સમજ્યોછું કે કાન્તા તારી બાળ સખી હોવાથી તેનું સર્વ વૃતાંત તું જાણતી હઇશ અને સાથે સાથે મારૂં પણ કંઇક જાણ્યું હશે, તો પછી એ બધી વાત તાજી કરવામાં શો લાભ? તારા જેવી સુશીલ, સદ્‌ગુણી સ્ત્રીનો હું પ્રેમપાત્ર બન્યોછું તો મારા જેવો ભાગ્યવાન કોણ અને જો તને તરછોડું, તને દુઃખી કરૂં તો મારા જેવો નીચ, બેવફા અને ક[illegible]

હોયુ દુનિયામાં બીજો કોણ હોય! પણ, વ્હાલી મારી સ્થિતિ વિચિત્ર થઇ પડી છે. કાન્તા જેવી તારી બાળસખી છે, તેવી મારી પણ બાળપણાની મિત્ર છે પણ અતિ સ્વતંત્રતાના પરિણામે ઉત્પન્ન થયેલો કાન્તાનો પૂર્વ સંબંધ કાન્તા હજુ છોડી શકતી નથી અને જો હું તેમ કરવા જાઉં તો કાન્તાના ચંચળ સ્વભાવનો પ્રવાહ વળી બીજે આડે રસ્તે વહે એવો ભય છે અને તેથી હું કોઈ બીજી યુક્તિની પેરવીમાં છું કે જેથી કાન્તા તેના જીવન પ્રવાહને યોગ્ય સરળ માર્ગ આપે!

"પ્રિય તમારામાં મને વિશ્વાસ છે મારા સાચા સ્નેહીનો મને ભરોસો છે, એટલે આપનો આવોજ ઉદ્દેશ હોય તો તેમ કરવા હું તમને મદદ કરૂં. એક વખત એવો પણ હતો કે તમારા એ સંબંધની મને ખબર પડવાથી કાન્તાને મેં તમારી જોડે લગ્ન કરવાને ઉપદેશ આપ્યો હતો અને તેમ નહિ કરે તો અને જાતિનો આશરો લે નહિ તો મેં તે વેળા જે ભયનો સંભવ દર્શાવ્યો હતો તે સમીપ આવી

લાગ્યો. મારી તો પ્રથમથીજ માન્યતા હતી કે તમા· રો અને કાન્તાનો સંસાર સુખી નિવડશે. ”

“ હવે એ વાત કરવી ભૂલ ભરેલી છે—પરમાત્મા ના કામમાં ખામી કાઢવા બરોબર છે, તેમ હું એમ માનવા ના પાડું છું, શું તું ઘણી વખત એમ કહેતી ન હતી કે સાચો પ્રેમ સાચા પ્રેમને ખેંચી લાવે છે ? અને પ્રેમીઓ એક બીજાના વિચારાદિ પરસ્પર અ- નુકુળ કરી શકે છે, તો આપણા સબંધમાં પણ એમજ બન્યું છે એમ સમજી લે ”

‘ પ્રિયત્તમ ! આવાજ સ્નેહ ભર્યા શબ્દોની હું તમારી પાસેથી આશા રાખતી હતી. હવે જુઓ મારા મુખ પર કેવો આનંદ છવાઇ રહયો છે જુઓ મારાં હ્રદયમાં, પ્રેમોર્મી કેવી ઉછળી રહી છે. વ્હાલા, આવો, ભેટો, જખમારે કાન્તા ” હવે સરસ્વતી નટવરલાલના ઉક્ત વચનોથી આનંદમાં આવી ગઇ અને હર્ષથી પ્રેમઘેલી બની નટવરલાલને ભેટી પડી અને નટવ·લાલે સરસ્·તીને છાતી સરસી દાબી તેના તૃષિત હ્રદય તથા અધરને સંતોષ્યાં.

"હવે મારે એક બે કામ કરવા છે, આપે કહ્યું તેમ ભાઇને તથા ભાભીને બોલાવવાને કાગળ લખું અને બીજું આ પત્ર લઇ કાન્તા પાસે જાઉં અને આગલી પાછલી બધી વાત કાઢી તેને ઠેકાણે લાવું હવે તો મને પૂર્ણ વિશ્વાસ છે કે હું મારા આ 'મિશન' માં ફતેહ પામીશ."

"ભલે એમ કર ! સાંજના ત્રણ ચાર વાગે કાન્તાને ત્યાં જા અને તારે કહેવા યોગ્ય કહે હું તેનાજ કાગળ પર એક બે શબ્દો લખી આપું છું તે તેને વંચાવવા." નટવરલાલે સરસ્વતીને અનુમતિ આપી અને કાન્તાનો પત્ર હાથમાં લઇ તે ઉપર એક આડી લીટી દોરી લાલ શાહીથી નીચે-પ્રમાણે લખ્યું.

"બેન કાન્તા"

તારી બાળસખી સરસ્વતી તને જે કંઇ બોધ કે શિખામણ રૂપે કહે તે મારા તરફથી છે એમ માની તેપ્રમાણે સુખી થજે એટલીજ આશીષ.

લી૦ હવે તો તારો ધર્મબન્ધુ–નટવરલાલ"

સરસ્વતીએ વાક્ય વાંચ્યું અને નટવરલાલ પ્રતિ સ્નેહદ્રષ્ટિ કરી સ્હેજસ્મિત કર્યું અને બોલી—" તમારો અને કાન્તાનો આ સંબંધ અનંત કાળ પર્યંન્ત રહો." નટવરલાલે 'તથાસ્તુ' કહી પિતાજી સાથે વાત કરવાને ચાલ્યો ગયો, અને સરસ્વતીએ ફરી સુંદરદાસપર પત્ર લખવા માંડયો.

'વ્હાલાભાઇ સુંદરદાસ.

આપનો પત્ર મલ્યો. વાંચી વિગત જાણી છે. તમારા દુઃખમાં ભાગ લેવો એ મારો ધર્મ છે પણ લાચાર છું કે હું તમારી સેવામાં પાસે નથી. તેમ કેટલાક કારણસર હાલ તુરત આવી શકાય એમ નથી, પણ તમે જ્યારે મારીપાસેથી કોઇ સુલભ માર્ગ શોધાવો છો તો તમને એટલુંજ લખવાનું કે તમે ગમેતેમ કરી તમારી બદલી મુંબઇ થાય એમ કરો અને નહિતો થોડા મહિનાની રજા લો અથવા રાજીનામું આપી તમે એક્દ મુંબઈ આવી રહો. મામાને તથા મામીને એની ફક્ત ખબરજ કરજો. તેમની રજા લેવાને બંધાયા નથી; તેમ તેઓ

ના પાડે એમ પણ નથી, માટે તમારે નર્મદાને લઇને તાબડતોબ અંહી આવી રહેવાની તૈયારી કરવી. અહીં આવ્યા પછી સર્વે વ્યવસ્થા અમારે શિર છે અને તે માટે તમારે કંઈ જોવાનું નથી. અહીં સર્વની એજ ઇચ્છા છે એટલે છેવટે એટલુંજ કે આ મારી નમ્ર માંગણી સાંભળી જરૂર આવવું, અહીં સૌ આનંદમાં તથા સુખરૂપ છે.

લીં. તમારી વ્હાલી બેન,

સરસ્વતી.

કાગળ લખી રહી અને તે બંધ કરી પોસ્ટમાં નંખાવી દીધો અને પછી પોતે જમવાને ગઈ.

આશરે ત્રણેક વાગે નટવરલાલ તથા ઘરના બધાં માણસોની રજા લઈ, સરસ્વતી કાન્તાને ત્યાં જવા તૈયાર થઇ, નટવરલાલે ઘરની ગાડી જોડાવી લઇ જવાને કહ્યું પણ વખત ઘણો લાગશે અને તેટલો વખત ગાડીને નાહક રોકવી ઠીક ન લાગવાથી ભાડેની વિ-કટોરિયામાં બેસીને કાન્તાને ઘેર ગઇ.

જ્યારે નટવરલાલ સાથે કાન્તા છેલ્લી મળી ત્યારે

નટવરલાલની વાતચીતમાં કાન્તાએ જે ફેરફાર જોયો હતો તેની તે વેળા ગણના કરી ન હતી પણ જ્યારે બીજે દિવસે તેને જણાયું કે—સરસ્વતી તો તેની ધર્મપત્નિ થઇ છે ત્યારે તે વિશેની સત્યતાની ચોક્કસ ખાત્રી થઇ અને સરસ્વતીના મેળાપ પછી, સરસ્વતી સાથેનો પૂર્વ વાર્તાલાપ તેના મનમાં તરવરી નીકળ્યો અને હવે કયો રસ્તો લેવો તેનો વિચાર કરવા લાગી. તેને હવે બરોબર ખાત્રી થઇ કે મારો અને નટવરલાલનો સંબંધ સરસ્વતી જાણી ચુકી છે અને તેથી સરસ્વતી તરફથી મને જરૂર ઠપકો મળશે અને તેણે મને જે ભયની નિ-શાની બતાવી હતી અને તેના બોધ વચન પ્રમાણે વર્તવાને મેં તેને જે વચન આપ્યું હતું તે હું ભૂલી ગઇ છું અને સરસ્વતીએ જાણ્યું છે, તો હવે સરસ્વતી મને મળશે ત્યારે હું તેને શું જવાબ આપીશ, તેને મારૂં મોઢું શું બતાવીશ ! ખરેખર મેં વિદ્યાપર આગ મુકી છે, યુનીવરસીટીના એજ્યુ-કેશનને ઝાંખ લગાડી છે, સરસ્વતીને આપેલું વચન

ધૂળમાં મેળવ્યું છે અને આમ વગર વિચાર્યાં કૃત્યથી મારૂં અને વ્હાલા રમણિકનું અકલ્યાણ કીધું છે-નટવરલાલના પ્રેમનો મને શું અધિકાર ! આજસુધી અમારો બેઉનો પ્રેમ વેચાયો ન હતો પણ હવે તે બેઉનો પ્રેમ વેચાયો છે તો તે એકને અર્પાયેલા પ્રેમને લુંટવાને મારે શા માટે સાહસ કરવું જોઇએ અને શા માટે મારા અધિકારના પ્રેમની અવગણના કરવી ! કદાચ સરસ્વતીના બોધપ્રમાણે કર્યું હોત તો નટવરનો પ્રેમ પ્રાપ્ત કરવાને હક્કદાર હતી અને સુખ પણ થાત. પણ અરે હવે એ કચખતના અને ધર્મ-વિરૂદ્ધ વિચાર શામાટે લાવવા !

નટવરલાલને બોલાવું—તેને સર્વ વૃતાંત વિદિત કરું, તેને હવે ધર્મબન્ધુ તરીકે ગણું, એક ભાઇ તરીકેના સાચા પ્રેમની ભિક્ષા માગું. અરેરે ! હું સરસ્વતીની કેટલીબધી ગુન્હેગાર છું ! સરસ્વતી તારા જેવી શુદ્ધ હૃદયની અને સાચા પ્રેમની મુર્તિ સદ્ગુણ અને વિદ્યાની ખાણ, મળવી વિરલ છે. હવે તને જ્યારે મળીશ ત્યારે એ હાથમાં મારૂં માથું મૂ-

ફીનેજ મળીશ. ”

આવા વિચારમાં કાન્તાની રાત પસાર થઈ અને તેના મનમાં ઉત્પન્ન થએલા વિચાર પ્રાતઃકાળમાં પુનઃ સતેજ થયા અને તેણે ઉઠીને તરતજ નટવરલાલને બોલાવવાને પત્ર લખી દીધો અને પછી ઘરનું કામ કાજ બરોબર આટોપી લીધું અને તે દિવસથી રમણિકનો પ્રેમ સંપાદન કરવા, તેના સુખ દુઃખમાં ભાગ લેવા પ્રતિજ્ઞા લીધી. કાન્તાએ રમણિકલાલ સાથે રમણિકલાલની મોટી અજાયબી વચ્ચે ખુલ્લા મનથી, આનંદક પૂર્વક પ્રેમ ગોષ્ઠિ કરવાની શરૂઆત કરી.

સાંજના ત્રણ ચાર વાગવાનો વખત થયો અને કાન્તા નટવરલાલની રાહ જોતી પોતાના ઓરડામાં બેઠી હતી.

નટવરલાલ આવે તે અગાઉ પોતાના ફેરવાએલા વિચારના નિશ્ચયની નિશાની રૂપ એક વાક્ય એક કાગળના ટુકડા પર લખી રાખ્યું:—“ શુદ્ધ સ્નેહ સાગરમાં તરવા ઇચ્છતી, બન્ધુ નટવર પાસે સહાય માંગતી, તેની ધર્મ ભગિની કાન્તા. ”

નટવરલાલની વાટ જોતી,. અને અનેક વિચારમાં ગુંથાયલી કાન્તા, પોતાની ટેબલપર માથું નાંખી એક ખુરશીપર બેઠી હતી, એટલામાં સરસ્વતી આવી અને ઓરડામાં પ્રવેશ કર્યો; કાન્તા ચમકીને બેઠી થઇ પણ નટવરલાલને બદલે સરસ્વતી તેની દૃષ્ટિએ પડી અને તે શરમાઇ અને એકદમ પોતાનું માથુ નીચું નાખ્યું.

"કેમ! બેન કાન્તા, આજ કંઇ પ્રકૃતિ સારી નથી ?"

"મને તો કંઇએ રોગ થાય એમ નથી, બેન સરસ્વતી, તારા આવા વિવેક ભર્યાં વચન માટે તારો ઉપકાર માનું છું પણ—" કાન્તા બોલતી અટકાઇ.

"પણ—શું ? કહે શું કહેવું છે"

"જીભ ચાલતી નથી, હૃદય ક્ષોભ પામે છે, શરમથી આંખો મીંચાઇ જાય છે પણ વ્હાલી સખી. ક્ષમા આપજે તારો બોધ અને તને આપેલું વચન, આ તારી દુષ્ટદાસીએ ઉથાપ્યાં છે; પણ હા,

મને તે તારા દર્શન માત્રથી યાદ આવ્યાં છે અને તે પાળવાને હવે તો મેં પ્રતિજ્ઞા કરી છે. ખોટું હોય તો લે આ વાંચ !" કાન્તાએ પેલો કાગળનો ટુકડો સરસ્વતીને આપ્યો; સરસ્વતીએ તે વાંચ્યો અને તે આનંદાશ્ચર્યથી મનમાંજ બોલી; આ શું, બેહુએ આમ સ્વાભાવિક રીતે પ્રતિજ્ઞા કરી ! એ શેનો પ્રભાવ હશે ! શું મારા પ્રેમનો પ્રતાપ હશે કે પ્રભુની પ્રસાદી હશે ! પણ શું એમ નહિ હોય કે હું આવું છું તેની કાન્તાને ખબર થઇ હોય અને મને ભોળવવા આમ પ્રપંચ રચ્યો હોય ! કંઇ સમજ પડતી નથી."

"કાન્તા આમ લખવાનું કંઇ કારણ !" સરસ્વતીએ કાન્તાપ્રતિ કહ્યું.

"કારણ શું હોય ! સત્ય એજ કારણ ! સદ્ગુણ એજ કારણ ! શોચ એજ કારણ ! પશ્ચાતાપ એજ કારણ બીજા કારણ શું હોય !"

"જો એમજ હોય તો આજે નટવરલાલને લખેલા પત્રમાં તેં "પ્રેમની ભિક્ષુક" એમ શામાટે લખ્યું છે."

"બેન, તું ભૂલે છે, મેં એમ નથી લખ્યું, મેં સાચા પ્રેમની ભિક્ષાની માંગણી કરી હતી."

"ત્યારે આજસુધી શું હતું.!"

"સરસ્વતી, મને પ્રેમ વ્યાખ્યા આવડતી નથી પણ કંઇક પ્રેમના રૂપ સમજ્યું છું ખરી; છતાંએ કયો પ્રેમ કોની પાસેથી ગ્રહણ કરવો તે શીખી નથી મેં આજસુધી સાચો પ્રેમ સંપાદન કર્યો નથી. રમણિકનો પ્રેમ મારા હકનો અને સાચો, તેમ નટવરલાલનો ભાઇ તરીકેનો પ્રેમ સાચો છે અને તેની હું સહ અભ્યાસી હોઇ હકદારછું, આજસુધીનો પ્રેમ એ પ્રકારનો પ્રેમ નહતો પણ તે પ્રેમના રૂપમાં ખોટો પ્રેમ યા વિષય હતો અને તેથીજ તે અમને ભિરૂઅને દોષિત કરતો. આમ તારા મુખદર્શને અને તારા બોધની સ્મૃતિએ મને આજે ભાન કરાવ્યું."

આ સાંભળી સરસ્વતી અતિ આશ્ચર્ય પામી અને તેને હવે ખાત્રી થઇ કે આજે કાન્તાને પુરો પશ્ચાતાપ થયો છે. ઉભય સખિઓ થોડો વાર મૌન રહી. સરસ્વતી આનંદમાં મગ્ન થઇ. કાન્તા બીજું

મોં કરી ઉદાસ ચહેરે જોઈ રહી.

પછી સરસ્વતીએ કાન્તાનો પત્ર બહાર કાઢયો અને કાન્તાને બતાવતાં બતાવતાં કહ્યું.—" બેન ઉદાસ નાથા; શુદ્ધ સ્નેહનો પ્રભાવ કેવો છે અને સાચા પ્રેમનેજ પ્રભુ અશરો આપે છે તેની અહીંજ ખાત્રી કરી લે–જે પ્રેમની તે ભિક્ષા માંગી છે તે પ્રમની ભિક્ષા તને ખુશીથી મલી છે. લે. આ. પત્ર."

કાન્તાએ તે પત્ર લીધો અને વાંચ્યો અને તે એકદમબોલી ઉઠી. " આ શું! એક દાગે, એક પ્રકારનો આવો ફેરફાર ! સરસ્વતી, એ તારોજ પ્રભાવ, બસ, બસ, મને હવે પૂર્ણ આનંદ થાય છે. મારા અંતઃકરણમાં દહીં અને બરફ રેડાયો છે."

" બેન, કાન્તા, તારા આ પત્રથી મારા ક્રોધનો પાર રહયો ન હતો પણ તમારા અંતઃકરણમાં આવી અલૌકિક પ્રેરણા થઇ છે એટલે મારે કંઇ કહેવાનું રહેતુંજ નથી પણ ઉલટો અતિ આનંદ થાય છે.

"બેન, આટલી તસ્દી લીધી તેને માટે માફ કરજે મારા માટે તારી આટલી હિતની લાગણી માટે તારો આભાર માનું છું. શું નટવરલાલ નથી આવવાના!

"ના; તેણે મને મોકલી છે અને હું તેને આ પત્ર જરૂર બતાવીશ. બેન, હવે મને જવાની રજા આપીશ."

"બેન, મેં તારી કાંઇ આગતા સ્વાગતા કરી નથી તો જરા બેસી અને આ તારી દાસીની કિંચિત સેવાનો સ્વીકાર કરઃ હું હમણાં ચા તૈયાર કરૂં છું." સરસ્વતીએ તેમ કબૂલ કર્યું અને કાન્તાએ ચા મુકી. ચા તૈયાર થઇ ત્યાં સુધી તે બેઉ સખીઓ સામાન્ય વાત ચીત અને એક બીજાના ઘરના સમાચારની વાતો કરતાં હતાં એટલામાં રમણિકલાલ પણ આવી પહોંચ્યો અને ચા તૈયાર થઈ એટલે તેમણે સર્વે એ ચા તથા કંઇક નાસ્તો (ટીફીન) લીધાં. ચા પીતાં પીતાં કાન્તાએ સરસ્વતીની તથા નટવરલાલની રમણિકલાલને ઓળખાણ કરાવી પાન સોપારી ખાધા પછી સરસ્વતી તેમને પોતાને ઘેર

આવવાને આમંત્રણ આપી બહાર નીકળી અને ગાડીમાં બેસી ઘર તરફ ચાલી.

પ્રકરણ ૧૩ મું
એકતુલ્યના: શોચ અને સંતોષ.

સરસ્વતી કાન્તાને ત્યાં જવા નીકળી ત્યારે નટવરલાલે તેની ગાડી અદ્રશ્ય થઇ ત્યાં સુધી તેના તરફ ટીકી ટીકીને જોયા કર્યું. પછી દિવાનખાનામાં આવી ખુરશીપર બેઠો અને ઉંડા વિચારમાં પડ્યો અને મન સાથેજ વાતો કરવા લાગ્યો:—

" સરસ્વતી! તારો વ્હેમ સાચો હતો; તથાપિ તું એક આદર્શ સ્ત્રી છે. એ વ્હેમે ક્યારનું તારા મનમાં જડ મૂળ ઘાલ્યું હતું પણ કોઇ ખાત્રીવિના તેં તે વ્હેમ મારી આગળ વ્યકત કર્યો નહિ, પણ કારણ મળ્યે તેમ કરી શકી છે અને વ્હેમથી ઉત્પન્ન થતા ભયનું નિરાકરણ થઇ ચુક્યું છે તેથી મને

પરમ સંતોષ થાય છે.

અરેરે ! હું કેવો કુટિલ, અલ્પજ્ઞ અને બેવકૂફ છું કે આવું નારી રત્ન સાંપડ્યું છતાં તેને સંગ્રહવાને, તેને પોતાનું કરવાને, સ્હેજ પણ પ્રયત્ન કર્યો નહિ. પણ હા ! મારાજ ભાગ્યમાં એ રત્ન છે. અરે ! મારૂંજ છે તો તેણે મને પોતાનો કરી લીધે; હું તેનાથી બીજે નંબરે આવેલું, કારણ મારી એ પ્રથમ ફરજ હતી કે મારે તેને પોતાની કરી લેવી.

“ કાન્તાને મારે હવે શો સંબંધ ? કોલેજની ઉછરતી જીંદગીમાં કાન્તા સાથે મિત્રાચારિ થઇ ગઇ, હા ! એક પુરૂષ જેવા તેના વર્તનથી તેની સાથે ગાડા સંબંધમાં આવી જવાયું. નહિતો એક આ પામર જીવની શી મગદુર છે કે પર સ્ત્રી સમક્ષ ઉભો રહે ! અને હમણાં પણ કાન્તાએ પ્હેલ ન કરી હોત તો સરસ્વતીના મનને આટલું દુખ થવાનો વખત ક્યાંથી આવત ! કાન્તા પણ કેવી બેશરમ; બી. એ. થઇ, લગ્ન કર્યાં, પોતાના પતિનો ઘર કારભાર માથે લીધો, છતાં તે પોતાના ધર્મ માર્ગથી કેમ ચળીત

થઇ ! પોતાની પાછલી જીંદગીને કેમ યાદ કરી શા માટે પસંદ કરી ! બીજી એ વ્યક્તિને વિઘાતક નીવડી, કારણ શું હશે ! હા, પૂર્વકાળના હિંદીસંસારના અનુભવ વિના આપેલી સ્વતંત્રતા, પોતાનું સ્ત્રી પણું ભૂલીને પુરૂષના જેવા હકો સંપાદાન કરવાની ઉત્કંઠાને લીધે, આર્ય સંસારમાં સ્ત્રીઓની પદવી વિશેના યોગ્ય વિચાર વિના પ્રશ્ચાત્ય પ્રજાના સંસારનું અનુકરણ કરવાને લીધે આ પરિણામ સહજજ આવે છે.

" શું સ્ત્રીઓને આવી સ્વતંત્રતા આપવી આવશ્યક છે ! પશ્ચિમના મુલકોની ચઢતી દશા જોઇ તેમનું દરેક અનુકરણ કરવાનું આપણને મન થાય એમ સ્વાભાવિક છે અને ઉન્નતિને અર્થે તેમ કરવું આવશ્યક છે છતાં પગ જોઇ પાથરણું તાણવું વ્યાજબી છે. એકલા પુરૂષો શું દેશોદયનું કાર્ય કરી શકે એમ નથી ? હા, કરી શકે એમ છે. ત્યારે સ્ત્રીઓની મદદ તેમને શા માટે જોઇએ ! અલબત જોઇએ. પુરૂષોને દિવસનો ત્રીજો ભાગ ઘરની

બહાર કાઢવો પડે છે અને એ ભાગ ઘરમાં કાઢવા પડે છે, તો પુરૂષોને સ્ત્રીજાતિ દિવસના એ મોટા ભાગમાં કેમ સહાય ન આપી શકે. એક વૃક્ષ વર્ષમાં એકજ રૂતુમાં ફળ આપે છે બાકીની રૂતુમાં તે કંઈ આપી શકતું નથી પણ તે રૂતુમાં તે પોતાનું પોષણ મેળવે છે; પાણી ખાતર વિગેરે તેને બીજી રૂતુમાં મળી શકે છે જેથી રૂતુકાળે સરા ફળ આપી શકે છે તેમ પુરૂષરૂપી વૃક્ષને ખાતર અને જળ સિંચનાર સ્ત્રીરૂપી માળી છે અને તે દિવસના મોટા ભાગમાં એ કામ કરી શકશે. પુરૂષો ઘરમાં સુખમાં રહેશે, કરેલા શ્રમને માટે આરામ લેશે, સ્ત્રીની રસિકતાનો સ્વાદ લઇ તે દ્વારા કુદરતની બલિહારી ગાશે અને દિવસના મોટા ભાગમાં પોતાની આત્મિક અને માનસિક ઉન્નતિ કરશે તો તેઓ દેશોદ્ધારના કામમાં આગળ આવશે અને જય સંપાદન કરશે.

ઘરમાં સ્ત્રી સ્વતંત્ર છે, બહાર પણ તેઓ સ્વતંત્ર છે પણ જે કામ પુરૂષથી થઇ શકે છે તે કામ સ્ત્રી

પાસે કરાવવું અને સ્ત્રીના કુદરતિ કાર્યને ખોરંભે નાં-ખવું, અગર સ્ત્રીનું કામ પુરૂષ પાસેથી કરાવવું અને પછી દેશોદ્ધારની આશા રાખવી એ આકાશમાં ઉડતું કુસુમ ઝાલવા બરોબર છે.

શું સ્ત્રી વેપાર કરશે? ધારા સભામાં કે મ્યુનિસિ-પલીટીમાં વોટ આપશે કે કાયદા ઘડશે, ઓફીસમાં કારકુન થઈ રહેશે અથવા દુકાનોમાં વેચનાર બનશે અને શું પુરૂષો રસોઈ કરશે અને બાળકોને રમાડશે! સ્ત્રીઓને દુનિયાની બાહ્ય પ્રવૃત્તિમાં નાંખવાથી કુદરતના કામમાં ખલેલ નડશે, ઘરની દરેક વ્યવસ્થા તથા બાળકોનું પાલન ચાકરોને શિર આવશે એટલે આર્ય સંસારની વ્યવસ્થા અને બાળકોના ગુણ, સ્વભાવાદિની ઉજળી રેખા દોરવી એ તદન અસંભવિત છે.

સ્ત્રીઓને સમાન હક આપવાને માટે બુમો પાંડવામાં આવે છે. ઇશ્વરથી નિર્માણ થએલી કુદર-તના જુદાં જુદાં કાર્યો કરવાને બંધાયલી, બે જાતિ. સ્ત્રી અને પુરૂષને એક સપાટીપર મૂકવા માટે બૂ-

મરાણુ સંભળાય છે—પશ્ચિમના પવન તેનો પડઘો અહીં સુધી ખેંચી લાવે છે પણ—અરે એકજ જાતિ એકજ કામ માટે નિર્માણ થએલી. પુરૂષ જાતિમાંજ માંહોમાંહે શા માટે ભેદ જોવામાં આવે છે સર્વને સમાન હકક કેમ નથી આપવામાં આવતા શા માટે ઉંચ નીચ કુટુંબ આદિનો ભેદ રાખો છો! શા માટે મોટા નાનાનો ભેદ માનો છે? પણ હા! શું કરે! કુદરત આડે આવે છે, 'ફરજ' (Duty) પરત્વેનો ભેદાભેદ મુકી દેવાય તો] કુદરતનું કાર્ય અટકે–સંસાર શિથિલ થાય અને સર્વ વ્યવસ્થા છિન્ન ભિન્ન થાય!

જો સ્ત્રીઓને પુરૂષના જેવા હકક આપવાના હોય તો પુરૂષો! તમે સ્ત્રીને પરણીને સ્ત્રીના બાપને—અરે—માને ઘેર જશો! સ્ત્રીઓ તમને પરણવા આવશે—અને પોતાને ઘેર લઇ જશે કેમ, કબુલ છે?

આમ, નીતિ, અને સામાજીક વ્યવસ્થા તથા કુદરતના નિયમોના અનભ્યાસી, સુધારાના

ડોળઘાલુઓ શા માટે મિથ્યા પ્રયત્ન કરતા હશે! જે કાર્ય કરવાનું છે તે બાજુએ રહી જાય છે; સ્ત્રીઓને સંસારને યોગ્ય ધાર્મિક અને નૈતિક કેળવણી આપતી કુદરતની લીલાનો અનુભવ લેવાને તેના નિયમાનુંસાર વર્તી સંસારને સુખી કરવાને તેમને જે જરૂરનું છે તે તેમજ બીજા ઇશ્વર તરફથી તેમને અર્પાયેલા હક અને સ્વતંત્રતા જે તમે ઝુંટવી લીધા છે તેટલુંજ આપો તો બસ છે. તમે તમારૂં કામ કરો અને તે તેનું કામ કરશે—

"અરે, કેટલા ઉંડા અને બીન જરૂરી વિચારમાં ઉતરી પડયો? હશે! મારે એ લોકોનું હમણાં શું કામ છે. પહેલું મારૂંજ સંભાળું ને.

"સરસ્વતી શું કરીને આવશે! તેઓ લડાનો નહીં પડે? પણ નહિ! સરસ્વતી એવી નથી, તેમ કાન્તા પણ સમજે એવી છે, પણ તેનું કહેવાય નહિ, પ્રેમ આંધળો છે.

"લોકો પ્રેમને આંધળો કહે છે. હોય પણ! ના

કેમ કહેવાય! અનુભવે સિદ્ધ થયું છે કે તે આંધળો છે પણ હવે શીખું છું કે–મોજ શોખ અને વૈભવમાં ઉછરેલો પ્રેમરાજા આંધળો નીવડે છે પણ સ્નેહીઓના સંસાર રાજ્યને સુવ્યવસ્થિત ચલાવવા! વિદ્યા અને ગુણાદિથી અલંકૃત થયેલો પ્રેમરાજા કદી આંધળો હોયજ નહિ, એવા પ્રેમરાજાના અમે તાબેદાર છીએ. પ્રેમનું યથાર્થ રૂપ આજસુધી હું સમજ્યો નહતો, તેને માટે મને અનહદ શોક થાય છે, તથાપિ હજુ વખતસર હું તે સમજી શક્યો છું એ સંતોષ જનક છે.

સરસ્વતી! તારા સરખાં સ્ત્રી રત્ન અને પ્રેમ પ્રતિમા અહોનિશ ગ્રહણીય અને પૂજનીય છે.

હવે તો.

The warmth and light of love and
truth are shed,
About my dormant soul

And, neath their touch there
waken into life
New aspirations I can not control
I can but struggle forward
through the dark
Toward the hidden goal
Trusting that God who guides the
plant aright
Will lead my life into the
fuller light

" કેમ, પ્રાણનાથ, શું વિચારમાં પડ્યા છો ! "

સરસ્વતી એકાએક આવી પહોંચી અને નટવરલાલની પાછળ ઉભી રહી મુખમાં મલકાતી બોલી.

નટવરલાલે ફરીને તેની ગમ જોયું અને અધીરાઇથી પૂછ્યું—"કેમ, શું કરી આવી ! "

"પ્રેમ માર્ગ ઉપરના કંટક દૂર કીધાં એટલુંજ નહિ પણ તેના ઉપર પુષ્પ વેરતી આવી."

"એટલે"

"લો આ કાન્તાના હસ્તાક્ષર"

નટવરલાલે તે પત્ર લીધો અને વાંચ્યો.

"શું કાન્તાના વિચારમાં એકાએક આમ પરિવર્તન ! સરસ્વતી, ધન્ય છે તારા પ્રયત્નને"

"મેં કંઈજ કર્યું નથી, મારા ગયા અગાઉ તેનો એ નિશ્ચય હતો અને તેણે એ વચન લખી રાખ્યું હતું."

"ત્યારે આ તેના વિચાર અને વર્તનના પરિવર્તનનું કંઈ કારણ તો હોવું જ જોઇએ.

નટવરલાલે જીજ્ઞાસુ મને પૂછ્યું અને સરસ્વતીએ સર્વ વાત આદ્યંતિ કહી સંભળાવી,

વાહ વાહ ! ગહન છે પ્રેમના પ્રભાવને !"

નટવરલાલે હ્રદયોદગાર કાઢયો.

"પ્રિય, તમારાં છેલ્લાં અંગ્રેજી વાકયો મારા કર્ણે પડય છે અને તે પ્રમાણે ઈશ્વર શ્રધ્ધા રાખીને ચાલીશું તો સારાં અને પ્રભાવશાળી પરિણામ પ્રાપ્ત થશે.

"વ્હાલી, સરસ્વતી, આ પ્રેમની જીત માટે તને શું ઇનામ મળવું જોઇએ." નટવરલાલે સ્મિત કરતાં કહયું.

"મને કયારનું ઇનામ મળી ચુકયું છે. તમારૂં જીવન તે મારૂં જીવન છે; તમારાં સુખ દુઃખ તે મારાં પણ છે. અને તમારૂં હ્રદય તે મારૂં હ્રદય છે. ટુંકમાં જે તમારૂં તે મારૂં છે તો પછી. પ્રિય, વ્હાલા, ઇનામને માટે અવકાશજ કયાં છે. પ્રિય, હમણાં તો મને પેલા વિશ્વપ્રેમી કલાપિના મધુર વચનો યાદ આવે છે.

"સન્ધાડી પ્રેમદોરીમેં, જગાવી પ્રેમ જયોતિમેં

પ્રેમાવી પ્રેમ માળામેં, જગાવી પ્રેમજ્યોતિ મેં

ઉડાવ્યું પક્ષી પ્રીતિનું, ઝીલ્યું સુપુષ્પ પ્રિતિનું.
કરાવ્યું સ્નાન પ્રિતિનું, કર્યું મેં પાન પ્રીતિનું".

પ્રકરણ ૧૪ મું.

નર્મદાનું નવીન જીવન.

સરસ્વતીને સાસરે વિદાય કર્યા પછી સુંદરદાસે પોતાનો ઘર કારભાર પાછો સ્વતંત્ર ચલાવવા માંડયો હતો. સુશીલા અને સરસ્વતીના સહયોગથી નર્મદા ઘણી સુધરી હતી તેમ ઘરકામમાં બરોબર ધ્યાન આપતી થઇ હતી; અને ઘરની હરેક વસ્તુ 'મારી છે' એમ સમજીને તેનાં ઉપયોગ તથા વ્યવસ્થા કરતી હતી. હજુ પણ સુંદરદાસ તેની સાથે ખુલ્લા દિલથી વર્તતો નહિ. તેના કામકાજપર ચોક્કસ ધ્યાન આપતો નહિ તેમ કામ સિવાય તેની જોડે ઝાઝું બોલતો પણ નહિ; કારણ, જ્યાં પ્રેમનું અસ્તિત્વ નથી, એક બીજાની લાગણીનું આકર્ષણ નથી ત્યાં તેમનો સંયોગ સુખરૂપ કે આનંદજનક નીવડે કયાંથી ? અને તેમ કરી સુંદરદાસે, પોતાના દિવસ ગુજાર કરવાનો નિશ્ચય

કર્યો હતો. સરસ્વતીનાં લગ્ન પહેલાં તેમની ઘરની કઢંગી સ્થિતિને લીધે ઓફીસમાં પણ બરાબર ધ્યાન આપતો નહી, તેથી પોતાનું કામ સંતોષકારક કરી શકતો નહિ; પણ હમણાં ઘર તરફથી કંઇક શાંતિ મળવાથી, તે ઓફીસના કામમાં જોઇતું ધ્યાન આપી ઉપરીની મહેરબાની સંપાદન કરવા લાગ્યો. થોડાજ વખતમાં તેના કામથી પ્રસન્ન થઇ બેન્કના મેનેજરે તેને હેડ કેશીયરની જગા આપવાની ભલામણ કરી અને તેને માટે જોઇતી જામીનગીરિ તેના મામા તરફથી મળી તેથી તેને તે જગ્યા જલદી મળી ગઇ.

આમ નર્મદા તરફથી તેમજ એના પરિણામે નોકરી તરફથી સુંદરદાસને શાંતિ મળી; પણ એ શાંતિના શશીએ તરતજ અસ્તાચળ પ્રતિગમન કરવા માંડયું.

સુંદરદાસ નર્મદા સાથે હૃદયથી નહિ વર્તતો હોવાથી, નર્મદાને એમ લાગતું કે હજુ એના મનમાં પોતાને માટે ખોટા વિચાર છે યા પોતાના પ્રતિ તિ-

રસ્કાર વૃત્તિ છે અને તેથી તેને પણ સ્વાભાવિક રીતે સુંદરદાસ પ્રતિ અપ્રીતિ ઉત્પન્ન થાય એમાં નવાઇ જેવું નહતું; અને તેને પરિણામે સુંદરદાસની આજ્ઞાનું ઉલ્લંઘન કરી નર્મદા કોઇ કોઇ વખત પોતાની જુની પુરાણી સખીઓને મળવા જવા લાગી અને ત્યારથી પાછો તેને પૂર્વનો દોષિત વાયુ લાગ્યો.

જસોદાએ તેને કંઇ નવું શીખવ્યું:-

"બળ્યું રે! તારૂં જીવતર! આવડી મોટી ઉમર થઇ તો સુધું એકાદે છોકરૂં નહિં એતે દિવસ કયારે આવવાનો; અમારે તો સમજ્યાં પણ તારે છતે ધણીએ આમ વાંઝીયાપણું! અને વળી આવડાં મોટાં થયાં તોએ ધણીથી નાસ નાસ કરવું પડે અને તેના બોલ સંભળાવા પડે! મુંવું એ જીવવું, એના કરતાં તો અમારી પેઠે એકલ દોકલ રહેવું એ સારૂં."

જસોદાની આ ઝેરી ફુંકથી નર્મદાના હૃદયપટ ઉપરની સદ્ગુણની ઝાંખી છાપ ઉડી ગઇ.

હીંદુસ્ત્રીઓને પુત્ર પ્રાપ્તિનો અને એવાં બીજા સંસારના લાવા લેવાની ઘણી હોંશ સ્વભાવિક હોય છે અને તેમાં જો ઢીલ થઇ તો તેમની અધિરાઇનો પાર રહેતો નથી અને તેઓ નિરાશ બને છે છતાં તેમાં ફતેહ મેળવવાને અજ્ઞાનથી કદાપિ ન પામેલી, દેવીની માનતા, બાધાના પ્રયોગો અજમાવવાને પણ બનતાં સુધી અજ્ઞાન હિંદુસ્ત્રીઓ ચુકતી નથી.

નર્મદાથી જસોદા આગળ એના ઇલાજ માટે કંઇક સ્વાભાવિક માંગણી થઇ ગઇ અને તેણે નર્મદાને, સંતતિ મેળવવા, પતિને વશ કરવા, બાધા માનતા લેવાનું શીખવ્યું, તે પ્રમાણે નર્મદા કરવા લાગી અને જંતર મંતરના પ્રયોગો સુંદરદાસની ગેર હાજરીમાં અમુક ઠેરવેલા વખતે થવા માંડયા.

સરસ્વતી જ્યારે આ સર્વ ઇતિહાસ જાણશે ત્યારે તેના તરફથી સુંદરદાસને એવોજ ઉત્તર મળવાનો સંભવ છે કે—ભાઇ, એમાં વાંક તમારો છે, નર્મદા કંઇક સીધી લીટીપર આવવા લાગી ત્યારથી તે આડી

ન જાય તે માટે તેની સાથે ખુલ્લા દીલથી તેના અંતઃકરણને સંતોષ આપી, તેના સારા વિચાર અને માંગણીને અનુસરી વર્ત્યું હોતતો આવો વખત પાછો ન આવત ! ભલે, તમારાં બેઉના અંતઃકરણની વચ-માં અજ્ઞાન અને વ્હેમનો પડદો રહ્યો, પણ જગ-તને તે જણાવવું નહતું ”

આ સર્વ વાત સુંદરદાસના જાણવામાં આવી અને તેના અંતરમાં પછી ચિંતાની ચિતા બળવા લાગી. સરસ્વતીને કાગળ લખ્યા સિવાય તેની કને બીજો ઉપાય ન રહ્યો.

હવે સુંદરદાસે સરસ્વતીના પત્ર પ્રમાણે મુંબઇ જ-વાની ગુપચુપ તૈયારી કરવા માંડી. પ્રથમતો તેણે ઓફીસમાંથી થોડાક માસની રજા માંગી પણ તે તરત મળે એવો સંભવ હતો નહિ તેથી તેણે એવી અરજી આપી કે કાંતો રાજીનામું મંજુર કરે અથ-વા તો મુંબઇની હેડ ઓફીસમાં બદલી કરે. આ અરજીનો જવાબ સુંદરદાસના લાભમાં આવ્યો. કર્મ સંજોગે મુંબઇની ઓફીસમાં એક કલાર્કની જગ્યા

ખાલી હતી અને ત્યાં કોઇ અનુભવીની જરૂર હતી એટલામાં સુંદરદાસની અરજી જવાથી તેને 'ચાન્સ' મળ્યો અને તેટલાજ પગારપર તેની બદલી થઇ. મામા મામીને જણાવી થોડા દિવસમાં સુંદરદાસ નર્મદાને લઇને મુંબઇ આવી પહોંચ્યો.

પોતાની બેન સરસ્વતીની જોડે કુટુંબ સાથે રહેવું ઠીક ન લાગ્યું પણ સરસ્વતીના આગ્રહથી તથા નર્મદાને તેની સાથે રાખવાના સબબથી—કુન્દનલાલ ના મકાનમાં સાથેજ રહેવાનું નકકી કર્યું.

સરસ્વતીએ, સર્વ હકીકત જાણી અને આખરે એવા નિશ્ચયપર આવી કે-:" નર્મદાને સંસારનું જ્ઞાન, અનુભવ અને અભ્યાસ એ બે સાધનથી આપવું જોઇએ—જોકે એને જોઇતો અનુભવ મળ્યો છે પણ તેની સાથે કેળવણીનો પટ લાગેલો નહિ હોવાથી તે અનુભવ અમલમાં મુકી શકાયો નહિ તેમ તેની તુલના પણ થઇ શકી નહિ. માટે હવે તો નર્મદાને પ્રથમથીજ કેળવણી આપવી જોઇએ, કે

જેથી તે પોતાની હદ, ખોટા વ્હેમ અને અકળા-ગરાપણું સમજી ને છોડી શકે.

બાઇ એને આમ નિશ્ચય કર્યો અને તે પ્રમાણે નર્મદાને વાંચન લેખન તેમજ ઉપદેશાત્મક વાર્તાઓ, કથા અને ટપ્પાઓ કહેતી, સમજાવતી; અને બન્ના સાથે રાખીને એક બીજાના વિચાર જણાવીને મળતા સ્વભાવથી, હસ્તેમુખે અને ખુલ્લાદીલે રહેવાનું, શિક્ષણદ્વારા ઉપદેશ આપતી અને પોતાના વર્તનથી અનુભવ કરાવતી.

કાન્તાપણ ઘણે ઘણે દિવસે આવતી જતી અને નર્મદાને શીખવવામાં પોતાની સાથે બેસાડી વાત કરવામાં વખત ગાળતી હતી. સરસ્વતીએ આ નાના સરખા "હોમ ક્લાસ" નો લાભ. પોતાની નણંદ તેમજ પોતાની જાતને પણ આપતી. કેટલાંક નહિ વાંચેલાં ગુજરાતી પુસ્તકો તેમજ સંસ્કૃત નાટકો વાંચતી અને ન સમજાય તે નટવરલાલને પુછતી અથવા કાન્તા આવે ત્યારે તેની જોડે બેસીને તેની પાસેથી શીખી લેતી. ખરું છે કે કાન્તાની

વિદ્યાર્થી અવસ્થા પસાર કરી હતી તેથી તે ઘણું શીખી હતી જ્યારે સરસ્વતીએ તેવી વિદ્યાર્થી અવસ્થા ગાળી નહતી તેથી તેને ઘણી વખત બીજાની સહાય લેવાની જરૂર પડતી અથવા કોઇ વિષયમાં ગુંચવાડો ઉત્પન્ન થતો પણ તે હજુ અભ્યાસીજ રહી હતી અને તેણે ઘણા અંગ્રેજી, ગુજરાતી તથા સંસ્કૃત પુસ્તકો વાંચ્યાં. એ બેઉ સખીઓના જ્ઞાનના પ્રમાણમાં સરસ્વતીનું જ્ઞાન સંગીન હતું જ્યારે કાન્તાના જ્ઞાનમાં વધારાની સાથે થોડુંક છીછરા પણું હતું પણ એમાં તેનો દોષ ન હતો. કાળનો ઉડતો રંગ તેને લાગ્યો હતો તેમાં નવાઇ જેવું કંઇ નહતું.

સરસ્વતી, કાન્તા, સરસ્વતીની મોટી નણંદ, અને સાસુ, તેમજ બીજી આવતી જતી સારી સ્ત્રીઓના સહવાસથી નર્મદાના આગલા વ્હેમી વિચારના બંધનો તુટી ગયાં અને સરસ્વતીના બોધથી સુંદરલાલે નર્મદા જોડે સમભાવથી પહેલાંના કરતાં વધારે લાગણી અને આનંદથી બોલવા ચાલવા માંડયું અને તેનામાં કંઇક કેળવણી તેમજ સદ્બુદ્ધિનો વાસ થયો હતો એટલે

સુંદરદાસનો સ્નેહ નર્મદા પ્રતિ ધીમે ધીમે આકર્ષવા માંડયો. નર્મદા પણ તેની સાથે સ્નેહાગ અને આજ્ઞાંકિત વર્તનથી રહેવા લાગી. પુછે તેનો રીતસર અને મનપસંદ જવાબ આપતી અને ઘરના બધાં માણસ જોડે આનંદ અને સમભાવથી દરેક વાતોમાં ભાગ લેવા લાગી.

તે સુંદરદાસની રજાવિના બહાર જતી નહિ અને કોઈ સ્થળે કોઇને મળવા, યા કંઇ જોવા જવાનું હોય તો સરસ્વતી વિના બહાર પગ કાઢતી નહિ અને હરઘડીએ દરેક વાતોમાં કે જેમાં તેની જીવન કથા વિશે કંઇક બોલાય ત્યાં તરત નર્મદા ગદગદ કંઠે કહેતી કે—"એ બધા પ્રતાપ મારી સરસ્વતીબેનના એમના ઉપકાર હું કયા જન્મે વાળીશ ! "

જ્યારે સરસ્વતીને એમ ખાત્રી થઈ કે હવે નર્મદાને જોઇતી કેળવણી તથા દુનિયાનો અનુભવ મળ્યાં છે અને તેનો સંસાર યથાસ્થિત ચાલશે ત્યારે તેણે પોતાના મકાન પાસે એક ઘર ભાડે રખાવ્યું અને નર્મદા અને સુંદરદાસને જુદું કરી અપાવ્યું.

નર્મદા પોતાનું આ નવું ઘર સારી રીતે ચલાવવા લાગી અને સુંદરદાસને આ ન કલ્પેલું જોવાનું મળ્યું તેથી તે પોતાની બેન તથા પ્રભુનો ઉપકાર માનતો.

સુંદરદાસનો સ્વભાવપણ ધીમે ધીમે આનંદી બનતો ગયો અને ઘણી વખત મજાકમાં નર્મદાને તેની આગળના વખતની હઠીલાઇ, બે પરવાઇ, અને તેનાં વચનો યાદ દેવડાવતો ત્યારે નર્મદા શરમાતી અને કંઇ બોલતી નહિ પણ કોઇ ઉંડા વિચારમાં પડતી જેથી એમ સુચન થતું કે તે પોતાના આગલા વર્તન માટે પશ્ચાતાપ કરતી હશે.

પ્રકરણ ૫ મું.

સંસારમાં સુખ અને સ્વતંત્રતા.

નટવરલાલ એલ. એલ. બી. ની બીજી પરિક્ષામાં પાસ થયો અને તેણે હાઈકોર્ટની સનંદ મેળવી વકીલાત કરવા માંડી અને વકીલાતની સાથે પોતાના

પણ કાન્તા આપરાધિનતાના માળામાં ઉછરી ન હતી; પણ ઉપરોક્ત પાંખો આવ્યા વિનાજ તેણે સ્વતંત્રતાના વાતાવરણમાં ઉડવાનો પ્રયત્ન કર્યો હતો અને તેથી પછડાઇ પડવાનો સંભવ હતો પણ તેને બીજે રસ્તે એ પાંખો ધીમે ધીમે આવવા માંડી અને તેથી તે સ્વતંત્રતામાં ઉડવાને શક્તિમતિ થઇ.

નર્મદા જો કે પરાધિનતામાં ઉછરી હતી પણ તેની પરાધિનતા નિરાળા પ્રકારની હતી; તે પરાધિનતાના માળામાં નહતી પણ કેદખાનામાં અજ્ઞાનની બેડીથી જકડાઇ હતી; એટલે તેને ઉપરોક્ત પાંખો આવવા પામી નહતી અને તેથી સંસારના પ્રકાશમાં આવવાને તેને અન્યની સહાય લેવી પડી હતી; સરસ્વતીએ તેને એ પરાધિનતામાંથી મુક્ત કરી અને ત્યાર પછી તેને ઉક્ત પાંખો થોડી ઘણી પ્રાપ્ત થઇ અને સંસારના સ્વતંત્ર વાતાવરણમાં અન્યની પૂંઠે ઉડવા લાગી.

નર્મદાના સ્વભાવના મોટા ફેરફારના પરિણામે સુંદરદાસની પણ આંખ ઉઘડી કે—આજ સુધી તેણે

જે સંતાપ સહયો હતો, જે દુઃખ વેઠયું હતું તે જો તેણે પ્રથમથીજ આવા ઉપાય કર્યા હોત તો વાત આટલી બધી વધતે નહિ. પણ નર્મદાને અજ્ઞાનના અંધકારમાંથી બહાર કાઢવાનો તેણે જરાયે પ્રયત્ન કર્યો નહતો પણ તેમાંને તેમાંજ રહેવા દેવાથી તેને જ્ઞાન પ્રકાશ નહિ મળવાથી તે ભોળી બિચારી અંધકારમાં ફાંફાં મારતી ઉંડા કૂપમાં પડે તેમાં શી નવાઇ! છતાં હજુ સવેળાએ પ્રકાશ મળ્યો અને નર્મદા સુમાર્ગે પડી. વાર્તાની ત્રણે નાયિકાનો સંસાર ઘણો સરળ અને સુખરૂપ ચાલવા લાગ્યો અને તેઓ સંસારના સુખ અને સ્વતંત્રતા અનુભવવા લાગ્યાં અને સર્વત્ર આનંદ થઇ રહ્યો

નર્મદાને તેનું આ નવીન જીવન કુદરતની એક આશ્ચર્યકારક ઘટનારૂપ લાગ્યું. કાન્તા જે પ્રકારની સ્વતંત્રતા મેળવવાની અભિલાષી હતી, તેની પુરૂષવર્ગની સ્વતંત્રતામાં ભાગ પડાવવાની જે ઉમેદ હતી તે નાશ પામી; સ્ત્રીઓ કંઇ ઘરકામની ગુલામી કરવાને જન્મી નથી. તેની એ માન્યતા ભુલી થઇ; કિ

વિના ગૃહરાજ્યમાં અંધકાર વ્યાપે છે; સ્ત્રીઓની બેદરકારથી ગૃહરાજ્ય અસ્તવ્યસ્ત છે અને સ્ત્રીઓને લીધે ગૃહરાજ્ય અને પછી સંસારનું ચક્રવર્તી રાજ્ય સુખ શાંતિથી ચાલે છે." એમ તેને અનુભવથી સિદ્ધ થયું.

"આખી સૃષ્ટિનો પાયો એક ગૃહાશ્રમ છે, અને ગૃહાશ્રમનો પાયો સ્ત્રી છે અને સ્ત્રીનો પાયો સંસારિક કેળવણી અને નૈતિક તથા ધાર્મિક શિક્ષણ છે. એ તેને યથાર્થ સમજાયું.

પ્રકરણ ૧૬ મું.

"સુંદરી શણગાર"—ઉપસંહાર.

સરસ્વતીના હૃદયમાં ઉછળતી પ્રત્યેક ઉર્મી હજુ શાંત પડી નહતી. તે પોતાનું તથા પોતાના બેત્રણ સ્નેહિનું ભલું કરી શકી હતી પણ તેની હૃદયોર્મિ આખી સ્ત્રીજાતિને જ્ઞાન અને સુખથી રસબસ કરવા ઉછળી રહી હતી. પોતાની સંસારી બ્હેનોની કયે રસ્તે સેવા કરી શકાય એ વિચાર તેના અંતરમાં અહો-

નિશ ઘોળાયા કરતો હતો. હજુતો પોતે સંસારના પ્રથમ દ્વારમાં પ્રવેશ કર્યો છે એટલામાં સ્ત્રી જાતિની સેવાર્થે કોઇ મોટો આત્મ ભોગ આપવાનું તેનાથી બની શકે એમ નહતું; તેવો સમય આવવાને ઘણો કાળ હતો. આખરે તેને એક વિચાર સુઝ્યો અને તેણે સ્ત્રીઓને સાંસારિક કેળવણી માટે ધર્મનીતિ તથા સમાજ વિશે કંઇક જાણવાનું મળે તેમ તેઓને વાંચનનો શોખ વધે અને એથી તેઓ પોતાના અવકાશના સમયનો સદુપયોગ કરે, એવા વિચારથી તેણે એક માસિક પત્રિકા કાઢવાનો સંકલ્પ કર્યો.

એક વેળાએ નટવરલાલ સાથે કેટલીક સાધારણ અને સામાજીક વાતો કરતાં કરતાં સરસ્વતીએ પોતાનો વિચાર પોતાના પતિને વિદિત કર્યો.

"સ્ત્રીજાતિની સેવા કરવા મને એક માસિક પત્ર પ્રગટ કરવાનો વિચાર થાય છે."

"તું એતેજ એકલી કાઢશે કે બીજા કોઇની સહાય છે ?"

" સહાયની તો અવશ્ય જરૂર પડશે. "

" પણ તે માસિક ચાલશે કે કેમ ! તેના ગ્રાહકો કોણ થશે. "

' ગ્રાહકો થાય કે ન થાય તેની પરવા નથી. લવાજમ ઝાઝું રાખવું નથી અને બનતાં સુધી ખરચ જેટલા પૈસા મળે તો મફત મોકલી આપીશું.

" તારા આ ઉદાર વિચારને મારી સંમતિ છે. તારે જોઈએ એટલી મદદ હું આપીશ. ચહે તો શરૂઆતથીજ મફત વહેંચો સર્વ ખર્ચ હું જાતે આપીશ. પણ એટલું યાદ રાખજો કે માસિક મફત મળે એ ખરૂં પણ તેના લેખાદિના મુલ્યમાં ઉણપ આવવી ન જોઈએ.

" જે મુખ્ય ધ્યાન આપવા જોગ વાત છે તે એજ છે. દુનિયામાં બનતા પ્રત્યેક સંસારિક પ્રસંગો પર બારીક અવલોકન થવું જરૂરી છે. જે પાયા ઉપર આપણા સંસારનો આધાર છે, તે પાયો સુદૃઢ કરવા મારો આ પ્રયાસ છે. આથી હું એવું અભિમાન લેવા નથી માંગતી કે સર્વ રિવાજાદિ સુધરી

જશે અને સ્ત્રીઓ પોતાની ફરજો સમજતી થઇ જશે. પરંતુ આ એક નાના સરખા પ્રયત્નથી ગુજરાતી જાણનાર બેહનોમાં વાંચવાનો શોખ ઉત્પન્ન કરવાને ખાસ પ્રયત્ન કરીશું. કોઇપણ જાતની કેળવણી લેવા પહેલાં વાંચનની ઘણી જરૂરીયાત છે; જો વાંચવાનુંજ આળસ હોયતો પછી શીખાયે ક્યાંથી! તેથી સ્ત્રીઓ આનંદથી વાંચી શકે સમજી શકે, તેમના દરરોજના કામમા બોધદાયક નીવડે અને તેમને પોતાના મનને કંઇક કેળવવાને, બે ઘડી કંઇ વિચાર કરવાને મન થાય એવા લેખો વાર્તાઓ અને બીજાં પુસ્તક તથા અન્ય ભાષાનાં સાહિત્યમાંથી અવતરણ આ માસિકમાં પ્રકટ કરવાને વિચાર છે.

બાલ્યકાળથીજ છોકરીઓ સંસારના ઉત્તમ આચાર વિચારનું અનુકરણ કરતાં શીખે, સંસારમાં પોતાનું જીવન ગાળવાને ઉત્સાહી બને અને પ્રત્યેક પ્રકારની કેળવણી લેવાને જીજ્ઞાસુ રહે. કુદરતના નિયમોનું અવલોકન કરી, કુદરતનાં કાર્યો નીરખી, તેને આશ્ચિ-

ન રહી પોતાનાં ભાવિ સંસારનું લક્ષ્યબિંદુ ઠરાવે; ગૃહિણી શાને પોતાના પતિનો પ્રેમ સંપાદન કરી શકે, પતિને પોતાનો સ્નેહ ચખાડે, સંસારમાં આનંદથી રહે, પોતાના વડીલ જનો સાથે યોગ્ય રીતે વર્તે અને તેમની જોડે મર્યાદામાં સેવક થઇને રહે; પોતાના પુત્રાદિની યોગ્ય માવજત લે, તેમને યોગ્ય શિક્ષણ આપે; ઘરનું, સર્વ સંબંધીઓનું, પતિનું, સંતતિનું અને પોતાની જાતનું શ્રેય ઇચ્છે અને તેમ કરવાને પોતાથી બનતું કરે; ખાવા પીવામાં; સંસારિક રૂઢી રિવાજોમાં ન્યાય પુરઃસર અને વિવેકથી વ્યવહાર ચલાવે, ઘરની સર્વ વ્યવસ્થા સાંગોપાંગ કરી જાણે, પોતાની દુઃખી બેનોને યથાશક્તિ સહાય કરે, નવરાશની વખતે કંઇ નવું નવું સાહિત્ય, નાના નાના હુન્નર ઉદ્યોગ, ભરત, ગુંથણ, સંગીતાદિ શાખે વિગેરે વિગેરે પોતાની આત્મિક, માનસિક અને વ્યવહારિક ઉન્નતિ અર્થે તેઓ પ્રયત્નશીલ રહે એવી હું અભિલાષા રાખું છું અને તેમ કરવાને તેમને પ્રતિભાસ સુચન કરવાનોજ મારા બાળકનો ઉદ્દેશ છે,

" અહો ! તારા વિચાર ઘણા ઉત્તમ છે. એ પ્રમાણે ચલાવીશ તો જરૂર ફતેહ મળશે. તારૂ એ નું તંત્રી પદ તુ સ્વીકારશેને ? અને એમાં સ્ત્રીઓનાજ લેખ લેશો કે પુરૂષના પણ લેવાનો વિચાર રાખ્યો છે. "

" હમણાં હમણાં, સ્ત્રીઓના લાભને ખાતર પુરૂષ વર્ગ લખે છે અને મહેનત કરે છે તેથી પુરૂષના પણ લેખો લેવા વિચાર કર્યો છે સરસ્વતીએ નટવરલાલના પ્રશ્નનો ઉત્તર તેના પ્રશ્નના ભાવ પ્રમાણેજ આપ્યો અને જરાક હસી.

આમ દંપતિ વાતો કરતાં હતાં એટલામાં કાન્તા તથા રમણિકલાલ સરસ્વતી તથા નટવરલાલને મળવા આવ્યાં.

સરસ્વતીએ કાન્તાને પણ એ માસિક વિશેની વાત કરી અને કાન્તા એ વાત સાંભળી અતિ આનંદ પામી.

" બેન, તમારા આ કામમાં, હું આનંદ અને

ઉત્સાહથી મદદ કરીશ, મને પણ એમ ઘણી વખત થયાં લાગતું હતું કે આવા એક માસિકની જરૂર છે. મને ઘણી વાર બહારના પત્રોમાં કંઇ કંઇ લખવાનું મન થતું હતું અને મેં કેટલાક લેખ લખ્યા પણ છે પણ શરમને લીધે છાપવા મોકલ્યા નથી. હજુ સુધી આપણા દેશમાં સ્ત્રીના તંત્રીપદનીચે સ્ત્રીના હિતનીજ ચર્ચા કરતું એકાદ પત્ર ભાગ્યેજ હોય; અને તેથી આ યોજના અતિ આવકારદાયક થઇ પડયા વગર રહેશે નહિ.

"બેન, તારી મદદની મને ખાસ જરૂર છે. મારા કરતાં તારૂં વાંચન બહોળું છે તેમ કેટલાક વિચારો આપણે પશ્ચિમના વિદ્વાનો પાસેથી લેવાના છે તે વિચારો તારે અંગ્રેજી ઉપરથી ભાષાંતર કરીને જણાવવાના છે."

"એ કામ હું જરૂર કરીશ. આપણી રીતિ સમાજને અનુકુળ, પશ્ચિમના વિચારો હું જણાવીશ અને સાથે સાથે અંગ્રેજી લખાણ પણ આપીશ કે જેથી-બાઇઓને એ રાજભાષા શીખવાનું મન થાય. આ.

પણી બહેનોને સંગીન કેળવણીની બહુ જરૂર છે સ્ત્રી એક વિશાળ ખાણ છે. જ્ઞાનના પ્રકાશે તેમાંથી અમુલ્ય રત્નો મેળવી શકાય છે અને જ્ઞાનના અભાવે આપણા નસીબમાં ફાળા કોલસાજ હાથ આવશે. સ્ત્રી જાતિને એક મણિધરની ઉપમા બરોબર લાગુ પડશે. જો તેને બરાબર પળાય અને કેળવાય તો તે સંસારને મણિ આપશે નહિતો તેના ઝેરી ફુંફાડાથી સંસારિક વ્યવસ્થાનું ઉચ્છેદન કરી નાંખશે. સ્ત્રીને લક્ષ્મીની જે ઉપમા આપી છે તે યથાર્થ છે. લક્ષ્મીનો સદુપયોગ થાય તો તે સુખરૂપ છે. લક્ષ્મીને કેળવતાં, વાપરતાં આવડે તો માણુશને કરોડાધિપતિ બનાવશે પણ તેનો દુરૂપયોગ થયો તો જરૂર તે માણુસને માથે અપકીર્તિની કાળી લીટી લગાડશે, તેને ભીખ માગતો કરશે, તેમજ સ્ત્રી જાતિ માટે છે તો સ્ત્રી જાતિને રત્નની ખાણુ બનાવવી, એ લક્ષ્મી દેવીનું યથાર્થ પુજન કરવા સમાજને સમજાવવી એ સર્વની ફરજ છે.”

“ સરસ્વતીબેન, એ માસિકનું નામ શું

આપશો ? ” રમણિકલાલે પ્રશ્ન કર્યો.

“ મારો વિચાર તો “ સુંદરી શણગાર ” નામ આપવાનો છે; પણ તમારી નજરમાં કોઇ બીજું સારૂં અર્થસૂચક નામ હોય તો તે આપીશ. ”

“ ના, ના, આજનામ સારૂં, મનગમતું અને અર્થસૂચક પણ છે. ” કાન્તાએ અનુમોદન આપ્યું.

“ સુંદરી શણગાર–!–એ નામ તો જરૂર મારી-પાસેથી ચોરી લીધું છે ” નટવરલાલે આશ્ચર્યથી પૂછ્યું.

“ અરે ! નામ તે વળી કેવીરીતે ચોરી શકાય. આમ મશ્કરી શું કરો છો, ! ” સરસ્વતી હસી.

“ વ્હાલી, ” સુંદરીનો સાચો શણગાર “ એ નામ નીચે એક કવિતા લખી છે તે ઉપરથી આ નામ રાખ્યુ હોવું જોઇએ.

“ પ્રિય ! મેં તમારી કવિતા વાંચી નથી એટલે તમે કહો તેમ બન્યુ નથી પણ જ્યાં આપણા હૃદય ભિન્ન ભિન્ન શરીરમાં છે છતાં એકરૂપ છે તો આપણા

હૃદયમાં એક વિચાર ઉત્પન્ન થાય તો તે આશ્ચર્યકારક નથી.

કલાપિએ યથાર્થજ કહ્યું છે કેઃ—

જે જે પિંજરની સળી, હૃદયમાં ત્યાં છે
વડાઇ રહી,
તે તે પિંજરની સળી, હૃદયમાં આંહી
ઘડાતી બની.

કૃપા કરીને મને તે કવિતા બતાવશો."

"તે કવિતા અત્યારે તું અહીં ગાવાનું અને પછી તારા માસિકમાં પ્રગટ કરવાનું વચન આપતી હોય તો બતાવું." નટવરલાલે હસતાં હસતાં જવાબ આપ્યો અને પોતાની ટેબલમાંથી એક ચોપડી કાઢી.

"જરૂર, તમારી કવિતા હું ગાઇશ અને પ્રગટ કરીશ." નટવરલાલે તે ચોપડી ખોલી અને તે કવિતા સરસ્વતીને બતાવી. સરસ્વતીએ તે વાંચી અને આનંદથી કહ્યું—"લો, હવે હું ગાઉં—"

સરસ્વતીએ ઉઠીને સિતાર આણી અને તેના તાર મેળવીને શાંત અને મધુર સ્વરે ગાવા માંડ્યું:—

" વ્હાનેરે—પહેરોને સાચો શણગાર—(૨) ટેક.

જે શણગારથી પ્રભુ પ્રાપ્ય છે,
સૌનો જે પ્રાણાધાર;
જેના ભૂષણમાં નહિ કંઇ દૂષણ,
કરો તેનાથી પ્યાર;— ૧

સાચો શણગાર તો છે વિદ્યા,
લુંટે ન જેને ચોર ચકાર.
નહિ તૂટે વળી નહિ ખૂટે જે,
જેનો લાગે નહિ કંઇ ભાર.— ૨

'સૌજન્ય' સુરમો આંખે આંજો,
'ચતુરાઇ' ચંદ્રિકા તમ ભાલ;
વીંટી 'વિવેક' ની છે અંગૂલીએ,
સમજો તે કિમતદાર— ૩

'ધર્મ કર્મ' બે કુંડલ કાને,
'ભક્તિજ્ઞાન' બે કંકણ હાથ:

'દયા ઉપકાર' બે ઝાંઝર ધારો,
'કીર્તિ' ઝાંઝરનો ઝણકાર.— ૪

'પતીપ્રેમ' ની પહેરો માળા.
'સેવાધર્મ' સમજો હાર;
'નમ્રવાણી' નથ એક નાકે,
'પતિઆજ્ઞા' શિર શણગાર.— ૫

સાડી 'શિયળ' કેરી પહેરો,
ચોળી 'સત્ય' નિરધાર;
બન્ધુ તમારો આશીષ દે છે,
પાર ઉતરો આ સંસાર.— ૬

" નટવરલાલ, આ કવિતા તો ઘણી ઉત્તમ છે "સુંદરી શણગાર"ના પ્રથમ અંકમાંજ મુકવા યોગ્ય છે. એ કવિતાથી માસિકના નામ અને ઉદ્દેશ વિશે પણ વિવેચન કરવાની જરૂર રહેશે નહિ. " કાન્તા એ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

" બેન, કાન્તા આતો આપણા પ્રયત્નની ફતેહ ના ચિન્હ રૂપ છે.

“ ત્યારે હવે પ્રથમઅંક ક્યારે કાઢશો ” ? રમણિકે પુછ્યું.

“ ઘણા લેખો તૈયાર રાખ્યા છે, અને સર્વ સાધનોની અનુકૂળતાએ પ્રગટ કરીશ. ”

“ માસિક પ્રગટ થાય તે અગાઉ તમારે એની જાહેર ખબર આપવી જોઇએ અને હેન્ડબીલો છપાવવા તથા વર્તમાન પત્રોમાં એની જાહેર ખબર આપવા તમે કહો તો હું માથે લઉં ” રમણિકલાલે પોતાની સલાહ આપવા જણાવ્યું.

“ આપને એમ કરવું વ્યાજબી લાગે તો તેમ કરો. ” કેટલોક વખત સુધી આ બેઉ દંપતિયુગલ સામાન્ય વાતચીત કરી ચા, પાણી લઇને ઉઠયાં.

થોડાજ દિવસમાં માસિકની સર્વ વ્યવસ્થા થઇ ગઇ અને સરસ્વતીના તંત્રીપદ નીચે “ સુંદરીશણગાર નો પ્રથમઅંક બહાર પડયો. એક સંસારિણીનાં તંત્રીપદ નીચે નીકળતાં આ માસિક પ્રતિ લોકોનું ધ્યાન ખુબ ખેંચાયું અને પત્રકાર એક સ્ત્રી હોવાથી

કેટલાક જુના વિચારના માણસો જેઓ સ્ત્રીઓને કેળવણી આપવાની આનાકાની કરતા હતા તેઓને પણ આ માસિકપત્ર ખરીદવાની અને પોતાની સ્ત્રી પુત્રીને વંચાવવાની જીજ્ઞાસા થઇ. ટુંક સમયમાં સાધારણ તેમજ મોટા ગૃહસ્થોને ઘેરે ઘેર સુંદરીશણુગાર ને સ્થાન મળવા લાગ્યું આર્ય સ્ત્રી સમાજ તથા મહિલા મંડળની સર્વ સ્ત્રી સભાસદો એની ગ્રાહક બની હીંદુ ઉપરાત પારસી મુસલમાન સ્ત્રીઓએ પણ એને મદદ આપી. કેટલાક શ્રીમંત ગૃહસ્થ તથા સ્ત્રી તરફથી ગરીબ વર્ગમાં મફત પહોંચવાને, લવાજમ ઉપરાંત પૈસા મોકલવા લાગ્યાં આનો લાભ સરસ્વતીએ ગરીબ લોકોને આપ્યો. કન્યાશાળાઓમાં કેટલીક પ્રતો મફત મોકલવા માંડી. વખત જતાં ઘણી વિદુષી સ્ત્રી અને વિદ્વાન પુરુષો તરફથી પણ લેખાદિ મળવા લાગ્યાં અને સુંદરી શણુગારની મહતા વધી અને એથી સરસ્વતી તથા કાન્તા અને સાથે સાથે તેમના સહવાસમાં રહેતી નર્મદાને પણ મોટાં કુટુંબો જોડે ઓળખાણ થઈ અને બાહાર સર્વ જગાએ એ સ્ત્રી પત્રકારોનું સારૂં માન જળવાતું.

સરસ્વતી તથા કાન્તા પણ પોતાની આ ન ધારેલી ફતેહથી વધુ અને વધુ ઉત્સાહમાં આવ્યાં અને સ્ત્રી જાતિના હિતને માટે વધુ વધુ પ્રયત્ન કરવા માંડયો.

એ તો તેમનો પુર્વનોજ નિશ્ચય હતો કે, ખર્ચ જતાં બાકીના પૈસા, સ્ત્રી લાભાર્થે કોઇ સંસ્થા ખોલવી. હવે તેમની પાસે ઠીક ભંડોલ થવાથી તેમણે એક નાની સરખી શાળા સ્થાપી જેમાં બાળા તથા ગૃહિણીઓને સંસારિક કેળવણી તથા ઘર ઉપયોગી હુન્નરકળા શીખવવાનું રાખ્યું અને વિધવા વીગેરેને, માંદાની માવજત કરતાં (Nursing) તથા બીજું સ્ત્રી તથા બાળકોના રોગની ચિકિત્સા તથા વૈદુ શીખાવવાનું અને તે ઉપરાંત પોતાનું સ્વતંત્ર ગુજરાન કરી શકે એવું—હુન્નરકળા—ભરત ગુંથણ દીનું શીક્ષણ આપવાનું ઠરાવ્યું. એ બેઉ સખીઓનાં નામો જગ જાહેર થઈ ગયેલાં હોવાથી તેમની નાની સરખી “ સ્ત્રી શાળા ” નો લાભ ધીમે ધીમે ઘણી બાળા યુવતીઓ અને વિધવાઓ લેવા લાગી. જેમ જેમ આ સંસ્થા વધુ જાહેરમાં આવી અને સારૂં કામ કરવા

લાગી તેમ તેમ તેને ઘણી સારી મદદ મળતી ગઈ અને તે વડે તે મોટું રૂપ લેતી ચાલી.

આવી રીતે પોતાની બ્હેનોના લાભમાં પારમાર્થિક-જીવન ગાળતી, સંસારની પોતાની સર્વ ફરજો અદા કરતી, સંસારનો સ્વાદ ચાખતી અને સર્વને ચખાડતી, પતીના પ્રેમરૂપ સુખાન વડે, વીદ્યાના વાવટા સાથે, સમભાવ અને સ્નેહના સઢની સહાયથી, ઇશ્વર શ્રદ્ધા રૂપ ધ્રુવ તારાના આધારે, સંસાર સમુદ્ર પર તેમની જીવનનૌકા આનંદ પૂર્વક ચાલતી હતી.

સંપૂર્ણ.

પ્રસિદ્ધ કર્તા, લેખક મી. મણિલાલ પ્રાગજી કે જેઓએ મુંબઇ ગુજરાતી માટે આ વાર્તા ભેટ દાખલ આપેલી છે તેનો ઉપકાર માને છે.

વેચવાનાં પુસ્તકો.

મુંબઇમાં ગણુ તરૂણી નામનું
મણીલાલ મગળ દેશાઇને
મળશે.

ઠે. મોરારજી ગોકળદાસ ચાલ નં. ૨-૨
ખેતવાડી મુંબઇ નં. ૪